૨૦૪ વર્ષ

દૈનિક
મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 284 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૨ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

વિપક્ષો ડ્રામા નહીં, કામ કરેઃ મોદી

સંસદને ચૂંટણીમાં પરાજયની હતાશા વ્યક્ત કરવાનું સ્થળ બનાવવાને બદલે કામ કરવાની વિરોધ પક્ષોને પીએમની સલાહ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષો પર જોરદાર પ્રહારો કરતા કહ્યું હતું કે સંસદ એ ડ્રામા નહીં ડિલિવરી માટેનું સ્થળ છે અને તેમણે વિરોધ પક્ષો પર ગૃહને ચૂંટણી માટેના ‘વોર્મ અપ મેદાન’ અથવા તો ચૂંટણી પછી હતાશા કાઢવાના માધ્યમમાં ફેરવી દીધું છે.

સંસદના શિયાળુ સત્ર પહેલાં સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતાં મોદીએ કહ્યું હતું કે આ સત્ર રાજકીય નાટકનો મંચ ન બનવો જોઈએ, પરંતુ સંસદમાં સકારાત્મક અને પરિણામલક્ષી ચર્ચા થવી જોઈએ. મોદીએ રાજકારણમાં સકારાત્મકતા લાવવાની ટિપ્સ આપવાની ઑફર કરી હતી. સંસદ ખોરવી નાખવા માટે વિરોધ પક્ષની આલોચના કરતા કહ્યું હતું કે આપણે જવાબદારીથી કામ કરવું જોઈએ આ નાટક કરવા માટેનું નહી પરંતુ કામ કરવાનું સ્થળ છે.

બિહારમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષાના વિરોધ પક્ષના વિરોધમાં સંસદનું આખું ચોમાસું સત્ર ધોવાઈ ગયું હતું. વિરોધ પક્ષો હવે સસંદનું શિયાળુ સત્ર નવ રાજ્ય અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશમાં આવી જ સમીક્ષાની કવાયતના વિરોધમાં ખોરવી નાખવાની ધમકી વિપક્ષોએ આપી છે. જો આ બાબતની ચર્ચા સંસદમાં નહીં થાય તો વિરોધ પક્ષ સંસદ ચાલવા ન દેવા મક્કમ છે. મોદીએ કહ્યું હતું કે પરાજય એ સંસદમાં વિક્ષેપ કરવાનું કારણ ન હોઈ શકે. વિજયને પણ ઉદ્ધતાઈમાં ન ફેરવવો જોઈએ. મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો દસ વર્ષની જે રમત રમે છે એને લોકોએ સ્વીકારી નથી. (એજન્સી)

લૅબેનોનના હવાઈદળના બે યુદ્ધવિમાન રવિવારે પૉપ લીઓ ૧૪માના વિમાનને સુરક્ષિત રીતે લૅબેનોનના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ સુધી લઈ ગયા હતા. (એજન્સી)

ફ્લાઈટ સલામત નથી...

મુંબઈ સહિતનાં દેશનાં ઍરપોર્ટ્સની પાસે ફ્લાઈટના જીપીએસ ડેટા સાથે છેડછાડ

નવી દિલ્હીઃ દિલ્હી-મુંબઈ સહિત અનેક ઍરપોર્ટની પાસે ફ્લાઈટના જીપીએસ ડેટા સાથે છેડછાડ કરવામાં આવી રહી હોવાની માહિતી સરકારે સંસદમાં આપી હતી.

દિલ્હી, કોલકાતા, મુંબઈ, હૈદરાબાદ, બેંગલૂરુ, અમૃતસર અને ચેન્નઈ સહિતના દેશના અનેક મોટા ઍરપોર્ટ પરથી ઉડાન ભરી રહેલા વિમાનમાં જીપીએસ સ્પૂફિંગ અને જીએનએસએસ ઈન્ટરફેસની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે.

આ એ જ સમસ્યા છે જેમાં સેટેલાઈટ આધારિત નેવિગેશન સિસ્ટમમાં ખામી સર્જાય છે અને તેની અસર વિમાનના સંચાલન પર પડે છે.

નવેમ્બર ૨૦૨૩માં ડીજીસીએએ તમામ ઍરલાઈન્સને આ પ્રકારની ઘટનાઓ અંગે ફરજિયાત જાણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યાર બાદ દેશભરમાંથી આ પ્રકારની ઘટનાઓની સતત જાણકારી મળી રહી છે.

નાગરિકી ઉડ્ડયન ખાતાના પ્રધાન રામમોહન નાયડુએ કહ્યું હતું કે જ્યારે પણ સેટેલાઈટ નેવિગેશનમાં સમસ્યા સર્જાય છે તે સમયે દેશમાં ઉપલબ્ધ ન્યૂનતમ ઑપરેટિંગ નેટવર્ક (જે જમીન આધારિત નેવિગેશન અને સર્વેલન્સ સિસ્ટમ પર ચાલે છે) ફ્લાઈટનું સુરક્ષિત સંચાલન કરવા સક્ષમ હોય છે.

દેશભરના ડિજિટલ અરેસ્ટના કેસની એકસાથે તપાસઃ સુપ્રીમ

સીબીઆઈ મંજૂરી આપવા રાજ્યોને કહ્યુંઃ અપરાધીઓનાં બૅન્ક ખાતાં થીજાવી દેવા એઆઈના ઉપયોગનું સૂચન

નવી દિલ્હીઃ ડિજિટલ અરેસ્ટ કૌભાંડ કેસને મામલે દેશભરમાં એક જ તપાસ યોજવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે સીબીઆઈને જણાવ્યું હતું અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાને સવાલ કર્યો હતો કે કૌભાંડીઓને શોધી કાઢવા તેમ જ સાયબર ગુનેગારોના બૅન્ક ખાતા ફ્રિઝ કરવા શા માટે તમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ નથી કરતા.

ડિજિટલ અરેસ્ટ સાયબર ક્રાઈમનું વધુ વ્યાપક બની રહેલું સ્વરૂપ છે, જેમાં ગુનેગારો કાયદા, કોર્ટ કે સરકારી અધિકારીઓનો સ્વાંગ રચી ઑડિયો અથવા વીડિયો કૉલ મારફતે લોકોને ડરાવી-ધમકાવી તેમની સાથે છેતરપિંડી કરે છે.

સાયબર ગુનેગારો વ્યક્તિને બાનમાં રાખી રૂપિયાની ચુકવણી કરવા તેની પર દબાણ આણે છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે વિપક્ષ શાસિત પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કર્ણાટક અને તેલંગણા સહિત દેશના તમામ રાજ્યને તેમના અધિકાર ક્ષેત્રમાં નોંધાયેલા ડિજિટલ અરેસ્ટના કેસને મામલે તપાસ યોજવાની પરવાનગી આપવા જણાવ્યું હતું. ખંડપીઠે આરબીઆઈને નોટિસ પાઠવી સાયબર ફ્રોડ માટે ઉપયોગમાં લેવાતા બૅન્ક ખાતાને ફ્રિઝ કરવા સંબંધિત મશીન લર્નિંગ ટૅક્નોલૉજી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ શા માટે કરવામાં ન આવી રહ્યો હોવા અંગે પ્રતિક્રિયા આપવા જણાવ્યું હતું.

ખંડપીઠે એ બાબતની પણ નોંધ લીધી હતી કે સાયબર ગુનેગારો મોટાભાગે વરિષ્ઠ નાગરિકોને લક્ષ્ય બનાવી તેમની મહેનતની કમાણી પડાવી લે છે. ખંડપીઠે સાયબર ગુનાની તપાસને મામલે ઈન્ટરપોલની મદદ લેવાનો પણ સીબીઆઈને આદેશ આપ્યો હતો.

ટેલિકોમ કંપનીઓ વપરાશકર્તાને એક કરતા વધુ સિમકાર્ડ ન પૂરા પાડે એ ખાતરી કરવા જણાવવાનું પણ ખંડપીઠે ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ (ડૉટ)ને કહ્યું હતું. ઑનલાઈન ગુનાઓ સાથે કામ પાર પાડવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના પ્રદેશમાં સાયબર ક્રાઈમ કોર્ડિનેશન સેન્ટર સ્થાપવાનું પણ ખંડપીઠે જણાવ્યું હતું.

ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાને સાયબર ક્રાઈમ કેસને મામલે ગૃહ, નાણાં, ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી અને વિવિધ કેન્દ્રિય વિભાગો સહિત ડૉટ પાસેથી આ મામલે અભિપ્રાય લેવાની ખાતરી કરવાનું જણાવ્યું હતું. (એજન્સી)

ક્રિપ્ટોકરન્સીમાં કડાકાઃ બિટકોઈન ૮૫,૦૦૦ ડોલરની નીચે

મુંબઇઃ વ્યાપક વેચવાલીના દબાણ હેઠળ સોમવારે ન્યૂ યોર્ક ખાતે બિટકોઇન સાત ટકાના ઘટાડા સાથે ૮૫,૦૦૦ ડોલરની નીચે ગબડી ગયો હતો, જ્યારે એથર સાત ટકાના ઘટાડા સાથે ૨૮૦૦ ડોલરની સપાટીએ પહોંચ્યો હતો.

બ્લુમબર્ગના ડેટા અનુસાર મોટાભાગની ક્રિપ્ટોકરન્સીમાં આ જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો, જેમાં સોલાનામાં ૮.૪ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

ઓક્ટોબરની શરૂઆતમાં બિટકોઇને ૧૨૬૨૫૧ની ઓલટાઇમ હાઇ સપાટી નોંધાવી એના એક જ જિવસ બાદ ક્રિપ્ટો માર્કેટમાં ૧૯ અબજ ડોલરનું ધોવાણ જોવા મળ્યું હતું અને સપ્તાહભરની વેચવાલી બાધ ક્રિપ્ટો માર્કેટ હબબલી ગયું છે. ઓરિજીનલ ક્રિપ્ટોકરન્સીના મૂલ્યમાં નવેમ્બરમાં ૧૬.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ગયા અઠવાડિયે વેચવાલીનું દબાણ હળવું થતાં તે ફરીથી ૯૦,૦૦૦ ડોલરની ઉપર પહોંચ્યો હતો. સોમવારના વેચવાલીના નવા રાઉન્ડ બાદ ટ્રેડર્સ વધુ મોટા ઘટાડા માટે તૈયારી કરી રહ્યાં છે.

ઑપરેશન સાગર બંધુઃ શ્રીલંકામાં વાવાઝોડાએ વેરેલા વિનાશ બાદ હાથ ધરવામાં આવેલા ઑપરેશન સાગર બંધુના ભાગરૂપ આઈએનએસ સુકન્યામાંથી ઉતારવામાં આવી રહેલી રાહતસામગ્રી. (એજન્સી)

ચાંદી ૧૦,૮૨૧ રૂપિયા વધી ૧.૭૫ લાખને પાર

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા અને ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલના અનુગામી કેવિન હેઝૅટ હળવી નાણાનીતિની તરફેણ કરે તેવી શક્યતાએ આજે ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની નીચે ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભમાં હાજરમાં સોનાના ભાવ ૦.૬ ટકા ઉછળીને છ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૨.૨ ટકા ઉછળીને નવી ટોચે ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦,૮૨૧ના ઝડપી ઉછાળા સાથે રૂ. ૧.૭૫ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦૦થી ૨૨૦૯નો ચમકારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦,૮૨૧ની તેજી સાથે રૂ. ૧,૭૫,૧૮૦ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, આજે જોવા મળેલી આગઝરતી તેજીમાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦૦ વધીને રૂ. ૧,૨૮,૨૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૦૯ વધીને રૂ. ૧,૨૮,૮૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઝડપી તેજીનું વલણ રહેતાં આજે જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની લગ્નસરાની માગ પણ છૂટીછવાઈ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બંગાળમાં મોટી સંખ્યામાં વૉટરોનાં નામની બાદબાકી કરાયાનો સુપ્રીમ કોર્ટમાં આક્ષેપ

નવી દિલ્હી : ભારતના ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે પશ્ચિમ બંગાળના હાલમાં ચાલી રહેલી મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા દરમિયાન મતદારોનાં નામોની વ્યાપક બાદબાકી થઈ રહી છે એવા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને આ આક્ષેપો ‘વ્યાપક રાજકીય હિતો’ને આગળ વધારવા માટે કરવામાં આવ્યા છે. સંસદસભ્ય ડોલા સેને ૨૪ જૂન અને ૨૭ ઑક્ટોબર ૨૦૨૫એ બહાર પાડેલા સમીક્ષાના હુકમોને પડકારતી જાહેરહિત અરજી કરી હતી.

પંચે કહ્યું હતું કે આ સમીક્ષા સામાન્ય અને બંધારણીય પ્રક્રિયા છે અને મતદારયાદીની ચોકસાઈ જાળવવા આ પ્રક્રિયા કરવામાં આવી છે.

પંચે દલીલ કરી હતી કે કલમ ૩૨૪ અને લોકપ્રતિનિધિ કાયદો-૧૯૫૦ની ૧૫,૨૧ અને ૨૩ કલમ હેઠળ આ કવાયત કરવાની અમને સત્તા છે. આમાં જરૂર પડે તો ખાસ સમીક્ષાની પણ છૂટ છે. સોગંદનામામાં કહેવામાં આવ્યું હતું કે આવી રાષ્ટ્રવ્યાપી સમીક્ષા ૧૯૫૦ના દાયકા પછી ૧૯૬૨-૬૬, ૧૯૮૩-૮૭, ૧૯૯૨, ૧૯૯૩, ૨૦૦૨ અને ૨૦૦૪માં કરાઈ હતી.

ઝડપી ઔદ્યોગિકરણ અને મતદારના સ્થળાંતરને લીધે ડુપ્લિકેટ અને ખોટી એન્ટ્રિની સંભાવના વધી છે. ઓચિંતા અને રાજકીય પક્ષોની ફરિયાદને લીધે આખા ભારતમાં આ પ્રકારની સમીક્ષા હાથ ધરાઈ છે. પંચે મતદારયાદીમાં વ્યાપક વધારો અને બાદબાકીને સામાન્ય ટ્રેન્ડ ગણાવ્યો હતો અને આની સમયાંતરે તપાસ થવી જ જોઈએ.

ફોર્મમાં મતદાતાને પૂરી સહી કે અંગૂઠાની છાપ દેવાની હોય છે અને આમાં યોગ્ય પ્રમાણભૂતતા પર ભાર દેવામાં આવે છે. ડોલા સેનની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખાસ સઘન સમીક્ષા આડેધડ, ગેરબંધારણીય છે અને આમાં સાચા મતદાતાનાં નામો કપાઈ જવાનો ભય છે. જોકે ચૂંટણી પંચે આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા.

વાવાઝોડુંઃ ચેન્નઈમાં વાવાઝોડાં ‘દિતવાહ’ને પગલે સોમવારે પાણીમાં ફસાયેલા વાહન પાસેથી પસાર થઈ રહેલી વ્યક્તિ. (એજન્સી)

બાંગ્લાદેશની કોર્ટે શેખ હસીનાને પાંચ વર્ષની અને ભત્રીજીને બે વર્ષની જેલની સજા ફટકારી

ઢાકાઃ બાંગ્લાદેશની એક કોર્ટે સોમવારે જમીન કૌભાંડ કેસમાં પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાને પાંચ વર્ષની જેલની સજા અને તેમની ભત્રીજી, બ્રિટિશ સંસદસભ્ય ટ્યૂલિપ સિદ્દીકને બે વર્ષની જેલની સજા ફટકારી છે.

સરકારી બીએસએસ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ઢાકાની સ્પેશિયલ જજ કોર્ટ-૪ના ન્યાયાધીશ મોહંમદ રબીઉલ આલમે ૧૭ લોકો સામે દાખલ ભ્રષ્ટાચારના કેસમાં હસીનાની બહેન શેખ રેહાનાને પણ સાત વર્ષની જેલની સજા ફટકારી છે.

કોર્ટે ત્રણ આરોપીની ગેરહાજરીમાં ભરચક કોર્ટરૂમમાં ચુકાદો આપ્યો હતો.

અન્ય ૧૪ આરોપીને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

કોર્ટે હસીના, રેહાના અને સિદ્દીક સહિત તમામ ૧૭ દોષિતને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે, જો તેઓ દંડ ન ભરે તો તેમને વધારાની છ મહિનાની જેલની સજા ભોગવવી પડશે.

બ્રિટિશ-બાંગ્લાદેશી લેબર પાર્ટીના રાજકારણી સિદ્દીક, રેહાનાની પુત્રી છે અને ૨૦૧૫થી હેમ્પસ્ટેડ અને હાઇગેટ માટે સંસદ સભ્ય છે.

હસીનાના વડા પ્રધાનપદ દરમિયાન ભ્રષ્ટાચારની તપાસના ભાગરૂપે, એપ્રિલમાં વચગાળાની સરકારે ૪૩ વર્ષીય સિદ્દીક માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

મદરેસાઓમાં નફરતના પાઠ ભણાવાય તો દેશ સામે મોટો ખતરો

જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીના નિવેદનના પગલે જિહાદ અંગે ચર્ચા છેડાયેલી છે ત્યારે મદનીને જવાબ આપવા બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન મેદાનમાં આવતાં આખી ચર્ચા રસપ્રદ બની ગઈ છે. મદનીએ જિહાદને પવિત્ર શબ્દ ગણાવીને કહેલું કે, જિહાદનો અર્થ ધર્મયુદ્ધ થાય છે પણ લવ જિહાદ, થૂક જિહાદ, જમીન જિહાદ જેવા શબ્દોનો પ્રયોગ કરીને આ પવિત્ર શબ્દોને બદનામ કરાઈ રહ્યા છે. ઈસ્લામ અને મુસ્લિમોના દુશ્મનો જિહાદ જેવા ઈસ્લામના પવિત્ર વિચારોને હિંસા, દુરૂપયોગ, ગરબડ વગેરે સાથે જોડીને આ શબ્દોની પવિત્રતા ખતમ કરવા કરી રહ્યા છે. મદની આડકતરી રીતે મીડિયા અને હિંદુવાદીઓ જિહાદ શબ્દને વિકૃત રીતે રજૂ કરી રહ્યા છે એવું સ્થાપિત કરવા મથી રહ્યા છે એ સ્પષ્ટ છે.

થોડા સમય પહેલાં હજારો કિલો વિસ્ફોટકો સાથે ચાર મુસ્લિમ ડોક્ટરો પકડાયા તેના કારણે ભણેલાગણેલા લોકો આતંકવાદ તરફ કેમ વળી રહ્યા છે એ મુદ્દો ચર્ચામાં છે જ ત્યાં મદનીએ આ નિવેદન દ્વારા આડકતરી રીતે આતંકવાદને સમર્થન આપી દીધું હતું કેમ કે મદનીએ દાવો કરેલો કે, જુલ્મ હશે ત્યાં જિહાદ થશે જ. મદનીએ સીધા શબ્દોમાં ના કહ્યું પણ તેમના કહેવાનો અર્થ એ જ છે કે, ભારતમાં મુસ્લિમો પર જુલ્મ થઈ રહ્યા છે તેથી મુસ્લિમો આતંકવાદ ભણી વળી રહ્યા છે.

આરિફ મોહમ્મદ ખાને મદનીને જવાબ આપતાં કહ્યું છે કે, ગરીબ પર થતા અત્યાચાર કે ઉત્પીડન સામે અવાજ ઉઠાવવો જિહાદ છે તેમાં બેમત નથી પણ મદનીના ચેલકા એવા કટ્ટરવાદી મુસ્લિમો મુસ્લિમ બાળકોને જિહાદની જે પરિભાષા શીખવી રહ્યા છે તેને ઈસ્લામ સાથે કંઈ લેવાદેવા નથી. ખાને દેવબંદમાં ભણાવાતાં કેટલાંક પુસ્તકોનો હવાલો આપીને કહ્યું છે કે, આ કટ્ટરવાદીઓનાં પુસ્તકોમાં લખેલું છે કે, કોઈ વ્યક્તિ ઈસ્લામને ના માનતો હોય તો તેની સામે લડવું એ જિહાદ છે. મતલબ કે, મુસલમાનોએ દુનિયાભરના તમામ બિન-મુસ્લિમો સામે લડવું જોઈએ. ખાને એમ પણ કહ્યું છે કે, જિહાદનો મતલબ માનવતાનું રક્ષણ છે અને કુરાન બળજબરીથી ધર્માંતરણની તરફેણ નથી કરતો પણ દેવબંદ સહિતની કટ્ટરવાદી સંસ્થાઓ બળજબરીથી ધર્માંતરણની તરફેણ કરે છે.

ખાને બીજી પણ ઘણી વાતો કરી છે ને બધી વાતો માંડવાનો અર્થ નથી પણ તેમણે મદની સહિતના મુસ્લિમ કટ્ટરવાદીઓનો અસલી ચહેરો લોકો સામે ખુલ્લો કરી દીધો છે. ઈસ્લામના આ બની બેઠેલા ઠેકેદારો ઈસ્લામના સિદ્ધાંતોના નામે લોકોને સાવ ઊંધા પાટે ચડાવે છે એ વાત નવી નથી. ખાન સાહેબે પણ એ જ વાત કરી છે પણ તેમની વાતનું વજન એ રીતે વધારે પડે કે, એ પોતે મુસ્લિમ છે અને ઈસ્લામના જાણકાર છે. મદની સહિતના લોકો કુરાન, હદીસ, શરિયત વગેરેના નામે લોકોને રીતસર બેવકૂફ બનાવે છે એ વાત એક હિંદુવાદી નેતા કહે તો તેને ઈસ્લામ અને મુસલમાનો તરફના દ્વેષમાં ખપાવી દેવાય પણ એક મુસ્લિમ વિદ્વાન કહે તો તેને ગંભીરતાથી લેવી જ પડે.

મદની જિહાદ જેના પવિત્ર શબ્દોના દુરૂપયોગ માટે ઈસ્લામના કહેવાતા દુશ્મનો પર દોષનો ટોપલો ઢોળે છે. આ દુશ્મનો કોણ છે તેનો ફોડ મદનીએ નથી પાડ્યો પણ આડકતરી રીતે તેમણે ભાજપના નેતા, હિંદુવાદી સંગઠનો, મીડિયા વગેરેને દોષિત ગણાવી દીધાં છે. મદનીની આ વાત હાસ્યાસ્પદ છે કેમ કે

જિહાદ પવિત્ર શબ્દો છે એવું બધા સ્વીકારતા હતા જ પણ જિહાદને આતંકવાદ સાથે જોડવાનું કામ મુસ્લિમ કટ્ટરવાદીઓએ જ કર્યું છે. આતંકવાદ ફેલાવીને નિર્દોષ લોકોની હત્યા કરવાને જિહાદ નામ બીજા કોઈએ નથી આપ્યું પણ મુસ્લિમ સંગઠનોએ જ આપ્યું છે. આ સંગઠનોના આતંકવાદીઓ જિહાદને નામે હત્યાકાંડો કરી રહ્યા છે તેથી બીજા કોઈના પર દોષારોપણ ના કરી શકાય.

દુનિયાભરમાં કટ્ટરવાદીઓ જિહાદની વ્યાખ્યા પોતાની સગવડ પ્રમાણે કરે છે પણ અરબી ભાષામાં જિહાદનો અર્થ સંઘર્ષ થાય છે, યુદ્ધ નથી થતો. અરબી ભાષામાં યુદ્ધ માટે ગઝવા અથવા મગાઝી શબ્દો વપરાય છે. જિહાદ એટલે કે સંઘર્ષમાં તમામ પ્રકારના સંઘર્ષ આવી ગયા. હદીસમાં દિલથી. જીભથી, હાથથી અને તલવારથી એ ચાર પ્રકારે જિહાદ કરી શકાય એવું લખાયેલું છે પણ કટ્ટરવાદી મુસ્લિમો જિહાદ તલવારથી જ થાય એવું મુસ્લિમોના માનસમાં ઠસાવે છે. મુસલમાનો પોતાના અંદરની બુરાઈઓના શેતાન સામે લડે એ દિલથી થતી જિહાદ છે ને સત્ય બોલે એ જીભથી થતી જિહાદ છે. અન્યાય કે ખોટું થતું હોય ત્યારે કોઈને બચાવવા લડે એ હાથથી થતી જિહાદ છે પણ આ બધી જિહાદની કોઈ વાત નથી કરતું. બલકે મુસ્લિમોને ભડકાવવા માટે જૂઠાણાં ચલાવાય છે એ જોતાં તો આ કટ્ટરવાદીઓ સામે જ જિહાદની જરૂર છે.

જિહાદની વ્યાખ્યા શું છે એ બધી વાતો કરતાં વધારે મહત્ત્વનો મુદ્દો વાસ્તવિકતા શું છે એ છે ને આરિફ મોહમ્મદ ખાને દેવબંદ સહિતના મદરેસાઓમાં શું ભણાવાય છે તેની વાત કરીને એ તરફ આખા રાષ્ટ્રનું ધ્યાન દોર્યું છે. મદરેસાઓ આતંકવાદને પોષવાનાં કેન્દ્રો છે એવા આક્ષેપો સતત થાય જ છે ને ખાને એ જ વાતને દોહરાવી છે પણ સાથે સાથે તેના પુરાવા પણ આપ્યા છે.

ભારતમાં જ મુસ્લિમ બાળકોને બિન-મુસ્લિમોને દુશ્મન માનવાના પાઠ ભણાવાતા હોય તો એ ગંભીર વાત કહેવાય કેમ કે આ પ્રકારના શિક્ષણ દ્વારા નફરતનાં બી રોપાય છે અને તેના કારણે ભવિષ્યમાં બહુ મોટો સામાજિક સંઘર્ષ ફાટી નીકળશે. મુસ્લિમોની ભાવિ પેઢી બિન મુસ્લિમોને દુશ્મન માનવાની માનસિકતા સાથે જ મોટી થતી હોય તો તેના કારણે ભવિષ્યમાં આંતરિક સંઘર્ષ થઈ શકે ને દેશની સુરક્ષા સામે ખતરો પેદા થઈ શકે.

આપણી સરકારે આ ખતરાને ગંભીરતાથી લેવો જોઈએ અને દેવબંદ સહિતની મદરેસાઓમાં ભણાવાતા નફરતના પાઠ બંધ કરાવવા જોઈએ. મદરેસાઓમાં મુલ્લા-મૌલવીઓ મૌખિક રીતે બાળકોનાં માનસમાં ઝેર રેડે છે તેને રોકવું શક્ય નથી પણ કમ સે કમ પુસ્તકોમાંથી તો આ વાતો કાઢી જ નાખવી જોઈએ. ધર્મના શિક્ષણના નામે લોકોને પતાવી દેવાની વાતો શીખવાડાય એ બિલકુલ ના ચાલે.

મુસ્લિમોએ પણ આ અંગે ગંભીરતાથી વિચારવું જરૂરી છે. ઈસ્લામ બીજા ધર્મનાં લોકોને નફરત કરવાનું કે તેમની સામે લડવાનું શીખવતો નથી જ્યારે દેવબંદ સહિતના મદરેસા આવા ખોટા પાઠ ભણાવે એ ઈસ્લામ વિરોધી કહેવાય. મુસ્લિમોએ પોતાનાં સંતાનોને ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધનું શિક્ષણ આપતાં આવાં પરિબળોથી પોતાનાં સંતાનોને દૂર રાખવાં જોઈએ.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૨-૧૨-૨૦૨૫, અખંડ દ્વાદશી, દાન દ્વાદશી, ભોમ પ્રદોષ,

- ભારતીય દિનાંક ૧૧, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૦-૫૧ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૭, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮-૫૬, રાત્રે ક. ૨૨-૧૫
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૭ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – દ્વાદશી. અખંડ દ્વાદશી, દાન દ્વાદશી (ઓરિસ્સા), ભોમ પ્રદોષ, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) સૂર્યોદયથી ક. ૨૦-૫૩. સૂર્ય જયેષ્ઠામાં ક. ૨૫-૧૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મંગળ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, ચંડીપાઠ, વાંચન, હવન, દેવીપાઠ, રાત્રિસુક્ત, વાંચન, શ્રી યંત્ર પ્રતિષ્ઠા પૂજા, દાન વસ્ર, આભૂષણ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પ્રદોષ, વ્રત ઉપવાસ, સાયંકાળે શિવપૂજા, શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, નિત્ય થતાં દુકાન-વેપાર દસ્તાવેજના કામકાજ, માલ લેવો.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

ધનખડને વિદાય આપવાની તક ન મળીઃ ખડગેને અફસોસ

રાજ્યસભાના નવા અધ્યક્ષ રાધાકૃષ્ણનને આવકારતા કૉંગ્રેસી નેતાએ કહ્યું

નવી દિલ્હીઃ સંસદના શિયાળુ સત્રના પહેલા જ દિવસે ગઇકાલે વિપક્ષે ભૂતપૂર્વ સભાપતિ જગદીપ ધનખડનો ઉલ્લેખ કર્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે દુઃખ છે કે ગૃહને તેમને વિદાય આપવાનો મોકો મળ્યો નથી.ખાસ વાત એ છે કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત બાદ સી.પી. રાધાકૃષ્ણન સભાપતિ તરીકે પ્રથમ વખત સત્રનું સંચાલન કરી રહ્યા છે. ધનખડે જુલાઈમાં સ્વાસ્થ્યના કારણો જણાવીને રાજીનામું આપ્યું હતું.

ખડગેએ કહ્યું, મને આશા છે કે તમને એ વાતનું ખરાબ નહીં લાગે કે મારે તમારા પહેલાના રાજ્યસભાના અધ્યક્ષના અચાનક પદ છોડવાનો ઉલ્લેખ કરવો પડી રહ્યો છે. આખા ગૃહના સંચાલક હોવાના નાતે સભાપતિ જેટલા સરકારના હોય છે, તેટલા જ વિપક્ષના પણ હોય છે. મને આ વાતનું દુઃખ છે કે ગૃહને તેમને વિદાય આપવાનો મોકો મળ્યો નહીં. સમગ્ર વિપક્ષ વતી અમે તેમના સારા સ્વાસ્થ્યની કામના કરીએ છીએ.તેમણે કહ્યું, અહીં સર્વપલ્લી રાધાકૃષ્ણનની વાતનો ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે. ૧૬ મે ૧૯૫૨ના રોજ તેમણે કહ્યું હતું કે હું કોઈ પક્ષનો નથી. હું આવું એટલે કહી રહ્યો છું, કારણ કે ઘણા લોકો દાવો કરી રહ્યા છે કે તમે તેમના પક્ષના છો. તેમણે વધુમાં કહ્યું, જો લોકશાહી, વિપક્ષને સરકારની નીતિઓની યોગ્ય અને મુક્ત ટીકા કરવાની મંજૂરી ન આપે, તો લોકશાહીના અત્યાચારમાં બદલવાની શક્યતા હોય છે. આવું સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું હતું.

એસઆઈઆરઃ ચર્ચા માટે સરકાર તૈયાર થઈ

સંસદના બંને ગૃહમાં થયો હોબાળોઃ મણિપુરમાં જીએસટી સુધારાના અમલનો ખરડો માંડ-માંડ પસાર થયો

નવી દિલ્હી : વિરોધ પક્ષોએ મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન, એસઆઈઆર) પરની ચર્ચાની માગણી કરતા અવિરત હંગામો કરતા લોકસભાની કાર્યવાહી એક દિવસ માટે ખોરવાઈ હતી. બીજી બાજુ રાજ્યસભામાં વિરોધ પક્ષોએ સભાત્યાગ કર્યો હતો. લોકસભામાં ધાંધલ-ધમાલ વચ્ચે મણિપુરમાં જીએસટી કાયદાના સુધારાનો અમલ કરવા માટેનો ખરડો પસાર થયો હતો. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે શરૂઆતમાં આ ખરડો રજૂ કર્યો હતો. મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે અને સસંદ તેનો કાયદો ઘડવાની સત્તાનો ઉપયોગ કરી રહ્યું છે.

બપોરના ૨-૨૦ કલાકે લોકસભાને મંગળવાર સુધી મોકૂફ કરવામાં આવી હતી. આના પહેલાં બે વાર સભા મોકૂફ રખાઈ હતી. વિરોધ પક્ષના અનેક સભ્યો વેલમાં ધસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કરવા માંડ્યા હતા.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર એસઆઈઆર કે ચૂંટણી સુધારા પર ચર્ચા કરવા અચકાતી નથી. જોકે તેમણે વિરોધ પક્ષોને સમયમર્યાદાનો આગ્રહ ન રાખવાનું કહ્યું હતું. આ જવાબથી સંતોષ ન થતા વિરોધ પક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો હતો. અગાઉ રાજ્યસભાના ચેરમેન સી. પી. રાધાકૃષ્ણને રૂલ ૨૬૭ હેઠળ એસઆઈઆર પર ચર્ચાની નવ વિપક્ષી સભ્યોએ આપેલી નોટિસ અમાન્ય કરી હતી. ચેરમેને સભ્યને ત્યાર બાદ તેમના શૂન્યકાળના ઉલ્લેખ કરવા કહ્યું હતું.

રિજિજુએ કહ્યું હતું કે વિરોધ પક્ષોએ સર્વ પક્ષીય બેઠક કે બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં ઉઠાવેલા મુદ્દાને કોઈ ઓછું મહત્ત્વ આપતું નથી. હું એમ કહી રહ્યો છું કે આ બાબત સરકારની વિચારણા હેઠળ છે. પ્રધાને માહિતી આપી હતી કે વિરોધ પક્ષના અમુક સભ્યોને એસઆઈઆર સિવાયની બાબતો ઉઠાવી છે અને તેમના હક્કોનું રક્ષણ કરવાની જરૂરિયાત છે.

વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ માગણી કરી હતી કે આ બાબત પર તત્કાળ ચર્ચા થવી જોઈએ. તેમણે શાસક પક્ષને વિરોધ પક્ષને વિભાજિત ન કરવાનું કહ્યું હતું. ખડગેએ કહ્યું હતું કે જો તમે અમને વિભાજિત કરવાનો પ્રયાસ કરશો તો અમે વધુ મજબૂત થઈશું. ટીએમસીના નેતા ડેરીક ઓબ્રિયેને પણ તત્કાળ ચર્ચા કરવાનો અનુરોધ કર્યો હતો. (એજન્સી)

ઘૂસણખોરીના પ્રયાસો નિષ્ફળ, આઠ આતંકવાદી હણાયાઃ બીએસએફ

શ્રીનગરઃ આ વર્ષે કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પારથી કોઇ આતંકવાદી ઘૂસણખોરી થઇ નથી. તેમજ સુરક્ષા દળોએ આઠ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. જ્યારે અન્ય પાંચને પાછા ધકેલવામાં આવ્યા હતા. જેના કારણે આતંકવાદી દ્વારા ઘૂસણખોરીના ચાર પ્રયાસો નિષ્ફળ બન્યા હતા. આ જાણકારી બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે આપી હતી.

બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ના ઇન્સ્પેક્ટર જનરલ અશોક યાદવે ફોર્સના ૬૧માં સ્થાપના દિવસ નિમિત્તે પત્રકારોને જણાવ્યું કે બીએસએફએ સેના સાથે મળીને એલઓસી પર અસરકારક અને કાર્યક્ષમ પ્રભુત્વ સુનિશ્ચિત કર્યું છે. જેથી આ વર્ષે કાશ્મીર ખીણમાંથી ઘૂસણખોરીના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. આ દળે અમરનાથ યાત્રા ૨૦૨૫ દરમિયાન પણ અંતરિયાળ વિસ્તારોમાં મજબૂત સુરક્ષા ગ્રીડ જાળવી રાખવામાં મોટું યોગદાન આપ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે બીએસએફએ સેના સાથે મળીને આઠ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. જ્યારે પાંચ અન્યને પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે અમારું જી-યુનિટ નિયંત્રણ રેખા પર તમામ ૬૯ સક્રિય લોન્ચિંગ પેડ્સ પર નજીકથી નજર રાખી રહ્યું છે. જ્યાં લગભગ ૧૦૦-૧૨૦ આતંકવાદીઓ ઘૂસણખોરી કરવાની વેતરણમાં હોય છે. ઉપરાંત આતંકવાદીઓની વિવિધ તાલીમ શિબિરો પણ અમારી ઇન્ટેલિજન્સ વિંગની નજર હેઠળ છે. બીએસએફ કાશ્મીર ફ્રન્ટિયર ૩૪૩ કિમી લાંબી નિયંત્રણ રેખા(એલઓસી) પર સેના સાથે સંકલનમાં અસરકારક રીતે કાર્યરત છે અને પ્રભુત્વ ધરાવે છે, એમ યાદવે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે બીએસએફ યુનિટ પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં રહી મહત્વપૂર્ણ સ્થળોની સુરક્ષા કરી રહ્યા છે. તેમજ કાશ્મીરના લોકોને સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. યાદવે કહ્યું કે ૨૦૨૫ દરમિયાન બીએસએફની સૌથી મોટી સફળતા ઓપરેશન સિંદૂર રહી છે.

જનતાના મુદ્દાઓ રજૂ કરવાને ડ્રામા ન કહેવાયઃ પ્રિયંકાનો પીએમને જવાબ

નવી દિલ્હીઃ સંસદના શિયાળુ સત્રના પ્રારંભે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર 'હતાશ' હોવાનો અને 'નાટક' કરવાનો આક્ષેપ કર્યા બાદ સત્તાધારી અને વિપક્ષી નેતાઓ વચ્ચે નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. મોદીએ વિપક્ષને રણનીતિ બદલવાની ટિપ્સ આપવાની તૈયારી દર્શાવી હતી, જેના જવાબમાં કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ આકરો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, પ્રદૂષણ અને એસઆઇઆર જેવા તાત્કાલિક મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ. મુદ્દાઓ ઉઠાવવા એ નાટક નથી. નાટક તો એ છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓને લોકો સાથે જોડાયેલા મામલાઓ પર બોલવાની મંજૂરી ન આપવી. અમને તેના પર ચર્ચા કરવાની મંજૂરી કેમ નથી મળી રહી?

સમાજવાદી પાર્ટી (એસપી) ના સાંસદ અવધેશ પ્રદેશે સંસદને દેશ અને લોકોના મુદ્દાઓ પર ચર્ચા કરવાનું સૌથી મોટું પ્લેટફોર્મ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, શિયાળુ સત્ર શરૂ થઈ ગયું છે, અને આ સૌથી મોટું પ્લેટફોર્મ છે જેના દ્વારા આપણે દેશ અને લોકોના મુદ્દાઓ પર ચર્ચા કરી શકીએ છીએ. આજે, લોકોના મતોની સુરક્ષા અને લોકશાહીનું રક્ષણ એ સૌથી મહત્વપૂર્ણ ચિંતા છે. આ સાથે જ વિપક્ષે લોકશાહીના સંરક્ષણ અને ચૂંટણી પ્રક્રિયા પર ચર્ચા કરવા પર ભાર મૂક્યો હતો.

કોંગ્રેસના અન્ય સાંસદ રાજીવ શુક્લાએ એસઆઇઆર મુદ્દા પર બોલતા ચૂંટણી પ્રક્રિયા અને તેની કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ચર્ચાનો વિષય છે, જેમાં ચૂંટણી પંચ કેવી રીતે કાર્ય કરી રહ્યું છે તેનો પણ સમાવેશ થાય છે. માત્ર એક ભાગ છે બિહારની ચૂંટણીમાં જાહેર નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો હતો, જે અટલ બિહારી વાજપેયીની સરકારમાં પણ ક્યારેય બન્યું ન હતું. વધુમાં, તેમણે નેશનલ હેરાલ્ડ કેસને સંપૂર્ણપણે ખોટો ગણાવતા કહ્યું કે આ કેસ ગાંધી પરિવારને રાજકીય બદલો લેવાના હેતુથી હેરાન કરવા માટે બનાવવામાં આવ્યો હતો અને ગાંધી પરિવારે એક પણ રૂપિયો લીધો નથી.બીજી તરફ, સત્તાધારી પક્ષના નેતાઓએ સંસદનું સુચારુ સંચાલન થાય તેની અપેક્ષા વ્યક્ત કરી. કેન્દ્રીય પ્રધાન ગિરિરાજ સિંહે સ્પષ્ટતા કરી કે, સરકાર કોઈપણ વિષય પર ચર્ચા કરવા તૈયાર છે.

'વંદે માતરમ્': સંસદમાં દસ કલાકની ચર્ચા, વડા પ્રધાન પણ ભાગ લેશે

નવી દિલ્હીઃ ભારતના રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે સંસદના શિયાળુ સત્રમાં વિશેષ ચર્ચાનું આયોજન કરવામાં આવશે.

લોકસભામાં આ જ અઠવાડિયાના ગુરુવાર કે શુક્રવારે આ ચર્ચાનું આયોજન કરવામાં આવશે. આ માટે ૧૦ કલાકનો સમય ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ આ વિશેષ ચર્ચામાં ભાગ લેશે. આ ચર્ચા સ્વતંત્રતા સંગ્રામમાં આ પ્રેરણાદાયી ગીતના ઐતિહાસિક અને સાસ્કૃતિક મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવશે.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુ દ્વારા ૩૦ નવેમ્બરે બોલાવવામાં આવેલી સર્વપક્ષી બેઠક તેમ જ લોકસભા અને રાજ્યસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટી (બીએસી)ની બેઠકમાં આ પ્રસ્તાવને મામલે સહમતી સધાઈ હતી. વંદે માતરમને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક લેખાવી સરકારે તમામ પક્ષોને આ ચર્ચામાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. વંદે માતરમને વર્ષ ૧૯૫૦માં ભારત ગણરાજ્યના રાષ્ટ્રગીત તરીકે અપનાવવામાં આવ્યું હતું. ૧૮૭૦ના દાયકામાં બંકીમચંદ્ર ચેટરજી દ્વારા બંગાળી ભાષામાં આ ગીત લખવામાં આવ્યું હતું. આ ગીત બંકીમચંદ્ર ચેટરજીના ઉપન્યાસ આનંદમઠનો હિસ્સો છે જેને વર્ષ ૧૮૮૨માં પ્રથમવાર પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ ગીત ભારતની સ્વતંત્રતાના આંદોલનનું મુખ્ય પ્રેરણાસ્રોત બન્યું હતું. આ ગીતના ૧૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે કેન્દ્ર સરકારે વિશેષ સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી.

વક્ફની પ્રોપર્ટીનાં રજિસ્ટ્રેશનની સમયમર્યાદા લંબાવવાનું સુપ્રીમે નકાર્યું

નવી દિલ્હીઃ ઉમીદ પોર્ટલ પર 'વક્ફ બાય યુઝર્સ' સહિતની વક્ફની તમામ પ્રોપર્ટીનું ફરજીયાત રજિસ્ટ્રેશન કરવા મુકરર કરવામાં આવેલી સમયમર્યાદા લંબાવવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢ્યું હતું.

ન્યાયાધીશ દીપંકર દત્તા અને ઑગસ્ટિન જ્યૉર્જ માસિહની બનેલી ખંડપીઠે અરજકર્તાઓને સમયમર્યાદા પૂરી થાય તે પહેલા સંબંધિત ટ્રીબ્યૂનલનો સંપર્ક સાધવા જણાવ્યું હતું.

ખંડપીઠે કહ્યું હતું કે કલમ થ્રી-બી પરત્વે અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું, પરંતુ ટ્રિબ્યૂનલ પાસે ઉપાય હોવાને કારણે તમામ અરજકર્તાઓને સમયમર્યાદા પૂરી થાય તે પહેલા સંબંધિત ટ્રિબ્યુનલનો સંપર્ક સાધવાની છૂટ આપી છે.

વક્ફની તમામ પ્રોપર્ટીનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવા મુકરર કરવામાં આવેલી છ મહિનાની -સમયમર્યાદા લંબાવવાની ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બૉર્ડ (એઆઈએમપીએલબી), એઆઈએમઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસી સહિત તમામ લોકોએ માગણી કરી હતી. (એજન્સી)

પુતિનની મુલાકાત દરમિયાન રશિયા સાથે અનેક ડિફેન્સ ડીલ

નવી દિલ્હી : રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના ભારતના પ્રવાસ દરમિયાન રશિયાના સ્ટેલ્થ ફાઈટર જેટ એસયુ-૫૭ પર ડીલ થાય એવી સંભાવના છે. ભારત એસયુ-૫૭ની એક કે બે સ્કવૉડ્રોન ખરીદી શકે. આ મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચે ડિફેન્સ ડીલની અટકળો થઈ રહી છે.

દુબઈ ઍર શૉ દરમિયાન રોસોબોરોન એક્સપોર્ટ કંપનીએ જાહેરાત કરી હતી કે મેક ઈન્ડિયા હેઠળ તે એસયુ-૫૭નું ઉત્પાદન ભારતમાં કરવા તૈયાર છે.આ વર્ષમાં બે વાર રશિયન કંપની એસયુ-૫૭ માટે ભારતને પ્રસ્તાવ દીધો છે. આ વર્ષની શરૂઆતમાં બેંગ્લૂરુમાં યોજાયેલા ઍરો ઈન્ડિયા પ્રદર્શન દરમિયાન રોસોબોરોન એક્સપોર્ટ કંપનીએ પાંચમી પેઢીના ફાઈટર વિમાન (એસયુ-૫૭)ની ટેક્નોલોજી ભારતમાં ટ્રાન્સફર કરવાની ઓફર આપી છે. ભારતમાં આ વિમાન ખરીદવા અંગે મનન થઈ રહ્યું છે.

ભારતમાં સ્વદેશી સ્ટેલ્થ ફાઈટર જેટ એડવાન્સ મીડિયમ કૉમ્બેટ ઍરક્રાફ્ટ તૈયાર થવામાં એક દસકાનો સમય છે. આ વિમાનની ડિઝાઈન તૈયાર કરનારી એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીનો દાવો છે કે આગામી દાયકામાં એટલે કે ૨૦૩૫-૩૬ સુધી સ્વદેશી ફિફ્થ જનરેશન ફાઈટર જેટ બનાવશે. આથી ભારતે એક દસકા સુધી વિદેશી સ્ટેલ્થ ફાઈટર પર આધાર રાખવો પડશે.

આ વખતે પડશે કડકડતી ઠંડીઃ હવામાન ખાતાની ચેતવણી

નવી દિલ્હીઃ આ વરસે શિયાળો વધુ ઠંડો રહેશે એવી ચેતવણી આપતાં હવામાન ખાતાએ સોમવારે કહ્યું હતું કે મધ્ય અને વાયવ્ય ભારત તેમ જ ટાપુ વિસ્તારમાં આ સમયગાળા દરમિયાન તાપમાન સામાન્ય કે સામાન્યથી નીચું રહેશે.

પશ્ચિમ હિમાલય વિસ્તાર, હિમાલયનો તટપ્રદેશ, ઈશાનનાં રાજ્યો તેમ જ પૂર્વ અને પશ્ચિમ ભારતના વિસ્તારોમાં ગુરુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહે તેવી શક્યતા છે.

રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ અને મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં કોલ્ડ વેવના ચારથી પાંચ વધુ દિવસ રહેવાની શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું.

સામાન્ય રીતે ડિસેમ્બરથી ફેબ્રુઆરીના સમયગાળામાં કોલ્ડ વેવનો સમયગાળો છ દિવસનો હોય છે. (એજન્સી)

હવે તમાકુ-પાન મસાલા મોંઘાં થશેઃ લોકસભામાં ખરડો રજૂ

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સિતારમણે સોમવારે લોકસભામાં મહત્ત્વના બે નવા ખરડી રજૂ કર્યા હતા. જેમાં તમાકુ ઉત્પાદનો અને પાન મસાલા પરની કર વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવામાં આવશે. સરકાર આ પગલાથી પાપી જણસો પરના કર માળખાને નવું સ્વરૂપ આપવા જઇ રહી છે. લોકસભામાં હોબાળા વચ્ચે રજૂ કરાયેલા આ બિલો પર આજે ગૃહમાં ચર્ચા થઇ શકે છે કારણ કે વિપક્ષી સભ્યો મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર) પર ચર્ચાની માગને લઇને વિરોધ કરી રહ્યા હતા. ટીએમસી સભ્ય સૌગતા રેએ બંને બિલો રજૂ કરવાનો વિરોધ કરતાં કહ્યું કે તમાકુ હાનિકારક છે, પરંતુ સેન્ટ્રલ એક્સાઇઝ(સુધારા) બિલમાં તેનો ઉલ્લેખ નથી. હેલ્થ સિક્યુરિટી સે નેશનલ સિક્યુરિટી સેસ બિલ, ૨૦૨૫ વિશે રેએ કહ્યું કે સેસથી થતી આવક રાજ્યો સાથે વહેંચવામાં આવતી ન હોવાથી તેમણે આ બિલનો વિરોધ કર્યો છે. પહેલું બિલ સેન્ટ્રલ એક્સાઇઝ(સુધારા) બિલ, ૨૦૨૫ વર્તમાનમાં અમલમાં રહેલા જીએસટી વળતર સેસનું સ્થાન લેશે. હાલમાં આ સેસ સિગરેટ, ચાવવાની તમાકુ, સિગાર, હુક્કા, જરદા અને સુગંધિત તમાકુ સહિત તમામ તમાકુ ઉત્પાદનો પર વસૂલવામાં આવે છે.

દિલ્હી બ્લાસ્ટઃ એનઆઇએ દ્વારા આઠ ઠેકાણે દરોડા

નવી દિલ્હીઃ દિલ્હી કાર બ્લાસ્ટ મુદ્દે એનઆઈએ જમ્મુ-કાશ્મીરના કાઝીગંડ સહિત આઠ સ્થળો પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દિલ્હી કાર બ્લાસ્ટ મુદ્દે મહત્ત્વની માહિતી મેળવવાના ઈરાદે કરવામાં આવી છે. એનઆઈએની ટીમે આજે સવારથી જ જમ્મુ-કાશ્મીરના વિવિધ સ્થળો પર સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. શંકાસ્પદ ગતિવિધિની જાણકારી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. એજન્સીનો હેતુ આ પાછળ કોઈ આતંકી સંગઠન કે વ્યક્તિ હોવાની ભાળ મેળવવાનો છે.એનઆઈએની એક ટીમ દ્વારા હાલમાં શોપિયાંમાં મૌલવી ઇરફાનના ઘરે સર્ચ કરી રહી છે. જે દિલ્હી બ્લાસ્ટ કેસના આરોપીઓમાંથી એક છે. તપાસ એજન્સીની એક ટીમ આજે સવારે નદીગામ વિસ્તારમાં પહોંચી હતી અને જ્યાં મૌલવી ઇરફાનના ઘરે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં દિલ્હીમાં થયેલા એક આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. આ હુમલામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યો હતો અને તેના કારણે સુરક્ષા એજન્સીઓ હાઇ અલર્ટ પર આવી ગઈ હતી.

હિંદુ પરિવારમાં ત્રણ સંતાન તો હોવા જ જોઈએઃ સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીનું આહ્વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દક્ષિણામૂર્તિ ટ્રસ્ટ સંચાલિત આર્ષ અધ્યયન કેન્દ્ર ભુજ અને અખિલ કચ્છ સમસ્ત હિન્દુ પરિવાર દ્વારા ગીતા જયંતી મહોત્સવ અંતર્ગત ગીતા ગ્રંથયાત્રાનો ભુજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ વેળાએ સનાતન ધર્મના રક્ષણ માટે સૌ હિંદુઓ સંકલ્પબદ્ધ થાય એવું ઉપસ્થિત સંતો-મહાત્માઓ દ્વારા આહ્વાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીજીએ હિન્દુ પરિવારો રાષ્ટ્ર,સમાજ અને માતા-પિતાની સેવા માટે ત્રણ સંતાનનો સંકલ્પ લે એના જ લગ્ન કરાવવાનું આહ્વાન કર્યું હતું. સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીએ ઉપસ્થિતોને જણાવ્યું હતું કે, હિન્દુઓની વસ્તી સતત ઘટી રહી છે. દેશ, સમાજ અને પરિવારની ઉન્નતિ કરવી હોય તો ભાઈ-બહેન તો હોવાં જ જોઈએ. સંન્યાસ લેવા માટે પણ ભાઈ હોવો જોઈએ.ત્રણ સંતાનનો જે વિચાર છે એ દરેક પ્રમુખો એના સમાજમાં ફેલાવવો જોઈએ.

સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીજીએ વધુમાં જણાવ્યું હતું કે, ત્રણ સંતાનમાં એક સંતાન રાષ્ટ્રની સેવા માટે હોય, એક સંતાન સમાજ માટે કામ કરે અને એક સંતાન પોતાના પરિવાર માટે હોય. હિન્દુ ધર્મમાં સંતાનો ઓછા થવા લાગ્યાં છે. પહેલાં ચાર-પાંચ સંતાનો હતાં એ સમયમાં ઓછી આવક-સંસાધનો વચ્ચે પણ ઘર-પરિવાર સુખપૂર્વક ચાલતો હતો.સોશિયલ મીડિયાના જમાનામાં લોકોની માનસિકતા બદલાઈ અને અમે બે અને અમારાં બે બાદ અમે બે અને અમારો એક. હવે અત્યારે તો અમે બે અને અમારો કોઈ નહીં, માતા-પિતા પણ નહીં એવી વિચિત્ર પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

જ્યારે પણ લગ્ન લેવાય ત્યારે નવદંપતી ભૂદેવો અને સમાજની સામે સંકલ્પ લે કે અમે ત્રણ સંતાન રાખી, રાષ્ટ્રની, સમાજની અને અમારા પરિવારની સેવા કરીશું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપણો હિન્દુ સમાજ જેટ સ્પીડથી લઘુમતી બનવા તરફ ધકેલાઈ રહ્યો છે. પરિવારમાં એક જ સંતાન હશે તો આવનારા સમયમાં મામા, માસી, ફઈ-ફુઆ આ બધા સંબંધો ભૂતકાળ બની જશે. પારિવારિક જવાબદારીઓથી ભાગતા આજના યુવાઓને આવી માનસિકતામાંથી બહાર લાવીને ત્રણ સંતાનના સંકલ્પ સાથે લગ્ન કરવા માટે આહ્વાન આપ્યું હતું.

દરમ્યાન, દક્ષિણામૂર્તિ ટ્રસ્ટ સંચાલિત આર્ષ અધ્યયન કેન્દ્ર ભુજ અને અખિલ કચ્છ સમસ્ત હિન્દુ પરિવાર દ્વારા ગીતા જયંતી મહોત્સવનો ભુજના હમીરસર તળાવના કિનારે આવેલા રામધૂન મંદિર ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં મિરજાપર શ્રી-કૃષ્ણ બેન્ડ પાર્ટી અને કપિરાજ બાળમંડળના બાળકો તબલાં, ઢોલક, વગેરે વાજિંત્રો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રસંગનો શુભારંભ બાલિકાઓના અને સાધુ-સંતોના આશીર્વચન સાથે દીપ પ્રાગટ્ય તેમજ સ્વાગત નૃત્ય (શિવસ્તુતિ) દ્વારા કરાયો હતો. ઉપસ્થિત સંતો સુબોધમુનિ, લાલગિરિ બાપુ (રુદ્રાણી જાગીર), કૃષ્ણાનંદજી મહારાજ (પાંકડસર જાગીર-કબરાઉ), સીતારામદાસ (ગણેશનગર), ધરમશી માતંગ (મહેશ્વરી સમાજના ધર્મગુરુ), રવિગિરિ (માંડવી),

સ્વામિનારાયણ મંદિર-ભુજના સંતો સ્વામી દેવપ્રકાશદાસ, સ્વામી ગોલીક વિહારીદાસ તેમજ સ્વામી આત્માનંદ, સોનલાલ મહારાજ, સ્વામી ગિરીજાગિરિનું ટ્રસ્ટીઓ કિરણ ગણાત્રા અને ગુલાબ ગજ્જર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

કચ્છમાં એલપીજી ટૅન્કરમાં ધડાકો, આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સોમવારે વહેલી સવારે ટ્રાફિકના આવાગમનથી સતત ગાજતા રહેતા કચ્છના સુરજબારી ધોરીમાર્ગ પરના જૂના કટારીયા પાસે ગાંધીધામથી એલપીજી ગેસ ભરીને મોરબી તરફ જઈ રહેલું ટૅન્કર પલટી ગયા બાદ તેમાં ગગનભેદી પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળતાં ભય ફેલાયો હતો અને આ વિસ્ફોટની જગ્યા પાસે આવેલી હાઇવે હોટેલમાં પાર્ક થયેલા અંદાજિત ૭થી ૮ જેટલા વાહનમાં પણ વિકરાળ આગ ફેલાઈ જતાં ભારે નાસભાગ થઇ હતી. આ દુર્ઘટનામાં ટૅન્કરચાલક ઉપરાંત અન્ય કેટલાક લોકોના મૃત્યુ થવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના અંગે સામખિયાળી વિસ્તારના પીઆઇ વી.કે. ગઢવીએ પ્રાથમિક માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામથી લિક્વિડ પેટ્રોલિયમ ગેસ ભરીને મોરબી તરફ જઇ રહેલુ ટેન્કર સુરજબારી ધોરીમાર્ગ પર સોમવારે વહેલી સવારે કોઈ કારણોસર પલટી મારી ગયું હતું.

પલટી ગયેલા આ ટૅન્કરમાંથી ગેસનો રિસાવ થયા બાદ અચનાક ધકાડા સાથે જોરદાર બ્લાસ્ટ થતાં ટેન્કરના લોખંડના ટુકડા બે-ત્રણ કિલોમીટર સુધી મિસાઈલની જેમ ઊડીને વિખેરાઈ ગયા હતા.

ગિફ્ટ સિટીના ફૂડ ઝોનનો કોન્ટ્રાક્ટ શિલ્પા શેટ્ટીની કંપનીને અપાયો, ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપ

અમદાવાદઃ ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ફૂડ ઝોનની ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ થતા હોબાળો મચી ગયો હતો. બોલિવૂડની જાણીતી અભિનેત્રી શિલ્પા શેટ્ટીની બાસ્ટિયન હોસ્પિટાલિટી પ્રા.લિ. નામની કંપનીને ફાયદો થાય તે રીતે ટેન્ડરની શરતમાં ફેરફાર કરીને આ કોન્ટ્રાક્ટ આપી દેવાયો હતો. આ ગેરરીતિને પગલે ગુજરાત સરકારને રૂ. ૬૮ કરોડનું નુકસાન થયું હોવાનું કહેવાઈ રહ્યું છે. ગિફ્ટી સિટી માટે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી કંપની દ્વારા સેન્ટ્રલ પાર્કમાં ફૂડ ઝોનનો કોન્ટ્રાક્ટ આપવા ૨ જુલાઈ ૨૦૨૫ના રોજ વેબસાઈટ પર જાહેરાત કરાઈ હતી. તેમાં પ્રિ-બિડ કલેરિફિકેશન ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કરાયું હતું. ત્યાર પછી ૧૩ ઓગસ્ટ ૨૦૨૫થી ૨ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરાઈ હતી, જ્યારે ફિઝિકલ ટેન્ડર રજૂ કરવાની તારીખ ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ જાહેર કરાઈ હતી. આ ટેન્ડર પ્રક્રિયામાં ફૂડ કંપનીઓને ૧૫ વર્ષનો કોન્ટ્રાક્ટ માટે એક લાખ ચોરસ ફૂટ જગ્યામાં ફૂડ ઝોન તૈયાર કરવા જણાવાયું હતું. ટેન્ડરને અંતિમ રૂપ આપતાં પહેલા નિયમોમાં મોટા પાયે બદલાવ કરવામાં આવ્યો હતો. ટેન્ડરની શરત પ્રમાણે વાર્ષિક રૂ. ૮થી ૮.૫૦ કરોડ ટર્નઓવર ધરાવતી ફૂડ કંપનીઓ ટેન્ડર ભરી શકે એમ જણાવ્યું હતું, પરંતુ તેમાં રાતોરાત ફેરફાર કરીને લઘુતમ ટર્નઓવર રૂ. ૧૦ કરોડ હોય એવો ફેરફાર કરી દેવાયો હતો. આ કારણસર ગુજરાત સહિતની અન્ય કંપનીઓ ટેન્ડર ભરી જ ના શકી, અને શિલ્પા શેટ્ટી જેમાં ઈક્વિટી ધરાવે છે, તે કંપની બાસ્ટિઅન હોસ્પિટાલિટી પ્રા.લિ.ને પ્રતિ ચોરસ મીટર ભાડું નક્કી કરીને ૧,૦૧,૭૯૬ ચોરસ ફૂટ જમીન આપી દેવાઈ હતી.

૧૫ વર્ષના આ કરાર માટે ટેન્ડરમાં અગાઉનું ભાડું રૂ. ૬૫ પ્રતિ ચોરસ ફૂટ (એટલે કે દર મહિને ૬૫ લાખ રૂપિયા) એટલે કે વાર્ષિક રૂ. ૭.૮૦ કરોડ ભાડું નક્કી કરાયું હતું. આમ, ૧૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં ગિફ્ટી સિટીને રૂ. ૧૨૦ કરોડની આવક અને ૧૮ ટકા જીએસટી પ્રમાણે રૂ. ૨૧.૬૦ કરોડનો ટેક્સ મળવા પાત્ર હતો. આ દરમિયાન અચાનક પ્રતિ ચોરસ ફૂટ ભાડું રૂ. ૫૫ હતું, જે ફક્ત ૧૫ દિવસ બાદ ઘટાડીને પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૪૫ કરાયું અને ત્યાર પછી ફરી એકવાર પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૩૫ કરી દેવાયું. આમ દર મહિને રૂ. ૬૫ લાખ ભાડું નક્કી કરાયું હતું, જે ઘટાડીને આશરે રૂ. ૩૦ લાખ કરી દેવાયું હતું. આ વિવાદનું સૌથી ચોંકાવનારું પાસું નાણાકીય નુકસાન સાથે જોડાયેલું છે. રિપોર્ટ અનુસાર ટેન્ડરની શરતોમાં ફેરફાર અને ભાડામાં ઘટાડાને કારણે રાજ્ય સરકારને લગભગ ૬૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

બાસ્ટિયન હોસ્પિટાલિટી પ્રા.લિ. કંપનીનું નામ અગાઉ આલિયા હોસ્પિટાલિટી હતું, જેની સ્થાપના ૨૦૧૪માં રણજીત બિદ્રાએ કરી હતી. વર્ષ ૨૦૧૫માં આ કંપનીનું નામ બદલવામાં આવ્યું. ત્યાર પછી શિલ્પા શેટ્ટીએ ૨૦૧૯માં તેમની માલિકીની એસએસકે યોગ પ્રા.લિ. કંપની દ્વારા બાસ્ટિયનનો ૫૦ ટકા હિસ્સો ખરીદ્યો હતો.

ગુજરાતમાં પણ રાજભવનનું નામ બદલાયું, લોકભવન તરીકે ઓળખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પણ રાજભવનનું નામ બદલવામાં આવ્યું છે, જેમાં હવે રાજભવનને લોકભવન તરીકે ઓળખવામાં આવશે. આ અંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કેન્દ્ર સરકારના માર્ગદર્શન મુજબ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. જેમાં ગુજરાત રાજભવનનું નામ હવે સત્તાવાર રીતે ''લોક ભવન'' રાખવામાં આવ્યું છે. આ પગલું લોક ભવનને વધુ જનસંપર્કક્ષમ, પારદર્શક અને લોકોના કલ્યાણને અર્પિત બનાવવાના ઉદ્દેશ સાથે જનચેતનાની નવી દિશા રજૂ કરે છે.

જેમાં હવે ''લોક ભવન'' તરીકે ઓળખાતું આ ભવન હવે માત્ર રાજ્યપાલનું નિવાસસ્થાન કે કાર્યાલય પૂરતું જ નથી. પરંતુ રાજ્યના નાગરિકો, સમાજના વિવિધ વર્ગો, વિદ્યાર્થીઓ, સંશોધકો, કૃષિકારો અને નાગરિક સંગઠનો સાથે સંવાદ અને સહભાગીતાનું જીવંત કેન્દ્ર બની રહેશે. આ અંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, લોકભવનનું મૂળતત્ત્વ છે જનતા સર્વોપરી. આ ભવન સરકાર અને રાજ્યના લોકો સાથે સેવા અને સહકારના સંવાદનો સેતુ બને એ જ આ પરિવર્તનનો મુખ્ય હેતુ છે. રાજભવન માત્ર બંધારણીય જવાબદારીઓ સુધી સીમિત ન રહે, પરંતુ સમાજના કલ્યાણ, આશાઓ અને સમસ્યાઓ સાથે જીવંત રીતે જોડાય એ જ સાચા અર્થમાં લોકભવન છે.

રાજ્યપાલે ઉમેર્યું હતું કે, છેલ્લાં વર્ષોમાં ગુજરાત રાજભવન દ્વારા અનેક લોકકલ્યાણકારી પ્રયાસો હાથ ધરાયા છે.

ઈસ્કોન અકસ્માત કેસમાં તથ્ય પટેલ સામેની ટ્રાયલ શરૂ થઈ

અમદાવાદઃ શહેરના ઈસ્કોનબ્રિજ પર વર્ષ ૨૦૨૩માં ૨૦ જુલાઈની રાત્રે બેફામ સ્પીડે જેગુઆર કાર દોડાવી અકસ્માત સર્જી નવ લોકોનાં મોત નિપજાવનારા તથ્ય પટેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા અને સાક્ષીઓનાં નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો હતો. જેને પગલે ૧૮ નવેમ્બરે તથ્ય અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ચાર્જ ફ્રેમ થયો હતો. ત્યાર બાદ સોમવાર એક ડિસેમ્બરના રોજ ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આ કેસની ટ્રાયલ શરૂ થતાની સાથે જ એક સાક્ષીની તબિયત લથડી હતી. સાક્ષી નાદુરસ્ત તબિયતનું કારણ આપી જુબાની ન આપી શકતા સાક્ષીને કોર્ટે સવાલ કર્યો હતો કે શું તમે ગભરાયેલા છો? કોઈ તમને ધમકી આપી રહ્યું છે?

સમગ્ર ઘટના નજરે જોનાર સાક્ષી હાલ જુબાની ન આપી શકતા તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા કોર્ટે આદેશ કર્યો હતો. અકસ્માત કેસના તપાસ અધિકારી ડીવાયએસપી એસ.જે.મોદીને કોર્ટે સાક્ષીને હકીકતમાં તકલીફ છે કે અન્ય કારણો છે તેની તપાસ કરવા આદેશ કર્યો હતો. આ કેસની પ્રક્રિયા દરમિયાન આરોપી અને જામીન પર મુક્ત તથ્યના પિતા પ્રગ્નેશ પટેલ પણ કોર્ટ રૂમમાં હાજર હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ઇસ્કોનબ્રિજ અકસ્માત કેસમાં મોંઘીદાટ જેગુઆર ગાડી વડે ૦૯ લોકોને કચડીને મોતના મુખમાં ધકેલી દેનાર કારચાલક તથ્ય પટેલ સામે પોલીસે વિવિધ અંતર્ગત ફરિયાદ નોંધીને ઘટના બન્યાના સાત દિવસમાં ૧૬૮૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

યુસીસી કમિટીને પડકારતાં સિંગલ જજના ચુકાદા સામેની અપીલ હાઈ કોર્ટે રદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટમાં સુરતથી અરજદાર અબ્દુલ વહાબ સોપારીવાલાએ રાજ્યમાં બનેલી યુસીસી કમિટીને પડકારતી અરજી એડવોકેટ ઝમીર શેખ મારફતે દાખલ કરી હતી. જેમાં અરજદાર અને સરકાર એમ બંને પક્ષોને સાંભળીને ગુજરાત હાઇ કોર્ટના સિંગલ જજે ચુકાદો અનામત રાખ્યો હતો. જેમાં જુલાઈ મહિનામાં ચુકાદો આપતા ગુજરાત હાઇ કોર્ટે અરજદારની અરજી નકારી હતી. જેથી આ ચુકાદા સામે અરજદારે હાઇ કોર્ટમાં ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી.

સોમવારે આ મુદ્દાની સુનવણીમાં હાઇ કોર્ટે અરજદારને કહ્યું હતું કે કમિટીની રચના કરવી તે સંપૂર્ણપણે રાજ્યનું એક્ઝિક્યુટિવ કાર્ય છે. કોર્ટ તેમાં કેવી રીતે હસ્તક્ષેપ કરી શકે? સિંગલ જજે પણ કહ્યું હતું કે આ સંપૂર્ણપણે બંધારણ દ્વારા રાજ્યને અપાયેલા પાવર મુજબ કમિટી રચાઈ છે. જો કે અરજદારે કહ્યું હતું કે કોઈપણ જાતના જાહેરનામાં વગર કમિટી રચી દેવાઈ છે. હાઇ કોર્ટે કહ્યું હતું કે રાજ્યે બંધારણના આર્ટિકલ ૧૬૨ના પાવર મુજબ કમિટીની રચના કરી છે. આ સંપૂર્ણપણે રાજ્યનું અધિકાર ક્ષેત્ર છે. જેમાં કોર્ટ હસ્તક્ષેપ કરી શકે નહીં કે તેમાં જ્યુડિશિયલ રિવ્યૂ થઈ શકે નહીં. અરજદારે કહ્યું હતું કે કોઈ પણ જાહેરનામાં વગર કમિટીની રચના કરાઈ છે. લેજિસ્લેચર છે તો શા માટે જાહેરનામું બહાર ના પાડ્યું?

હાઇ કોર્ટે કહ્યું હતું કે અરજદારને સોર્સ ઓફ પાવર બાબતે કોઈ તકરાર નથી. બંધારણ કોર્ટને રાજ્યના વહીવટી કાર્યોના જ્યુડિશિયલ રિવ્યૂની મંજૂરી નથી આપતું. કમિટીની રચનામાં લઘુમતી કોમના કોઈ સભ્યને સમાવાયા નથી તે સિવાય અરજદાર પાસે બીજી કોઈ દલીલો નથી. રાજ્યના કમિટીની રચનાના પાવરને ચેલેન્જ કરાયેલ નથી. જેથી આ અરજીને નકારી નાખવામાં આવે છે.અરજદારની રજૂઆત વિરુદ્ધ એડવોકેટ જનરલે રજૂઆત કરી હતી કે અરજદારે હાઇ કોર્ટ પાસેથી મેન્ડેમસ રીટ કરીને નિર્દેશ માગ્યા છે કે જૂની કમિટીના સભ્યોની જગ્યાએ નવા સભ્યોની નિમણૂક કરવામાં આવે. પરંતુ મેન્ડેમસ અરજીના કાર્યક્ષેત્રમાં આવો કોઈ નિર્દેશ આવી શકે નહીં. કારણ કે સરકાર પોતાની લીગલ ડ્યૂટી નિભાવવામાં નિષ્ફળ નીવડી હોય તો જ આ અરજી અંતર્ગત દાદ માગી શકાય. અહીં આવું કશું બન્યું નથી. ક

રેરાના નવા નિયમો અમલી, સાઈટ પર પ્રોજેક્ટની વિગતો, રેરા નંબર, બૅંક ડીટેઈલ લખવી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીના નવા નિયમો આજથી અમલી બન્યા છે. જે મુજબ સાઈટ પર પ્રોજેક્ટની વિગતો, રેરા નબર,બેંક ડીટેલ ફરજિયાત લખવી પડશે. જો કોઈ બિલ્ડર કે ડેવલોપર આ નિયમનું પાલન નહીં કરે તો તેને દંડ કરવામાં આવશે.

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની વેબસાઈટ પરથી મકાન કે દુકાન સહિતની મિલકત ખરીદવા આવનાર નાગરિકોને પ્રોજેક્ટના બાંધકામની માહિતી મળી રહે તેના માટે હવે દરેક બાંધકામ સાઈટ પર ડેવલપર-બિલ્ડર દ્વારા પ્રોજેક્ટને લગતી તમામ માહિતીનું બેનર બોર્ડ ક્યુઆર કોડ સાથે લગાવવાનું રહેશે. બોર્ડ અથવા બેનરની લઘુતમ પહોળાઇ ૧.૨૦ મીટર તથા લઘુત્તમ ઉંચાઈ ૨ મીટર રાખવાની રહેશે. પ્રોજેક્ટના મુખ્ય પ્રવેશ પાસે અથવા મુખ્ય રસ્તા ઉપરથી જોઇ શકાય તે રીતે, જમીનથી ૧.૫૦મીટર થી ૨ મીટર ઊંચાઇએ મુકવાનું રહેશે. વોટરપ્રૂફ મટીરીયલના રાખવાના રહેશે અને તેનું બેકગ્રાઉન્ડ સફેદ અથવા પીળા રંગનું રાખવાનું રહેશે.

બેનરમાં દર્શાવેલી વિગતોના અક્ષરની લઘુતમ ઊંચાઈ ૨.૫૦ સે.મી. રાખવાની રહેશે અને અક્ષરના રંગ નમૂનામાં દર્શાવ્યા અનુસાર જ રાખવાના રહેશે. આ ઉપરાંત તમામ વિગતો મોબાઇલથી સ્કેન કરી શકાય તે માટે ક્યૂઆર કોડ દર્શાવવો પડશે.

આ ઉપરાંત પ્રોજેક્ટના સ્થળે પ્રદર્શિત કરેલ બોર્ડ, બેનર, હોર્ડીંગ, ડિજિટલ ડીસ્પ્લેનો ફોટોગ્રાફ, આ હુકમ પ્રસિદ્ધ થયા બાદ, ભરવાના થતાં તમામ ત્રિમાસિક પ્રગતિ અહેવાલમાં, અચૂક અપલોડ કરવાનો રહેશે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦30માં ખર્ચ માટે મેલબર્ન મોડલ અપનાવાશે

અમદાવાદઃ શહેરને ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળ્યાની ગત સપ્તાહે સત્તાવાર જાહેરાત થઈ હતી. ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની આયોજન સમિતિએ આ ઈવેન્ટનો ઓપરેશનલ ખર્ચ રૂ. ૩,૦૦૦ કરોડથી રૂ. ૫,૦૦૦ કરોડ અંદાજ્યો છે. આ ઉપરાંત સમગ્ર ઈવેન્ટના સંચાલન માટે મેલબર્ન મોડલ અપનાવાશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી આવી હતી. મેગા-ઇવેન્ટના કુલ ખર્ચને અંતિમ રૂપ આપવા માટે રમતગમત અને પબ્લિક યુટિલિટી બંને સુવિધાઓ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડના ચાલી રહેલા અંદાજો પર હજી પણ કામ ચાલી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે અમદાવાદ સીડબલ્યુજી માટે સંચાલન ખર્ચ રૂ. ૩,૦૦૦ થી રૂ.૫,૦૦૦ કરોડ થશે. આમાં અન્ય માળખાકીય સુવિધાઓના નિર્માણમાં ખર્ચ થનારા ભંડોળનો સમાવેશ થતો નથી. તેમણે ઉમેર્યું કે દેખીતી રીતે, જાહેર માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે થતો ખર્ચ ગેમ્સમાં ગણવામાં આવશે નહીં. કારણ કે તેની ઉપયોગિતા ગેમ્સ પછી પણ રહેવાની છે. ૨૦૧૦ની ગેમ્સનો ઓપરેશનલ ખર્ચ રૂ. ૨,૬૦૦ કરોડથી થોડો વધુ હતો, જે રૂ.૬૩૫ કરોડના અંદાજ કરતાં ઘણો વધારે હતો. ગત સપ્તાહે જ્યારે ગ્લાસગોમાં અમદાવાદને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની આપવાની જાહેરાત થઈ ત્યારે ગુજરાતના મુખ્ય સચિવ (સ્પોર્ટ્સ) ભારતીય પ્રતિનિધિમંડળનો ભાગ હતા. તેમણે બજેટ વિશે વાત કરવાનો ઇનકાર કર્યો હતો. પરંતુ તેમણે પુષ્ટિ કરી કે ગેમ્સ પછી વિસર્જન કરી શકાય તેવી, નોટ-ફોર-પ્રોફિટ કંપની તરીકે નોંધાયેલી આયોજન સમિતિ (ઓસી) બનાવવાની યોજના વિચારણા હેઠળ છે.

સુરતમાં ₹ ૩.૧૧ કરોડની કિંમતનો ૮.૮૮ કિલો ગાંજાનો જથ્થો જપ્ત

અમદાવાદઃ ગુજરાતમાં અમદાવાદ બાદ સુરત એરપોર્ટ પરથી પણ હાઈબ્રિડ ગાંજાની હેરાફેરી ઝડપાઈ રહી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે એક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરતા વધુ એક મોટી સફળતા મેળવી હતી. થાઈલેન્ડ-બેંગકોકથી સુરત એરપોર્ટ પર રૂ.૧.૪૧ કરોડથી વધુ કિંમતના ૪.૦૩ કિલો હાઈબ્રિડ ગાંજા સાથે પકડાયેલા મુંબઈના આરોપી જાફરખાન ઉર્ફે જાફર મોબાઈલવાલાના વધુ ૩ દિવસના રિમાન્ડ મેળવી તપાસ કરતા, તેની ટ્રોલી બેગના ગુપ્ત ખાનામાંથી રૂ.૧.૬૯ કરોડની કિંમતનો વધુ ૪.૮૫ કિલો હાઈડ્રોવીડ ગાંજો મળી આવ્યો હતો. આ સાથે કુલ જપ્ત થયેલા ગાંજાનો જથ્થો ૮.૮૮ કિલો અને તેની કુલ બજાર કિંમત રૂ.૩.૧૧ કરોડને પાર પહોંચી છે. ગત ૧૭ નવેમ્બરના રોજ, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ, ડુમસ પોલીસ, એર ઈન્ટેલિજન્સ યુનિટ (કસ્ટમ) અને સીઆઈએસએફ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન, બેંગકોકથી ફ્લાઈટમાં સુરત એરપોર્ટ પર આવેલા મુંબઈના જાફરખાન ઉર્ફે જાફર મોબાઈલવાલાને ઝડપી પાડવામાં આવ્યો હતો.

તેની ચેક-ઈન લગેજ ટ્રોલી બેગમાંથી પ્રતિબંધિત 'હાઈડ્રો વીડ' મળી આવ્યો હતો, જેનું નેટ વજન ૪૦૩૫.૯૭ ગ્રામ (લગભગ ૪.૦૩ કિલો) હતું. તેની બજાર કિંમત રૂ.૧,૪૧,૨૫,૮૯૫ આંકવામાં આવી હતી. આ મુદ્દામાલ જપ્ત કરી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ ગુનાની તપાસ સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આરોપી જાફરખાનના પ્રથમ ૩ દિવસના રિમાન્ડ મેળવી ઝીણવટભરી પૂછપરછ કર્યા બાદ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

અમદાવાદ મનપામાં ફાયર વિભાગની ભરતી રદ, નિયમભંગનો હતો આક્ષેપ

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકાએ ફાયર વિભાગમાં કરેલી ભરતી રદ કરવી પડી હોવાના અહેવાલો મળ્યા હતા. મનપાએ આસિસ્ટન્ટ સ્ટેશન ઓફિસરોની ભરતી કરી હતી, પરંતુ તે માટે જરૂરી લેખિત પરીક્ષા લીધી ન હોવાથી વિપક્ષે વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી માટે લેખિત પરીક્ષા લેવાનો નિયમ છે, પરંતુ મનપાએ માત્ર મૌખિક પરીક્ષા લેવાનું મનપાએ નક્કી કર્યું હતું જેથી તેને રદ કરવાની ફરજ પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે આસિસ્ટંટ ફાયર ઓફિસરની ભરતી કરવાની હતી, જે માટે મૌખિક ઈન્ટરવ્યૂ લેવાના હતા, પરંતુ હાલ પૂરતા રદ કરવામાં આવ્યા છે. અગાઉ વિભાગે અરજી મગાવી હતી, જેમાં ૧૪૪ જેટલી અરજીમાંથી ૧૨૦ જેટલા ઉમેદવાર ફિઝિકલ ટેસ્ટ માટે ક્વોલિફાય થયા હતા, જેમાંથી ૬૨ ઉમેદવાર ફિઝિકલ ટેસ્ટમાં પણ પાસ થયા હતા. ત્યારબાદની પ્રક્રિયા બાદ ૩૨ જેટલા ઉમેદવારને મૌખિક ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતા.

અમદાવાદની હવામાં પીએમ ૨.૫ના સ્તરમાં ઘટાડો, વિદેશી સંસ્થાના સંશોધનનું તારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની આબોહવા ખાસ કરીને શિયાળામાં વધારે પ્રદૂષિત રહેતી હોય છે. છેલ્લા ઘણા દિવસોથી અમદાવાદની હવા જોખમી રીતે પ્રદૂષિત થઈ હોવાના અહેવાલો વચ્ચે એક રાહતના સમાચાર આવ્યા હતા. બુલેટિન ઑફ ધ અમેરિકન મીટિરોલોજીકલ સોસાયટીના જણાવ્યા અનુસાર અમદાવાદે ૨૦૧૭ અને ૨૦૨૩ દરમિયાન વાર્ષિક પીએમ ૨.૫ ના સ્તરમાં ૩.૦૩ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટરનો ઘટાડો નોંધાવ્યો હતો. ગયા અઠવાડિયે પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં અમદાવાદ, પુણે, મુંબઈ અને દિલ્હીના હવા ગુણવત્તાના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટ્રોપિકલ મેટ્રોલોજી (પુણે) દ્વારા કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં અમદાવાદ સહિત મુંબઈની હવામાં પણ સુધારો નોંધાયો છે, પરંતુ પુણેની હવામાં પીએમ ૨.૫નું સ્તર થોડું વધ્યું હોવાનું નોંધાયું છે.

નોંધનીય છે કે અહેવાલમાં વર્ષ ૨૦૨૩માં શહેરનું એક્યુઆઈ લેવલ ૬૧ ટકા દિવસો માટે સારું અથવા સંતોષકારક જણાયું હતું, જે વર્ષ ૨૦૧૮માં માત્ર ૧૮ ટકા જ જણાયું હતું.

ગુજરાતની જીએસટીની આવકમાં નવેમ્બર મહિનામાં સાત ટકાનો ઘટાડો

અમદાવાદઃ કેન્દ્રીય નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના જીએસટી ડેટા અનુસાર, નવેમ્બર ૨૦૨૫માં ગુજરાતે તેના પ્રિ-સેટલમેન્ટ સ્ટેટ જીએસટીની આવકમાં ૭%નો ઘટાડો નોંધાવ્યો હતો. નવેમ્બર ૨૦૨૪માં રૂ.૪,૧૦૧ કરોડની સરખામણીમાં નવેમ્બર ૨૦૨૫ રૂ.૩,૮૨૫ કરોડ એકત્રિત કર્યા હતા.જોકે, જ્યારે એસજીએસટી પોસ્ટ સેટલમેન્ટમાં એક ટકાનો વધારો નોંધાયો હતો, જે નવેમ્બર ૨૦૨૪ માં રૂ. ૬,૬૫૭ કરોડથી વધીને નવેમ્બર ૨૦૨૫ માં રૂ. ૬,૭૨૩ કરોડ થયો હતો. આ સૂચવે છે કે સીધા એસજીએસટી પ્રવાહમાં ઘટાડો થયો હોવા છતાં, ગુજરાતને આ વર્ષે ઉચ્ચ આઈજીએસટી સેટલમેન્ટનો લાભ મળ્યો છે. ગુજરાત એવા ઘણા મુખ્ય રાજ્યોમાંનું એક છે

થાણેની શૈક્ષણિક સંસ્થાના ભૂતપૂર્વ કાઉન્સેલર વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો

થાણે: વિદ્યાર્થીઓના ડેટાનો દુરુપયોગ કરીને તેમની પાસેથી નાણાં પડાવી કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે એક શૈક્ષણિક સંસ્થાના ભૂતપૂર્વ કાઉન્સેલર વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને આરોપી એનાલેટિક્સ અને ટેક્નોલૉજીના ટ્રેઈનિંગ કોર્સીસ કરાવતો હતો. ચાલુ વર્ષના જુલાઈથી તેણે સંસ્થામાં કાર્ય કરવાનું બંધ કરી દીધું હતું.

જોકે પોતે સંસ્થા સાથે હજુ જોડાયેલો હોવાનું દર્શાવીને આરોપીએ વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનું ચાલુ રાખ્યું હતું અને સંસ્થાની જાણ વિના ૪૮,૮૬૬ રૂપિયા તેણે વસૂલ્યા હતા, એવું નૌપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીએ વિદ્યાર્થીઓના ડેટાનો દુરુપયોગ કર્યો હતો અને તેમની પાસેથી નાણાં વસૂલ્યાં હતાં, જે તેણે મોબાઈલ સાથે લિંક પોતાના અંગત ખાતામાં જમા કરાવડાવ્યાં હતાં. તે સંસ્થા સાથે જોડાયેલો નથી એ વાતની વિદ્યાર્થીઓને જાણ કરી નહોતી. વિવિધ બહાનાં કરી વિદ્યાર્થીઓને ખોટી માહિતી આપી હતી. આ પ્રકરણે સંસ્થા દ્વારા કરાયેલી ફરિયાદને આધારે પોલીસે કાઉન્સેલર વિરુદ્ધ શનિવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૪) અને ૩૧૮(૪) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

સંસ્થા સમાચાર

ઇન્દ્રપુરીમાં નૂતન ઉપાશ્રયની શિલારોપણની ઉજવણી

શ્રી ઇન્દ્રપુરી સ્થાનકવાસી જૈન સંઘ વડોદરાના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં નવજીવન સોસાયટીમાં ચાર કરોડના ખર્ચે નિર્માણાધીન નૂતન ટુવાવાલા ઉપાશ્રયની શીલારોપણ વિધિ પ્રસંગે ગોપાલ સંપ્રદાયના સાધ્વીજી પૂ. ચંદ્રિકાજી મ.સ. આદિ પૂ. મીના-સુનંદાજી મ.સ. આદિ તથા ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, સુમનદીપ વિદ્યાપીઠવાળા ડો. મનસુખભાઈ શાહ, વડોદરા ના સંઘ પ્રતિનિધિઓ તથા આણંદ, સુરત, નડિયાદ, કરજણ, રાજકોટ, લીમડી, અમદાવાદ, દાહોદ, સંજેલી, ગોંડલ, અમેરિકા વગેરે ગામના ભાવિકો ની ઉપસ્થિતિમાં ૧૦૮થી વધુ ઉપાશ્રય, વિહારધામ, જૈન બોર્ડિંગ, બહેરા-મૂંગા શાળા, સ્કૂલ, મેડિકલ સેન્ટર વગેરેના નિર્માણ પ્રણેતા ગુરુદેવે જણાવેલ કે - આજના કાળમાં ધર્મસ્થાનકો સ્પીડ બ્રેકર સમાન છે. પાપના માર્ગોથી પાછા ફરવામાં ઉપયોગી બને છે. વધુમાં કહેલ કે તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી સીસા જેવું, માટે હાથે તે સાથે કરો.

સુમનદીપ વિદ્યાપીઠ પરિવારના ડો. મનસુખભાઈ શાહ, શશીકાંત શાહ તેમજ દાતા પરિવારોના હસ્તે શિલારોપણ વિધિ કરવામાં આવેલ. અમેરિકાના વરસીતપના તપસ્વી દર્શના ભાવિન દોશી, ફીલિંગ્સના અતુલ શાહ, સ્પાર્ક ન્યૂઝના એડિટર દિપક શાહ, સેવાભાવી કુંતલ વાઘાણી વગેરેનું ડો. નીરજ પારેખ વગેરે કમિટિએ સન્માન કરેલ. જીવદયા કળશ નો લાભ મહેન્દ્ર પુનાતર અને હર્ષદ બગડીયાએ લીધેલ.

મુખ્ય પ્રધાન કાર્યાલયના અધિકારીના સ્વાંગમાં ઝવેરી સાથે ૨.૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી

મુંબઈ: મુખ્ય પ્રધાન કાર્યાલયના અધિકારીના સ્વાંગમાં એક વ્યક્તિએ ઝવેરી બજારના ઝવેરી સાથે ૨.૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. પોસ્ટ સ્ટડી માટે રૂપિયાની જરૂર હોવાનું જણાવીને તથા બાદમાં વિવિધ કારણો બતાવીને એ વ્યક્તિએ ઝવેરી પાસેથી રૂપિયા તથા હીરા પડાવ્યા હતા, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

ઝવેરીની ઓળખાણ પરિચિત મારફત આરોપી સાથે જાન્યુઆરી, ૨૦૨૪માં થઇ હતી. આરોપીએ પોતાની ઓળખ મુખ્ય પ્રધાન કાર્યાલયના અધિકારી તરીકે આપી હતી અને પોસ્ટ સ્ટડી માટે ૨૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ૩૦થી ૩૫ દિવસમાં પાછા કરી દેવાનું આરોપીએ વચન પણ આપ્યું હતું. આથી ઝવેરીએ આરોપીના બૅંક ખાતામાં એ રકમ ટ્રાન્સફર કરી હતી. આરોપીએ થોડા દિવસ બાદ ઝવેરીને ભાઇની મુલાકાત મુખ્ય પ્રધાન સાથે કરાવી આપવાનું કહ્યું હતું. એ સમયે આરોપી અંબર લાઇટવાળી કાર લઇને ઝવેરીને મળવા તેના ઘરે ગયો હતો, જેને કારણે ઝવેરીને તેના પર વિશ્વાસ બેઠો હતો. એક્સાઇઝ વિભાગનો અધિકારી પોતાનો સારો મિત્ર છે અને તેમણે જપ્ત કરેલું સોનું ઓછી કિંમતે મેળવી આપવાનું આરોપીએ ઝવેરીને જણાવ્યું હતું. સોનું ખરીદવા ઝવેરીએ આરોપીને ૧.૧૫ કરોડ રૂપિયા આપ્યા હતા. બાદમાં આરોપીએ તેની સાસુનો હીરાજડિત દાગીના વેચવાનો શોરૂમ છે, એવું ઝવેરીને જણાવ્યું હતું. વધુ કિંમતે દાગીના વેચી આપશે, એવો દાવો કરી ઝવેરી પાસેથી તેણે ૧.૪૪ કરોડના દાગીના લીધા હતા.

હરીફ શિવસેના માટે પ્રચાર કરવા બદલ નિતેશ રાણેએ કરી શિંદે સેનાની ટીકા

મુંબઈ: સિંધુદુર્ગમાં શિવસેનાના પ્રતિસ્પર્ધી ઉમેદવાર માટે પ્રચાર કરી રહેલા શિવસેનાના કાર્યકરોએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના અન્યાયને કારણે તત્કાલીન એમવીએ સરકાર સામે બળવો કર્યો હોવાના ભૂતકાળના દાવા પર શંકા વ્યક્ત કરી હતી, એમ મહારાષ્ટ્રના પ્રધાન અને ભારતીય જનતા પક્ષના નેતા નિતેશ રાણેએ જણાવ્યું છે. રાણેએ કહ્યું કે પરિસ્થિતિએ ૨૦૨૨ માં શિંદેના બળવાને ન્યાયી ઠેરવવા અંગે ગંભીર શંકા ઊભી કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભાજપ નેતા નિતેશના મોટા ભાઈ નીલેશ રાણે શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના વિધાનસભ્ય છે.

શનિવારે સાંજે સિંધુદુર્ગ જિલ્લામાં સંવાદદાતાઓ સાથે વાત કરતા નિતેશ રાણેએ વધુમાં જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ દાવો કર્યો હતો કે તત્કાલીન મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં શિવસેનાના કાર્યકર્તાઓ સાથે અન્યાય કર્યો હોવાનું ધ્યાનમાં આવતા તેમણે બળવો કર્યો હતો. જો તેમણે બળવો કર્યો હતો, તો ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેના (યુબીટી)ના નેતા અને કણકવલી મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીના ઉમેદવાર સંદેશ પારકર માટે તેમના પક્ષના કાર્યકરો શા માટે પ્રચાર કરી રહ્યા છે?

બીજી ડિસેમ્બરે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચારના અંતમાં આવ્યો બાદ શિંદે વિરુદ્ધ નિશાન સાધવામાં આવ્યું છે. આ ચૂંટણીમાં જેમાં રાજકીય જોડાણમાં ફેરફાર અને શાસક મહાયુતિ સાથી પક્ષો - ભાજપ અને શિવસેનાના નેતાઓની ઉથલપાથલ જોવા મળી હતી. (પીટીઆઈ)

નવમા પાનાનું ચાલુ

ચૂંટણી પંચની

છે કે આ નિર્ણયથી હાલની ચૂંટણી પર કોઈ અસર નહીં પડે. કલમ ૧૭ ૧ (બી) મુજબ જો કોઈ ઉમેદવાર અદાલતમાં અપીલ કરે તો ઉમેદવારને અરજી પાછી ખેંચવા માટે એક નિશ્ચિત સમય આપવો આવશ્યક હોય છે. અન્યથા સમગ્ર ચૂંટણી પર એની અસર પડી હોત અને ચૂંટણી સ્થગિત કરવી પડી હોત. પરિણામે ચોક્કસ ચૂંટણીઓ સ્થગિત કરવામાં આવી છે.

દક્ષિણ મુંબઈથી

રાહત મળશે. એલિવેટેડ રોડમાં મુલુંડ ચેકનાકા, એરોલી જંકશન અને વિક્રોલી જંકશનમાં પાસે અપ અને ડાઉન રેમ્પ હશે. નવઘર ફ્લાયઓવર નજીક ટોલ પ્લાઝા પાસે ત્રણ પ્લસ ત્રણ લેન એલિવેટેડ હશે. થાણેમાં આ પ્રોજેક્ટ આનંદ નગરથી સાકેત ફ્લાયઓવર સાથે મુલુંડ ઑક્ટ્રોય નાકા પાસે વધુ એક એલિવેટેડ કોરિડોરથી જોડવામાં આવશે, તેને કારણે મુંબઈથી નાશિક તરફ જનારા વાહનોનો પ્રવાસ વધુ ઝડપી બનશે. એ સિવાય સમુદ્ધી હાઈવે સાથે પણ આ એલિવેટેડ રોડ જોડાશે. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ ટ્રાફિક હળવો થશે.

પ્રદૂષણમાં ઘટાડો થશે તેમ જ લાખો નાગરિકોનો પ્રવાસ પર્યાવરણપૂરક બની રહશે એવો દાવો એમએમઆરડીએ કર્યો હતો. અગાઉ પ્રોજેક્ટ અંતર્ગત વિક્રોલીમાં આવેલા પિંક ટ્રમ્પેટ વૃક્ષને કાપવામાં આવવાના હતા. જોકે પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિકોના વિરોધ બાદ વિક્રોલીથી ઘાટકોપર વચ્ચેના પટ્ટામાં પ્રોજેક્ટમાં ફેરફાર કરવામાં આવ્યો છે, તેથી ૧૨૭ પિંક ટ્રમ્પેટ વૃક્ષ કપાતા બચી ગયા છે. તે પ્રમાણે જ આ પ્રોજેક્ટમાં અનેક વૃક્ષોને કાપવામાં આવવાના છે, તેની સામે કુલ ૪,૧૭૫ નવા વૃક્ષનું વાવેતર કરવામાં આવવાનું છે.

'ખોટું અને અન્યાયી'

કોર્ટમાં ગયો હતો,' એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે, 'જે ઉમેદવારોએ પોતાનું નામાંકન દાખલ કર્યું હતું તેમને ચૂંટણી પ્રક્રિયા માટે સંપૂર્ણ સમય મળ્યો હતો. આવી ક્ષણે કોઈ કોર્ટમાં ગયું હોવાથી ચૂંટણી રદ કરવી સંપૂર્ણપણે ખોટું છે.'

ચૂંટણી પંચની સ્વતંત્રતાને સ્વીકારતા, ફડણવીસે નિર્ણય સામે પોતાનું મક્કમ વલણ જાળવી રાખ્યું હતું અને કહ્યું હતું કે, 'ચૂંટણી પંચ એક સ્વતંત્ર સંસ્થા છે અને તેને નિર્ણય લેવાનો અધિકાર છે. પરંતુ ચૂંટણી મુલતવી રાખવી સંપૂર્ણપણે ખોટી છે.' તેમણે કહ્યું કે આ નિર્ણય ચૂંટણી ઔપચારિકતાઓ પૂર્ણ કરનારા ઉમેદવારો માટે અન્યાયી હતો.

'તેમનું આખું કામ વ્યર્થ ગયું છે અને તેમને વધુ ૧૫ દિવસ પ્રચાર કરવો પડશે. અમે આ અંગે ચૂંટણી પંચને રજૂઆત કરીશું,' એમપણ ફડણવીસે કહ્યું હતું. 'ચૂંટણી પંચને ગઈકાલે (મુલતવી રાખવા સામે) આ અંગે ઘણી રજૂઆતો મળી હતી.

તેમણે જિલ્લા કલેક્ટરો સાથે બેઠક કરી હતી, પરંતુ (કેટલીક ચૂંટણીઓ મુલતવી રાખવાનો) નિર્ણય લેવામાં આવ્યો હતો. આપણે આ નિર્ણય સ્વીકારવો પડશે, પરંતુ આ નિર્ણય ખોટો છે, ' એમ તેમણે ઉમેર્યું હતું.

મેટ્રો-૯ માટે

લંબાઈનો દહિસર-ભાયંદર મેટ્રો-૯નું કામ બે તબક્કામાં કરવામાં આવી રહ્યું છે, તેમાંથી દહિસર-કાશીગાવના તબક્કાનું કામ ડિસેમ્બર અંતમાં શરૂ થવાનું હતું. જોકે આ રૂટ પરના કારશેડની સમસ્યાનું હજી નિરાકરણ થયું નથી. આ રૂટ પરના કારશેડ રાઈ, મુર્ધા, મોર્વામાં પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા પણ ત્યાંના ખેડૂત અને સ્થાનિક નાગરિકોએ તેની સામે વિરોધ કરતા કારશેડને ડોંગરીમાં શિફ્ટ કરવામાં આવ્યું હતું. ડોંગરીમાં કારશેડ બાંધવા માટે સરકારે મંજૂરી આપી હતી ત્યારબાદ એમએમઆડીએ દ્વારા ડોંગરીમાં ૫૭ હેક્ટર જગ્યાના તાબામાં લઈને તેના પર કારશેડ બાંધવા માટેની તૈયારી શરૂ કરી હતી.

આ કામ માટે ૧૨,૦૦૦થી વધુ વૃક્ષોને કાપવામાં આવવાના હતા. ઝાડ કાપવા માટેની મંજૂરી પણ મળી ગઈ હતી. જોકે કારશેડને ડોંગરીમાં બાંધવાના નિર્ણય સામે ભાયંદરના ઉત્તન, ડોંગરી સહિત આજુબાજુના ગામના રહેવાસીઓ અને પર્યાવરણપ્રેમીઓએ વિરોધ કરીને કારશેડ રદ કરવાની માગણી સાથે જનઆંદોલન શરૂ કર્યું હતું.

ભારે વિરોધને પગલે છેવટે એમએમઆરડીએ દ્વારા ડોંગરીમાં કારશેડ બાંધવાનો નિર્ણય રદ કરવામાં આવ્યો છે અને મંગળવારે તેની જાહેરાત કરવામાં આવી હતી.

થાણે-બોરીવલી

થઈ ગયા પછી, થાણે અને બોરીવલી વચ્ચેનો ૨૩ કિમીનો પ્રવાસ ૬૦-૯૦ મિનિટથી ઘટીને ફક્ત ૧૫ મિનિટનો થઈ જશે. આ સીમલેસ ભૂગર્ભ લિંક ટ્રાફિકમાં બાધારૂપ વિસ્તારોને ટાળશે, ઇંધણનો ઉપયોગ ઘટાડશે અને મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં લાખો મુસાફરો માટે દૈનિક મુસાફરીને સરળ બનાવશે.

પ્રેમીની હત્યા

પિતા ગજાનન મામીડવાર (૪૫)ની ધરપકડ કરી હતી. આંચલ દલિત યુવક સક્ષમ સાથે લગ્ન કરશે તો બદનામી થશે એવા વિચાર સાથે સક્ષમની હત્યા કરવામાં આવી હતી. જોકે હત્યા બાદ આંચલે સક્ષમના મૃતદેહ સાથે પ્રતિકાત્મક લગ્ન કરતાં આ પ્રકરણ ચર્ચાને ચકડોળે ચડ્યું હતું.

આંચલે આક્ષેપ કર્યો હતો કે હત્યા થઈ એ સવારે ભાઈ હિમેશ તેને ઈતવારા પોલીસ સ્ટેશને લઈ ગયો હતો અને સક્ષમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા કહ્યું હતું. જોકે તેણે ખોટી ફરિયાદ કરવાનો ઇનકાર કરી દીધો હતો.

તે સમયે પોલીસ સ્ટેશનમાં હાજર બે અધિકારીએ હિમેશને ઉશ્કેર્યો હતો અને કહ્યું હતું કે અન્ય લોકો સાથે ઝઘડા કરવાને બદલે પ્રેમીને જ પતાવી નાખ. સામે હિમેશે પણ પોલીસને પડકાર ફેંક્યો હતો કે તે સક્ષમની હત્યા કરી સીધો પોલીસ સ્ટેશને આવશે.

આ પ્રકરણે સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ અબિનાશ કુમારે જણાવ્યું હતું કે અમે યુવતીનું નિવેદન રેકોર્ડ પર લીધું છે. યુવતીએ કરેલા આક્ષેપોની એડિશનલ એસપી રેન્કના અધિકારી તપાસ કરશે. (પીટીઆઈ)

મહાપરિનિર્વાણ

કારણે ભાંડુપ ફિલ્ટરેશન પ્લાન્ટને થનારા પાણીપુરવઠામાં અંદાજે ૧૫ ટકાનો ઘટાડો થવાનો છે. તેથી મુંબઈ શહેરના એ,સી, ડી, જી-દક્ષિણ, ઉ-ઉત્તર સહિત પશ્ચિમ ઉપનગરમાં એચ-પૂર્વ, એચ-પશ્ચિમ, કે-પશ્ચિમ, પી-દક્ષિણ, પી-ઉત્તર, આર-દક્ષિણ, આર-સેન્ટ્રલ તેમ જ પૂર્વ ઉપનગરમાં એલ અને એસ વોર્ડમાં બુધવાર, ૩ ડિસેમ્બર,૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યાથી ગુરુવાર ચાર ડિસેમ્બર, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધી પાણીપુરવઠામાં ૧૫ ટકા પાણીકાપની જાહેરાત કરવામાં આવી હતી. જોકે સોમવારે પ્રશાસને આ પાણીકાપ રદ કરવાની જાહેરાત કરી હતી.

૨૪ નગર પરિષદો

અપીલ છે. અપીલ સમયગાળા પછીના તબક્કાઓ માટેના સુધારેલા કાર્યક્રમ મુજબ, હવે દસમી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. ચૂંટણી લડનારા ઉમેદવારોની અંતિમ યાદી અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવશે. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. મત ગણતરી ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે.

૨૪ નગર પરિષદો અને નગર પંચાયતોના જિલ્લાવાર નામો જ્યાં ચેરમેન પદ સહિત તમામ સભ્ય પદો માટે સુધારેલા કાર્યક્રમ મુજબ ચૂંટણી યોજાઈ રહી છે: થાણે- અંબરનાથ. અહિલ્યાનગર- કોપરગાંવ, દેવલાલીપ્રવર, પાથર્ડી અને નેવાસા. પુણે- બારામતી અને ફુરસુંગી- ઉરુલી દેવાચી. સોલાપુર- અંગાર અને મંગલવેઢા. સતારા- મહાબળેશ્વર અને ફલટણ. છત્રપતિ સંભાજીનગર- ફુલાંબ્રી. નાંદેડ- મુખેડ અને ધર્માબાદ. લાતુર- નિલંગા અને રેણાપુર. હિંગોલી- વસમત. અમરાવતી- અંજનગાંવ સુર્જી. અકોલા- બાલાપુર. યવતમાળ- યવતમાળ. વાશિમ- વાશિમ. બુલઢાણા- દેઉલગાંવરાજા. વર્ધા- દેવલી. ચંદ્રપુર- ઘુગ્ઘસ.

૭૬ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોની ૧૫૪ સભ્ય બેઠકોની વિગતો કે જેના માટે સુધારેલા કાર્યક્રમ મુજબ ચૂંટણી યોજાઈ રહી છે તે નીચે મુજબ છે: અમરાવતી: અચલપુર-૨, દરિયાપુર-૧, ધરણી-૨ અને વરૂડ-૧. અહિલ્યાનગર: જામખેડ-૨, રાહુરી-૧, શિરડી-૧, શેવગાંવ-૩, શ્રીગોંદા-૧, શ્રીરામપુર-૧ અને સંગમનેર-૩. કોલ્હાપુર: ગઢહિંગ્લજ-૧ ગઢચિરોલી: આરમોરી-૧ અને ગઢચિરોલી-૩. ગોંદિયા: ગોંદિયા-૩ અને તિરોડા-૧. ચંદ્રપુર: ગડચંદુર-૧, બલ્લારપુર-૧, મુલ-૧ અને વરોરા-૧. છત્રપતિ સંભાજીનગર: ગંગાપુર-૨, પૈઠણ-૪ અને વૈજાપુર-૨. જળગાંવ: અમળનેર-૧, પચોરા-૨, ભુસાવળ-૩, યાવલ-૧, વરણગાંવ-૨ અને સાવડા-૩. જાલના: ભોકરદન-૨. થાણે: બદલાપુર-૬. ધારાશિવ: ઉમરગા-૩ અને ધારાશિવ-૩. નાંદેડ: કુંડલવાડી-૧, ભોકર-૧ અને લોહા-૧. નાગપુર: કામથી-૩, કોંધલી-૨, નરખેડ-૩ અને રામટેક-૧. નાશિક: ઓઝર-૨, ચાંદવડ-૧ અને સિન્નર-૪. પરભણી: જીંતુર-૧ અને પૂર્ણા-૨. પાલઘર: પાલઘર-૧ અને વાડા-૧. પુણે: તલેગાંવ-૬, દૌન્ડ-૧, લોનાવાલા-૨ અને સાસવડ-૧. બીડ: અંબેજોગાઈ-૪, કિલે-ધારુર-૧ અને પરલી-૫. બુલઢાણા: ખામગાંવ-૪, જળગાંવ: જામોદ-૩ અને શેગાંવ-૨. ભંડારા: ભંડારા-૨. યવતમાળ: દિગ્રસ-૩, પાંઢરકવડા-૨ અને વણી-૧. રત્નાગીરી: રત્નાગીરી-૨. લાતુર: ઉદગીર-૩. વર્ધા: પુલગાંવ-૨, વર્ધા-૨ અને હિંગણઘાટ-૩. વાશીમ: રીસોદ-૨. સાંગલી: શિરાલા-૧. સાતારા: કરાડ-૧ અને મલકાપુર-૨. સોલાપુર: પંઢરપુર-૨, બાર્શી-૧, મેંદરગી-૧, મોહોળ-૨ અને સાંગોલા-૨ અને હિંગોલી: હિંગોલી-૨.

મહારાષ્ટ્ર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી: સીમાંકન પ્રક્રિયાની માન્યતાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓ માટે સીમાંકન પ્રક્રિયાની માન્યતા સામેની અરજીને ફગાવી દીધી અને કહ્યું હતું કે તે ૨૦૨૨થી અટકેલી ચૂંટણીઓને વિલંબિત કરવાનું કાવતરું લાગે છે.

૨૮ નવેમ્બરે એક અલગ મામલાની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર અને રાજ્ય ચૂંટણી પંચને વહેલી તકે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ કરાવવા કહ્યું હતું અને સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં અનામત ક્વોટાની ૫૦ ટકાની ટોચમર્યાદાનો ભંગ થયો છે ત્યાંના ચૂંટણી પરિણામો તેના (સુપ્રીમ કોર્ટ) ચુકાદા પર નિર્ભર રહેશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામત સંબંધિત ૨૭ જેટલી અરજીઓ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬થી રોજ ત્રણ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા અંતિમ સુનાવણી માટે લેવામાં આવશે.

સોમવારે સીમાંકન પ્રક્રિયાની માન્યતા અંગેની એક નવી અરજી મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે આવી હતી. 'આ મતદાનમાં વિલંબ કરવાનું એક ષડયંત્ર લાગે છે,' એવું અવલોકન ખંડપીઠે કર્યું હતું અને ઉમેર્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓના સંચાલનમાં હવે કોઈ અવરોધ હોઈ શકે નહીં.

હાઈકોર્ટે રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓ માટે સીમાંકન પ્રક્રિયાની માન્યતા સામેની અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો.

અગાઉ એક અલગ કેસમાં, સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને તેના આદેશનું પાલન ન કરવા બદલ ફટકાર લગાવી હતી અને નિર્દેશ આપ્યો હતો કે ૨૦૨૨થી અટકેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ વધુ સમય લંબાવ્યા વિના ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવે.

જૈન મરણ

ઝાલાવાડી સ્થા. જૈન

લીંબડી નિવાસી હાલ વિલેપાર્લે ઇન્દુબેન મનહરલાલ શાહ (ઉં. વ. ૮૮) તે સ્વ. મનહરલાલ નંદલાલ શાહના ધર્મપત્ની. બીપીન, કાંચીના માતા. સંગીતા તથા અમીતભાઇ સંઘવીના સાસુ. સ્વ. સુશીલાબેન તથા હરેશભાઇના ભાભી. સિદ્ધપુર નિવાસી સ્વ. શાંતાબેન હરિલાલના પુત્રી. કૈરવ, ચૈત્રી, વલ્લરીના દાદી-નાની. રવિવાર, તા. ૩૦-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

કારાઘોઘાના ચિરાગ મુકેશ સૈયા (ઉં. વ. ૩૫) ૨૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રતનબાઇ ગાંગજી ખીમજી સૈયાના પૌત્ર. સ્વ. કાશમીરા સ્વ. મુકેશના પુત્ર. રોનકના ભાઇ. ભાવનગરના ઉષાબેન અરવિંદ દેસાઇના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાશમીરા મુકેશ સૈયા, શ્રી સુંદરમ્ સો., સી-૦૦૪, છેડા પાર્ક, આચોલે તળાવ, નાલાસોપારા (ઇ.)

કાંડાગરા હાલે હૈદ્રાબાદના લીલાવંતી દેવચંદ છેડા (ઉં. વ. ૮૦) તા. ૨૯-૧૧ ના અવસાન પામ્યા છે. દેવચંદ રામજીના ધર્મપત્ની. પરમાબેન લાલજીના પુત્રવધૂ. હેમંત, ચંદ્રેશ, શિલ્પાના માતુશ્રી. કોડાયના હીરબાઈ મેઘજી રાયશીના સુપુત્રી. કેશવજી, લક્ષ્મીચંદ, મણીલાલ, નેમીદાસ, ટુંડા લક્ષ્મીબેન દેવચંદ જેવતના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ છેડા : ૨-૧-૫૧૧/૧/એ, સ્ટ્રીટ નં. ૮, નલ્લાકુંટા, હૈદ્રાબાદ.

કુંદરોડી હાલે સુરતના પંકજ લાલજી વિસરીઆ (ઉં. વ. ૫૮) તા. ૨૯-૧૧ ના અવસાન પામ્યા છે. શાંતાબેન લાલજીના પુત્ર. જ્યોતીના પતિ. લબ્ધીના પિતા. ગિરીશ, કુંદરોડીના નીરૂ ચંપક ગંગર, રાયણ ભારતી જયંત ધનજી, પત્રી ચેતના મનોજ રામજી, દેશલપુર (વાંઢાય) પ્રીતી રાજેશ ઠક્કરના ભાઈ. કસ્તુરબેન દામજી રાંભીયાના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. ગિરીશ વિસરીઆ : કાસા ગ્રીન વિલે, સી-૨૦૦૫, લોઢા અપ્પર થાણા, માનકોલી, થાણા-૪૨૧૩૧૧.

ઘોઘારી વિશાશ્રીમાળી જૈન

તળાજા નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. કાંતિલાલ બાવચંદ શાહના ધર્મપત્ની દમયંતીબેન (ઉં. વ. ૮૧) તા. ૩૦/૧૧/૨૫ના રવિવાર અરિહંતશરણ પામેલ છે. સ્વ. વસંતભાઈ તથા સ્વ. વિનુભાઈ સ્વ. વિમળાબેન પ્રભુદાસ દોશી, સ્વ. હસુમતીબેન હરિલાલ દોશી, સ્વ. રસીલાબેન પ્રતાપરાઇ સંઘવીના ભાભી. રંજનબેન, સ્વ. સરોજબેનના જેઠાણી. અ. સૌ. ચેતના અતુલકુમાર શાહ, સ્વ. સંદીપ તથા અભયના માતુશ્રી. નિષ્માના સાસુ. પિયરપક્ષે દલીચંદ વીરચંદ શાહ ઠવીવાળાના દીકરી. લૌકીક વ્યવહાર બંધ છે. સ્થાન: કાંતિલાલ બાવચંદ શાહ સી-૧, બ્લોક નં. ૧૩, મહાવીરનગર, શંકરગલી, કાંદીવલી વેસ્ટ.

મુંબઈમાં પ્રદૂષણ

ઝડપે ફૂંકાતો હતો અને તેમાં ભેજ રહેતો હતો, તે હવે પવનની ઝડપ વધીને ૧૦-૧૮ પ્રતિ કલાક થઈ ગઈ છે.

પ્રદૂષણમાં ઘટાડવા માટે નજર રાખતી ૯૪ વોર્ડ સ્તરીય ફ્લાઈંગ સ્કવોડ દ્વારા ૪૪૮ કન્સ્ટ્રક્શન સાઈટને શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે, તેમાંથી ૨૬૪ સાઈટને સ્ટોપ વર્કની નોટિસ આપવામાં આવી છે. આ સ્કવોડ ખાનગી સાઈટ, રોડ અને મેટ્રો પોજેક્ટનું ઈન્સપેક્શન કરે છે અને એક્યુઆઈ સેન્સર પણ તપાસે છે. નોંધનીય છે કે મુંબઈમાં ૩,૧૦૦ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી ફક્ત ૬૬૨ સ્થળોએ સેન્સર બેસાડેલા છે, જ્યારે ૨૫૧ સ્થળોએ બેસાડવાની પ્રક્રિયા ચાલી રહી છે.

આજથી સ્થાનિક

(એસપી) અને કોંગ્રેસની બનેલી મહા વિકાસ આઘાડી સામે ટક્કર આપી રહી છે. અન્ય પક્ષો કરતાં આગળ વધીને, ભારતીય જનતા પાર્ટીએ ૧૦૦ કાઉન્સિલર અને ત્રણ મ્યુનિસિપલ પ્રમુખ પદ બિનહરીફ મેળવ્યા છે, પક્ષના રાજ્ય એકમના વડા રવિન્દ્ર ચવ્હાણે આ સફળતા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં જનતાના વિશ્વાસને શ્રેય આપ્યો છે. જોકે, નાંદેડની લોહા નગર પરિષદમાં ભાજપને ટીકાનો સામનો કરવો પડ્યો છે, જ્યાં સ્થાનિક એનસીપીના વિધાનસભ્ય પ્રતાપ પાટીલ-ચિખલીકરે સૂર્યવંશી પરિવારના છ ઉમેદવારોને ચેરમેન માટે ઉભા રાખવાના પક્ષના નિર્ણય પર સવાલ ઉઠાવ્યો હતો, જેમાં ગજાનંદ સૂર્યવંશી, તેમની પત્ની, ભાઈ અને ભાભીનો સમાવેશ થાય છે.

ચૂંટણી મુલતવી રાખવાની વિપક્ષની માંગણીઓ વચ્ચે મતદાન થઈ રહ્યું છે. આ પક્ષોએ ૧ જુલાઈના રોજ મતદાર યાદી સુધારણામાં ડુપ્લિકેટ અને બોગસ એન્ટ્રીઓનો દાવો કર્યો છે.

આ ચિંતાઓને સંબોધતા, ચૂંટણી પંચે શંકાસ્પદ ડુપ્લિકેટ મતદારોને યાદીઓ પર ડબલ સ્ટાર સાથે ચિન્હીત કરતી ચકાસણી સિસ્ટમ રજૂ કરી હતી, જેમાં મતદાન મથકો પર ઓળખ ચકાસણી કરીને મતદાન કરાવવામાં આવશે. ઉમેદવારો અને મતદારો વિશે માહિતી પૂરી પાડતી મોબાઇલ એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવી હતી, જેમાં ઉમેદવારોના સોગંદનામાનો પણ સમાવેશ થાય છે. જાગૃતિ લાવવા માટે સાતમી નવેમ્બરે બૂથવાર મતદાર યાદીઓ પ્રકાશિત કરવામાં આવી હતી.

પારસી મરણ

રતી પેશોતન પીર તે મરહુમ એરવદ પેશોતન ફરામર્ઝ પીરના ધણિયાની. તે મરહુમ દીનબાઇ ડોસાભાઇ કાંગાના દીકરી. તે હુતોક્ષી, એરવદ રૂઇનતન, તહેમીના, હવોવી તથા કેટાયુનના માતાજી. તે થ્રીતીના સાસુજી. તે મરહુમો કુંવરબઇ ફરામર્ઝ પીરના વહુ. તે મરહુમો એરવદ કેરસાસ્પ, જમશેદ, સોલી, તહેમીના તથા ગુલ સોરાબ મસાનીના બહેન. (ઉં. વ. ૯૯) રે. ઠે. ૨૩-પોલીસ કોર્ટ લેન, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૧૨-૨૫ને દિને બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલાની બંગલીમાં.

હિન્દુ મરણ

કચ્છી ભાનુશાળી

ગોધરા નિવાસી, હાલ મુંબઇ તે સ્વ. છગનલાલ વેલજી જોઇશર અને સ્વ. ડાઇબાઇના સુપુત્ર પ્રતાપભાઇ છગનલાલ જોઇશર (ઉં. વ. ૮૬) તા. ૨૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દેવયાનીબેનના પતિ. તે પૌલોમી, પ્રેમલ, દેવલના પિતાશ્રી. રાકેશભાઇ મજેઠિયા અને ફાલ્ગુની બેનના સસરા. તે સનાયાના દાદાજી. તે જમનાબેન, દેવયાનીબેન ગીરીશભાઇ જોશી, મુકુલભાઇ, ચંદ્રેશભાઇ અને કેતનભાઇના મોટાભાઇ. તે મીનાબેન અને ચિત્રાબેનના જેઠ. તે બોટાદ નિવાસી સ્વ. ધીરજલાલ છોટાલાલ શાહ અને સ્વ. ઇન્દુમતીબેનના જમાઇ. તેમની પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. શ્રી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

સ્વ. યોગેન્દ્ર શ્રોફના ધર્મપત્ની દીપા (ઉં. વ. ૭૬) તે સ્વ. રૂક્ષ્મણીબેન તથા સ્વ. વિસનજી કાનજી શ્રોફના પુત્રવધૂ. સ્વ. હંસરાજભાઇ ધાબડીવાલાના સુપુત્રી. તા. ૨૯ નવેમ્બર શનિવારના દિને શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હાલાઇ ભાટીયા

હંસા મૂળરાજ ચીખલ (ઉં. વ ૮૩) તે સ્વ. મૂળરાજ હીરજી ચીખલના પત્ની. સુનિતના માતુશ્રી. શૈલાના સાસુ. હેતલના દાદી. પ્રવીણ, સ્વ. દિલીપ, હેમંતના ભાભી. હીરજી કાનજી આશરની પુત્રી. તા. ૩૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૫ના સાંજના ૫થી ૬.૩૦. ઠે. ગુજરાત સમાજ, સેક્ટર ૧૫, વાશી, નવી મુંબઇ ખાતે રાખેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

દશા સોરઠિયા વણિક

વડિયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. દિપક જયંતિલાલ ધ્રુવના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૦) તે શુક્રવાર તા. ૨૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જતન અને સ્વ. પ્રિતેશના માતુશ્રી. સારિકાના સાસુ. ધાર્મિક, ધનિકાનાં દાદી. સ્વ. વસંતભાઇ, સ્વ. કનુભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. નિરંજનભાઇ ગાંધીના બહેન. ચંદ્રકાંત બાળા બોહવાડેના વેવાણ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

ગામ અંજાર, હાલ કોપરખૈરણે, ગં. સ્વ. જશોદાબેન (ઉં. વ. ૯૫) તે સ્વ. મંગલજી મોતીરામ કોડરાણીના ધર્મપત્ની, સ્વ. ખટાઉ માણેક (વરસામેડી)ના પુત્રી. સ્વ. જમનાદાસ કોડરાણી, ગં.સ્વ. કાંતાબેન ચત્રભુજ કોટક, સ્વ. દેવકાબેન દયાળજી રવાસીયા, કંચનબેન વિસનજી ઠક્કર, મધુબેન પ્રતાપ પલણ, ગં.સ્વ. ચંદ્રિકાબેન અરૂણ ભીંડે, સરોજબેન ઘનશ્યામ દૈયાના માતાજી, સ્વ. અ.સૌ. પુષ્પાબેન જમનાદાસ કોડરાણીના સાસુમા. દીપક, છાયા રાજેશ ધીરાવાણી, મનિષા મહેશ ઘેરાઈ, જીગ્ના રાકેશ તન્નાના દાદીમા. તા. ૨૯-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. એમની બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨-૧૨-૨૫ ૫ થી ૬.૩૦. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુન્ડ વે. લૌકિક વ્યવહાર બંધ છે.

નડિયાદ દશા ખડાયતા વણિક

ઇન્દુમતી ભગવાનદાસ દેસાઇ (ઉં. વ. ૯૩) તે સ્વ. ભગવાનદાસ વ્રજલાલ દેસાઇના પત્ની. નીલા દિલીપ ચુડગર, સ્વ. વીરેન દેસાઈ, વર્ષા નિલેશ દલાલ, તૃપ્તિ કેતન ભગતના માતા. સ્વ. સીતાના સાસુ, ડૉ. રમણલાલ સોમચંદ શાહના દીકરી. તા. ૨૭-૧૧ -૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવ્યહાર બંધ છે.

કપોળ

તણસાવાળા હાલ મીરારોડ, સ્વ. સુરેશભાઈ કાંતિલાલ મથુરિયાના ધર્મપત્ની ગં.સ્વ. મૃદુલાબેન (ઉં. વ. ૮૦) તા. ૨૯/૧૧/૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. અ.સૌ. જાગૃતિ વિજય મહેતા, અ.સૌ. મીના હિતેશ મહેતા, અ.સૌ. હેમા વિપુલ સંઘવી, સ્વ. ભાવેશના માતુશ્રી. મધુભાઈ કાંતિલાલ મથુરિયા, સ્વ. શૈલેષભાઈ, ગં.સ્વ. કોકિલાબેન ચંદ્રકાંત ગાંધી, સ્વ. શશિકલાબેન મંગલદાસ મહેતા, અ.સૌ. અર્ચનાબેન નવિશચંદ્ર ભુવાના ભાભી. મિનાક્ષીબેનના જેઠાણી. પિયરપક્ષે મહુવાવાળા સ્વ. રમાબેન રમણીકલાલ મોદીની પુત્રી. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૨/૧૨/૨૫ના મંગળવારના કપોળ વાડી, કમિનિયા કમ્પાઉન્ડ, એમ.જી. ક્રોસ રોડ, નંબર-૧ એચ. હાઈસ્કૂલની સામે, બોરીવલી પૂર્વ,

પાવરાઈ ભાટિયા

૫. ભ. જયસિંહ જમનાદાસ ઠક્કર (કાકુભાઈ) (ઉં. વ. ૮૮) રવિવાર તા. ૩૦-૧૧-૨૫ના અક્ષરધામ સિધાવ્યા છે. તે અ. નિ. ઝવેરબેન જમનાદાસના પુત્ર. સ્વ. દમયંતી દેવીદાસ કાપડિયાના જમાઈ. જ્યોતિબેનના પતિ. સ્વ. કોકિલાબેન, સ્વ. કૃષ્ણાબેન, સ્વ. કુસુમબેન, સ્વ. લીલાવતીબેન, શિરીષના ભાઈ. માલા યોગેશ રામૈયા, અમર, ધર્મેનના પિતા, નીતા, રીટા, વૈશાલીના સસરા. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૦૪/૧૨/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. ગુજરાત ભવન, પરમાર્થ નિકેતન માર્ગ, જુહુ નગર, સેક્ટર ૧૫, વાશી, નવી મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના	મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે	(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા



જીવનના તથા સંપત્તિના ચાર તબક્કા...

સંપત્તિની વ્યાખ્યા આપણે સમજીએ છીએ એના કરતાં વધુ વ્યાપક અને બહુ પરિમાણી છે.

શસ્ત્રો આપણા જીવનને ચાર મુખ્ય તબક્કામાં વિભાજિત કરે છે, જેમકે ...

બ્રહ્મચર્યાશ્રમ- ગૃહસ્થાશ્રમ- વાનપ્રસ્થાશ્રમ -સંન્યસ્તાશ્રમ

આપણે સૌ સ્કૂલના દિવસોમાં આ વાત ભણી ચૂકયા છીએ. આપણી સંપત્તિને પણ આ ચાર તબક્કા અનુસાર વગીકૃત કરી શકાય છે ,ઉદાહરણ તરીકે...

બહ્માચર્યાશ્રમ જ્ઞાનપ્રાપ્તિ માટે છે. તેનો સંબંધ સાદગીભર્યાં જીવન સાથે પણ છે. આશ્રમમાં જુદા જુદા પ્રકારની વિદ્યાઓની સાથે સંપત્તિનું સર્જન કઇ રીતે કરવું અને કેવી રીતે વપરાશ કરવો તે ગુરુ પોતાના શિષ્યોને શીખવતા.

આ તબક્કો જીવનનાં પહેલાં પચીસ વર્ષ સુધી ચાલે છે.

બીજા તબક્કો છે ગૃહસ્થાશ્રમ-અત્યાર સુધી જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે તેને વ્યવહારમાં મૂકીને સંપત્તિનું સર્જન કરવાનો તેમ જ માણવાનો આ કાલખંડ છે. આ તબક્કો ઉંમરના ૨૬માંથી ૫૦મા વર્ષ સુધી ચાલે છે. એ પછી આવે છે ત્રીજો તબક્કો છે, વાનપ્રસ્થાશ્રમ.

આ 'આપી દેવાનો' સમય છે. જે કંઇ સંપત્તિ એકઠી કરી છે તે આપણી પછીને -આગલી પેઢીને સુપરત કરવાની છે, આપણા અનુભવો પણ તેમની સાથે વહેંચવાના છે. જિંદગીમાં જે કંઇ જ્ઞાન અને ડહાપણ મેળવ્યાં છે તેની શીખ એમને આપવાની છે. ૫૧માંથી ૭૫મા વર્ષ સુધી ચાલતા તબક્કામાં સંસારનો ત્યાગ કરવાની તૈયારી પણ શરૂ કરવાની છે.

સંન્યસ્તાશ્રમ જીવનનું અંતિમ ચરણ છે. આ તબક્કામાં સંસારની મોહમાયાનો ત્યાગ કરવાનો છે. હવે બાહ્ય જગતનાં કોઇ વળગણ નહીં જોઇએ. જીવનના આ આખરી તબક્કાનો સમયગાળો છે-૭૬થી ૧૦૦ વર્ષ.

નામ, જિંદગીનાં પહેલાં ૨૫ વર્ષ સંપત્તિ-સર્જન વિશેના પાઠ શીખવા માટેનાં છે, પછીનાં ૨૫ વર્ષ ધન કમાઇને તેનો ઉપયોગ કરવાં માટેનાં છે, તે પછીનાં પચ્ચીસ વર્ષ આગલી પેઢીને તે આપતાં જવા માટેનાં છે અને અંતિમ પચ્ચીસ વર્ષ મોહમાયામુક્ત થઇને જીવવા માટેનાં છે.

આ ચારેય તબક્કાનો સંબંધ જે-તે સમયનાં આપણા સ્વાસ્થ્ય અને લાગણીઓ સાથે પણ છે. જો આપણે આ માર્ગદર્શિકાને અનુસરીશું તો જીવનનો પ્રત્યેક તબક્કો માણી શકીશું, અલબત્ત, બને છે એવું કે આપણે આ તબક્કાઓનો ક્રમ ઊલટસૂલટ કરી નાખીએ છીએ જેને કારણે જિંદગીમાં અરાજકતા ફેલાઇ જાય છે.

પહેલાં પચ્ચીસ વર્ષ જ્ઞાનપ્રાપ્તિનાં છે. સંપત્તિ કે દુન્યવી સુખોને માણવાનો આ સમય નથી. જોકે, આ વર્ષોમાં ભૌતિક સુખો અને જાતીય આનંદ માણવાનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. કેટલાંય મા-બાપ સંતાનોને બહુ જલદી ભૌતિક સુખસગવડો આપી દે છે. કાચી ઉંમરે બાળકો પોતાની રીતે આ બધી ભૌતિક સુવિધાઓ હાંસલ કરવા માટે સક્ષમ હોતાં નથી. પોતાના માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય તે સમજવા જેટલી પરિપકવતા પણ તેમનામાં હોતી નથી. છતાંય તેમને આ સુવિધાઓ મળે છે. તેમને એની ટેવ પડી જાય છે. આને કારણે તેમની માનસિકતા અને દૃષ્ટિકોણ એવી કારકિર્દી તરફી બની જાય છે, જેનાથી એમનું આ જીવનધોરણ ભવિષ્યમાં પણ જળવાઇ રહેશે તેવી ખાતરી મળતી હોય. જ્ઞાન તેમના માટે કેવળ પૈસા કમાવાનું માધ્યમ બનીને રહી જાય છે.

આ બાળકો ગૃહસ્થાશ્રમના મધ્ય ભાગમાં એટલે કે ત્રીસીનાં અંતિમ વર્ષોથી ચાળીસીનાં પ્રારંભિક વર્ષોમાં પહોંચે છે ત્યાં સુધીમાં મોટા ભાગનાં દુન્યવી સુખ માણી ચૂકયાં હોય છે અને હવે તેમને અર્થપૂર્ણ જીવન જીવવા માટે વહેલી નિવૃત્તિ લઇ લેવાની ઇચ્છા જાગે છે. શરીર ગૃહસ્થાશ્રમનાં સુખો માણવા માટે સક્ષમ હોવા છતાં હવે તેઓ માનસિક શાંતિ ઝંખે છે. તેનો વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશવા આતુર બની જાય છે.

અહીં બને છે એવું કે પ્રથમ બે તબક્કા દરમિયાન મોજમજા કરવાના ઉતાવળ થઇ ગઇ હોવાથી તેમણે આ બેમાંથી એકેય તબક્કાને પૂરેપૂરા માણ્યા હોતા નથી. આથી આપણે જોઇએ છીએ કે નિવૃત્તિકાળમાં વયસ્ક લોકોને એ બધું કરવું હોય છે જે સામાન્યપણે જુવાનિયાઓ કરતા હોય. આ વડીલો અમુક બાબતોમાં અસંતુષ્ટ રહી ગયા હોય છે. કમનસીબે તકલીફ એ થાય છે કે હવે તેનું શરીર સાથ આપતું નથી. દિલથી યુવાન ભલે હોય, પણ એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, કોલેસ્ટેરોલની દવાઓ, વગેરેને કારણે તેમના હૃદયના બૂરા હાલ થઇ ચૂકયા હોય છે.

યુવાન માણસની માફક ન જીવી શકવાને કારણે આ વડીલો અસલામતી અનુભવવા લાગે છે. તેથી તેઓ આગલી પેઢીના હાથમાં લગામ સોંપી શકતા નથી. એ વસિયતનામું પણ બનાવવા માગતા નથી. એ જીવનધોરણને વધુને વધુ ઊંચે લઈ જવા માગે છે. જીવનશૈલી સંબધિત બીમારીઓ આનું જ પરિણામ છે.

અસલામતીની લાગણીને લીધે અહમના સવાલ પણ ખડા થાય છે, કેમ કે આવા માણસોને અન્યોને ધ્યાન અને મહત્ત્વ જોઇતું હોય છે. ઉદાહરણ તરીકે, આપણે ઘણીવાર જોઇએ છીએ કે અમુક દાદા-દાદી અવારનવાર પોતાનાં પૌત્ર- પૌત્રીઓ માટે મોંઘીદાટ ભેટસોગાદો ખરીદતાં રહે છે અને પછી ફરિયાદ કરે છે કે કશુંક જોઇતું હોય ત્યારે જ બાળકો અમને યાદ કરે છે.

હકીકતમાં જીવનના ચાર તબક્કા શારીરિક સ્થિતિ, માનસિક અવસ્થા, માનવીય લાગણીઓ, ઝંખનાઓ અને વર્તણૂકને આધાર નક્કી કરવામાં આવ્યા છે. એના ક્રમમાં ઊલટસૂલટ ન કરીએ. ક્રમ આઘોપાછો કરી નાખવાથી જીવનનો લય અને પ્રવાહિતા ખોરવાઇ જાય છે. તેને કારણે જીવનના કોઇ પણ તબક્કામાં સંપત્તિને પૂરેપૂરી માણી શકાતી નથી. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

નાણાકીય સ્પષ્ટતા
૫૦/30/૨૦ બજેટિંગ નિયમ
દ્વારા તમારાં નાણાં પર નિયંત્રણ મેળવો

આજના જટિલ નાણાકીય માહોલમાં સ્પષ્ટ અને ટકાઉ બજેટ સ્થાપિત કરવું એ લાંબા ગાળાની સંપત્તિ અને સુરક્ષાનો પાયો છે. ઘણા લોકોને બજેટિંગનું નિયમન વધુ પડતું જટિલ લાગે છે.

અહીં એમની મદદે આવે છે ૫૦/૩૦/૨૦ નિયમ એક સરળ, શક્તિશાળી માર્ગદર્શિકા, જે તમારી કર પછીની આવકના આધારે વ્યક્તિગત નાણાંને ત્રણ સરળતાથી વ્યવસ્થાપિત શ્રેણીમાં વિભાજિત કરે છે.

ત્રણ મુખ્ય ભાગઃ આ સંખ્યાઓનો અર્થ શું છે?

૫૦/૩૦/૨૦ નિયમ નિર્ધારિત કરે છે કે તમારી માસિક ઘરે લઈ જવાની આવક કેવી રીતે ફાળવવી જોઈએઃ

૫૦% જરૂરિયાતો માટે :

તમારા બજેટનો આ સૌથી મોટો હિસ્સો છે, જે જીવન ટકાવી રાખવા માટે જરૂરી, અનિવાર્ય ખર્ચાઓ માટે ફાળવવામાં આવે છે.

ઉદાહરણઃ ભાડાની ચૂકવણી, વીમા પ્રીમિયમ, લોનની ચુકવણી, કરિયાણું, યુટિલિટી બિલ્સ અને અન્ય જરૂરી ખર્ચા.

લક્ષ્યઃ તમારા આવશ્યક જીવનનિર્વાહ ખર્ચાઓ તમારી ઘરે લઈ જવાની આવકના અડધાથી વધુ ન હોવા જોઈએ. જો તમારી જરૂરિયાતો આ મર્યાદા વટાવી જાય, તો તે સંકેત છે કે તમારે પુનરાવર્તિત ખર્ચાઓ ઘટાડવાના માર્ગો શોધવાની જરૂર છે.

૩૦% ઇચ્છાઓ માટે (જીવનશૈલી):

આ શ્રેણીમાં એવા બધા ખર્ચાનો સમાવેશ થાય છે, જે તમારા જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે, પરંતુ તે અત્યંત જરૂરી નથી. નાણાંની તંગી હોય તો આ એવી વસ્તુઓ છે જેના પર તમે કાપ મૂકી શકો છો.

ઉદાહરણઃ મનોરંજન- બહાર જમવા માટેના ખર્ચ - જિમ મેમ્બરશિપ- પર્યટન, મોંઘા કપડાં, વગેરે.

શક્તિઃ આ વિભાગ તમને છૂટછાટ આપે છે. તે તમને જવાબદાર બનીને પણ જીવનનો આનંદ માણવા દે છે, જેથી બજેટ બનાવવાનો કંટાળો આવતો નથી.

૨૦% બચત અને દેવું ચૂકવવા માટે (તમારું ભવિષ્ય):

આ સૌથી મહત્ત્વપૂર્ણ શ્રેણી છે, જે તમારા ભવિષ્યની નાણાકીય સુરક્ષા બનાવવા પર કેન્દ્રિત છે. આ ૨૦% તમારી સંપત્તિ વધારવા અને દેવું દૂર કરવા માટે પ્રતિબદ્ધ હોવા જોઈએ.

ઉદાહરણઃ રિટાયરમેન્ટ ફંડમાં યોગદાન, આકસ્મિક જરૂરિયાતો માટેની બચત, ભવિષ્યનાં લક્ષ્યો માટે રોકાણ, અને દેવું ચૂકવવું.

અગ્રતાઃ આ ભાગને એક અનિવાર્ય બિલની જેમ ગણવો જોઈએ અને પહેલા ચૂકવવો જોઈએ.

હવે જાણીએ ૫૦/૩૦/૨૦ નિયમ શા માટે કામ કરે છે?

આ નિયમનું આકર્ષણ તેની સરળતા અને સ્પષ્ટતામાં રહેલું છે. આ તમને જટિલ બજેટ પ્લાનિંગની કડાકૂટથી ઉગારે છે.

જટિલતાને બદલે સ્પષ્ટતાઃ

શૂન્ય આધારિત જટિલ બજેટિંગથી વિપરિત, જેમાં દરેક પૈસાનો હિસાબ રાખવો પડે છે. આ નિયમ તમને વ્યાપક, વ્યવસ્થાપિત 'બકેટ' (હિસ્સાઓ) આપે છે.

તે ફક્ત તમારા ''ઇચ્છાઓ'' ના બકેટનો ભાગ છે.

વર્તમાન ને ભવિષ્ય વચ્ચે સંતુલનઃ

આ નિયમ એક જરૂરી સંતુલન જાળવે છે. ૫૦ % ખાતરી કરે છે કે તમે આવશ્યક વસ્તુઓ આવરી શકો, જ્યારે ૩૦% આનંદની મંજૂરી આપે છે અને સૌથી અગત્યનું, સમર્પિત ૨૦% તમારા ભવિષ્યની નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

નાણાકીય સ્વાસ્થ્યની તપાસઃ

જો તમે સતત ૨૦% બચતનું લક્ષ્ય પૂરું કરવા માટે સંઘર્ષ કરો છો, તો આ નિયમ એક નિદાન સાધન (diagnostic tool) તરીકે કાર્ય કરે છે. તે તમને તમારી ''જરૂરિયાતો'' (૫૦%) અને ''ઇચ્છાઓ'' (૩૦%) પર જોવા અને ગોઠવણો કરવા માટે મજબૂર કરે છે.

અલબત્ત, ૫૦/૩૦/૨૦ નિયમ એ દરેક માટે એકસરખો નિયમ નથી, પરંતુ એક સગવડીયું માળખું છે. આ માળખાને અનુસરીને, તમે ફક્ત નાણાં ખર્ચવાને બદલે સહેતુક રીતે તેનું સંચાલન કરવાનું શરૂ કરો છો, જે તમને વધુ નિયંત્રણ અને નાણાકીય સ્વતંત્રતા તરફનો સ્પષ્ટ માર્ગ આપે છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

વારંવાર અનુભવો છો
ઝણઝણાટી?
-તો ચેક કરાવી લો... તમને આ રોગ હોઈ શકે છે!

આપણે લાંબા સમયથી એકજ અવસ્થામાં ઊભા રહીએ કે બેઠા રહીએ, અથવા ઘણીવાર એકજ અવસ્થામાં સૂતા રહીએ તો પણ આપણને લાહીનું પરિભ્રમણ થંભી ગયું હોય તેવી ઝણઝણાટીનો અનુભવ થાય છે. આપણે સામાન્ય ભાષામાં તેને ખાલી ચડી ગઈ તેમ કહીએ છીએ. કેટલીકવાર આવો અનુભવ એ સિવાય પણ થતો રહે છે.

હાથ કે પગમાં ઝણઝણાટ, નિષ્ક્રિયતા અથવા સોય ભોંકાયાની લાગણી દરેક વ્યક્તિ ક્યારેક તો અનુભવે જ છે. મોટાભાગે આપણે તેને ગંભીરતાથી નથી લેતા. આપણા માટે તે એક સંકેત છે કે કોઈ અંગ, ઊંઘમાં, છે અને તમારે સ્થાન બદલવાની અથવા ફરવાની જરૂર છે. પરંતુ જ્યારે આ અનુભવ દૂર થતો નથી અથવા વારંવાર થાય છે, ત્યારે તે એક મહત્વપૂર્ણ તબીબી સ્થિતિનું લક્ષણ હોઈ શકે છે. આ સ્થિતિને પેરેસ્થેસિયા (Paresthesia) તરીકે ઓળખવામાં આવે છે.

પેરેસ્થેસિય એ કળતર, બળતરા, ખંજવાળ અથવા ઝણઝણાટ, સોય ભોંકાયાની લાગણી અથવા તમારી ત્વચા પર અથવા તેની નીચે નિષ્ક્રિયતા આવવાની સંવેદના માટેનો ટેકિનકલ શબ્દ છે. તે તમારા શરીરની કોઈ ચોક્કસ જગ્યાએ અથવા સમગ્ર શરીર પરનાં સ્થળોને અસર કરી શકે છે, કોઈપણ બાહ્ય કારણ કે ચેતવણી વિના. સામાન્ય રીતે, પેરેસ્થેસિયા પીડારહિત અને બિન-હાનિકારક હોય છે. આ બહુ સામાન્ય અનુભવ છે. તે ફક્ત તમારા શરીરની સામાન્ય કામગીરીનું પ્રતિબિંબ છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં, પેરેસ્થેસિયા તબીબી સમસ્યાનો સંકેત આપી શકે છે.



પેરેસ્થેસિયાના પ્રકારઃ

પેરેસ્થેસિયાનાં બે મુખ્ય સ્વરૂપો છેઃ

ક્ષણિકઃ આ વધુ સામાન્ય પ્રકાર છે. જેમ નામ સૂચવે છે, તે લાંબા સમય સુધી ચાલતો નથી. ઉદાહરણ તરીકે, જો તમે ખૂબ લાંબા સમય સુધી બેઠા હો તો તમારા પગમાં થોડી કળતર અથવા ઝણઝણાટીની લાગણી થઈ શકે છે. એકવાર તમે તમારા પગને લંબાવી લો, પછી લાગણી સામાન્ય થઈ જશે.

સતત (ક્રોનિક): આ સ્થિતિમાં પેરેસ્થેસિયા રહે છે અને દૂર થતું નથી. તે સામાન્ય રીતે એવી સમસ્યાઓનું લક્ષણ છે જેને તબીબી સહાયની જરૂર પડી શકે છે. કાર્પલ ટનલ સિન્ડ્રોમ અથવા ક્યુબિટલ ટનલ સિન્ડ્રોમ જેવી સ્થિતિઓ છે જેનાથી ક્રોનિક પેરેસ્થેસિયા થઈ શકે છે. રક્ત પરિભ્રમણના અભાવ અથવા ચેતાને નુકસાનને કારણે સતત પેરેસ્થેસિયા પણ થઈ શકે છે, જે બંને ઘણીવાર વધુ ગંભીર હોય છે.

શું હોઈ શકે કારણો?

ક્ષણિક પેરેસ્થેસિયાના કારણો તો આપણે ઉપર જોયા. ક્યારેક અચાનક આપણો હાથ કે પગ ક્યાંક અથડાય ત્યારે પણ આપણે ઝણઝણાટી અનુભવીએ છીએ. આ બહુ સામાન્ય છે અને ગંભીર નથી. પણ કાયમી પેરેસ્થેસિયાનાં કારણો ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

નર્વસ સિસ્ટમનાં કારણોઃ મગજની ગાંઠ અથવા રક્તસ્ત્રાવ, માથામાં ઈજા અથવા આઘાત, પેરિફેરલ ન્યુરોપથી, સ્ટ્રોક જેવાં કારણો તેમાં સામેલ છે.

મેટાબોલિક અને અંતઃસ્ત્રાવી કારણોઃ મેટાબોલિક અને અંતઃસ્ત્રાવી કારણોમાં વિટામિનની ઉણપ, ચોક્કસ હોર્મોન્સને અસર કરતી પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થાય છે.

ડાયાબિટીસ-સંબંધિત ન્યુરોપથી (ચેતા નુકસાન), ઇલેક્ટ્રોલાઇટ અસંતુલન, હાયપોગ્લાયકેમિઆ, હાયપો-પેરાથાઇરોઇડિઝમ, મેનોપોઝ, કે વિટામિન બીની ઊણપ જેવા કારણો હોઈ શકે.

ચેપી રોગોઃ એન્સેફાલીટીસ, મેનિન્જાઇટિસ, રક્તપિત્ત, એચઆઈવી, સિફિલિસ અને કેટલાક અન્ય ચેપી રોગો પણ પેરેસ્થેસિયાનું કારણ બની શકે છે.

તે ઉપરાંત કેટલાક ટોક્સિન્સ (ઝેરી તત્ત્વો)ના કારણે પણ અસર થઇ શકે છે, જેવા કે આલ્કોહોલ, કાર્બન મોનોક્સાઇડ, સીસું, વગેરે.

ઘણીવાર ગર્ભવતી સ્ત્રીઓ પણ પેરેસ્થેસિયા અનુભવી શકે, તો કેટલીક દવાઓની અસર રૂપે પણ તે થઇ શકે. આ ઉપરાંત પણ ઘણાં કારણો છે.

કોને જોખમ વધારે છે?

કેટલાક લોકોને અન્ય કરતાં પેરેસ્થેસિયા થવાનું જોખમ વધારે હોય છે. જેમકે, સ્થૂળ, થાઇરોઇડથી પીડાતા, ડાયાબિટીઝ ધરાવતા, રુમેટોઇડ આર્થરાઇટિસ ધરાવતા લોકોને પણ તે થવાની શક્યતા વધુ છે. લાંબો સમયથી જેમને પથારીવશ રહેવું પડ્યું હોય તેમને આ સમસ્યા સતાવી શકે છે. ઉપરાંત આજના જમાનામાં શરીરના અંગનું એકજ પ્રકારનું સતત હલનચલન કરનાર; જેમકે જે લોકોને એવી નોકરીઓ અથવા શોખ હોય છે જેમાં હાથ, કોણી અથવા પગને વારંવાર હલનચલન કરવાની જરૂર પડે છે તેમને પેરેસ્થેસિયા થવાનું જોખમ વધારે હોય છે. તેમાં કોમ્પ્યુટર પર સતત ટાઈપ કરતા કે મોબાઈલ પર સતત આંગળીઓ ચલાવતા લોકો પણ આવી ગયા!

ઉપચાર શું કરી શકાય?

ક્ષણિક પેરેસ્થેસિયાના કિસ્સામાં તો કોઈ ક્ષણિક પેરેસ્થેસિયાના કિસ્સામાં તો કોઈ ઉપચાર કરવાની જરૂર પડતી નથી. પણ સતત થતી તકલીફમાં તબીબ કારણ જાણીને તે મુજબ તેનો ઉપચાર સૂચવી શકે છે. મહત્વની વાત એ છે કે આપણને આ તકલીફ ક્યારેક થાય છે કે વારંવાર તેની આપણે જાગૃતપણે નોંધ લઈએ. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

વ્યુત્ક્રમ કપાલભાતિ

(ગતાંકથી ચાલુ)

૪. કપાલભાતિ દરમિયાન પેટ સિવાય અન્ય અંગનું હલનચલન ન થાય તેની કાળજી રાખો. માથું કે છાતી સ્થિર રાખો. ચહેરા પર વિકૃત રેખાઓ ન પડે તેની કાળજી રાખો.

૫. એક પરંપરા મુજબ કપાલભાતિ દરમિયાન શ્વાસનળીના છેડા (glittis)ને સહેજ સંકોચવામાં આવે છે. આ પદ્ધતિમાં પણ શ્વસન માર્ગમાં એટલું ઓછું સંકોચન કરવામાં આવે છે કે વાયુના માર્ગમાં અવરોધ થતો નથી. માત્ર અવાજમાં થોડો ફેર પડે છે.

૬. પ્રાણયામનો અભ્યાસ કરનાર સાધકે સામાન્યવતઃ પ્રાણાયામ શરૂ કરતાં પહેલાં કપાલભાતિનો થોડો અભ્યાસ કરવો. તેમ કરવાથી પ્રાણાયામ સારી રીતે થઈ શકશે.

૭. કપાલભાતિનો અભ્યાસ સવાર-સાંજ થાય છે, બપોરે નહીં.

* * *

કપાલભાતિનું મુખ્ય અને પ્રચલિત રૂપ ઉપર વર્ણવ્યા મુજબ છે, પરંતુ આ સિવાય બીજાં બે સ્વરૂપોનું વર્ણન પણ ઘેરંડ સંહિતામાં મળે છે.

૨) વ્યુત્ક્રમ કપાલભાતિ

(૧) નામઃ

વ્યુત્ક્રમ એટલે ઊલટો ક્રમ. સામાન્યતઃ આપણે મોઢેથી પાણી પીએ છીએ, પરંતુ વ્યુત્ક્રમ કપાલભાતિમાં નાકથી પાણી ખેંચવામાં આવે છે તેથી તેને વ્યુત્ક્રમ કપાલભાતિ કહે છે.

(૨) પદ્ધતિઃ

૧) પગ થોડા પહોળા રાખો. ઊભો રહો. થોડા આગળ નમો.

૨) કાચના પ્યાલામાં સ્વચ્છ નવસેકું પાણી લો. પ્યાલો નસકોરાના મૂળ પાસે ગોઠવો.

૩) માથું ઊંચું કરો. સાથે સાથે પ્યાલો પણ ઉપર વાળો. પાણી ધીમે ધીમે નાકમાં જાય તેવી રીતે પ્યાલો અને મસ્તક ગોઠવો.

૪) નાક દ્વારા ખૂબ ધીમે ધીમે જાળવીને શ્વાસ અંદર ખેંચો. ધીમે ધીમે પાણી નાક દ્વારા અંદર આવવા દો.

૫) પાણી પેટમાં ઉતારવાનું નથી. નાક દ્વારા પાણી અંદર જાય એટલે મુખ દ્વારા એવી ક્રિયા કરો કે પાણી પેટમાં જવાને બદલે મુખમાં પાછું આવે. આ રીતે મુખમાં આવતું પાણી બહાર કાઢતાં જાઓ.

૬) આ રીતે આશરે અડધો પ્યાલો નાકમાંથી લઈ મુખ દ્વારા બહાર આવવા દો.

(૩) વિશેષ નોંધઃ

૧) આ ક્રિયા દરમિયાન પાણી મુખ દ્વારા બહાર કાઢવાનું છે. તેથી આ ક્રિયા દરમિયાન ચોકડીમાં ઊભા રહો અથવા શરીરની સામે મોટું વાસણ ગોઠવો. અથવા બહાર પ્રાંગણમાં પણ આ ક્રિયા કરી શકાય છે.

૨) ઊભા ઊભા ન ફાવે તો બેસીને પણ આ ક્રિયા કરી શકાય છે, પરંતુ ઊભા રહેવું વધારે અનુકૂળ છે.

૩) પ્યાલો નસકોરાનાં મૂળ પાસે કંઈક દબાવીને ગોઠવો. જેથી નાક અને પ્યાલા વચ્ચેથી પાણી ઢોળાય નહીં. તે માટે ધાતુના પ્યાલા કરતાં કાચનો પ્યાલો વધુ અનુકૂળ છે. કેમ કે ધાતુનો પ્યાલો દબાવીને ગોઠવવામાં આવે તો ચામડીમાં પીડા કરી શકે છે.

૪) નાકમાંથી ખેંચેલું પાણી મુખ દ્વારા બહાર કાઢવાને બદલે પેટમાં ઉતારી જવાની પણ એક ક્રિયા છે. તેને આયુર્વેદમાં ઉષઃપાન કહે છે.



૫) અભ્યાસ હસ્તગત થયા પછી નવ સેકા પાણીને બદલે અનુકૂળ હોય તેઓ સામાન્ય ઠંડું પાણી પણ લઈ શકે છે.

૬) સામાન્યતઃ આ ક્રિયા સવારે કરવાની છે.

(૪) સાવચેતી :

૧) આ ક્રિયા શરૂ કરતાં પહેલાં નાક-મુખ સારી રીતે સાફ કરવા.

૨) પ્રારંભમાં પાણી થોડું અને ધીમે ધીમે પીઓ. નાકથી પાણી ખેંચવામાં થોડી પણ ઉતાવળ થશે તો પાણી ઉપર ચડશે અને નાકમાં બળતરા થશે તેમજ આંખમાં પાણી આવી જશે.

૩) મોઢું અને પ્યાલો ઊંચાં ગોઠવવા. જેથી પાણીને અંદર લેવા માટે અંદરથી વધુ ખેંચાણ ન કરવું પડે.

૪) પ્રારંભમાં શરદી થવાનો ભય છે. હિંમત અને ધીરજ રાખવી અને સાવધાન પણ રહેવું.

૫) આ ક્રિયા પૂરી થયા બાદ નાક-મોં બરાબર સાફ કરવાં. આંખો પર ઠંડું પાણી છાંટવું.

૬) આ ક્રિયા પછી નાકમાં રહી ગયેલું બધું પાણી બહાર નીકળી જાય તેની કાળજી રાખવી, અન્યથા શરદી થવાનું જોખમ છે. આ માટે મસ્તકને આગળ નમાવી સહેજ ત્રાસું કરી ઊભા રહેવું. બંને બાજુ આ રીતે કરવું. પણ થોડીવાર કપાલભાતિ કરવી.

૭) થોડું પાણી પ્યાલામાંથી ઢોળાય તો વાંધો નહીં. છતાં પાણી ન ઢોળાય તે ઉત્તમ છે.

૮) જેઓને નાકમાંથી પાણી વહેવાની કે શરદીની કાયમી તકલીફ રહેતી હોય તેમણે આ ક્રિયા જાણકારનાં માર્ગદર્શન હેઠળ જ કરવી.

(૫) વ્યુત્ક્રમ કપાલભાતિથી શું થાય છે?

૧) આંખના સ્વાસ્થ્ય માટે આ ક્રિયા ઉત્તમ છે.

૨) શિરદર્દમાં આ ક્રિયાથી રાહત થાય છે.

૩) નાકમાં મસાની તકલીફ હોય તો તે માટે આ ક્રિયા ઉત્તમ ઉપાય છે.

૪) કફ અને પિત્તજન્ય પ્રકોપ આ ક્રિયાથી શાંત થાય છે.

૫) કફદોષનું નિવારણ થતાં ચહેરા પર ચમક આવે છે એ અર્થમાં આ કપાલભાતિ છે.

૩. શીતક્રમ કપાલભાતિ

૧. નામઃ

આ શોધનકર્મમાં શી....ઈ....ઈત્ એવા અવાજ સાથે મુખથી પાણી ખેંચવાનું હોય છે. તેથી તેને શીતક્રમ કપાલભાતિ કહે છે.

૨. પદ્ધતિઃ

૧. બંને પગ પહોળા રાખી ઊભા રહો.

૨. પ્યાલામાં નવસેકું સ્વચ્છ પાણી લો. પાણી શી....ઈ....ઈત્ એવા અવાજ સાથે મુખમાં ખેંચો. ચા પીતા હોઈએ તેવી રીતે પાણી અંદર ખેંચવાનું છે. આ રીતે પાણીથી આખું મુખ ભરી દો. પાણી પેટમાં નીચે ઊતરવાનું નથી.

૩. માથું ઊંચો કરો. પાણી ગળા તરફ જશે.

૪. પાણીને ઉપર નાક તરફ ચડાવવાનું છે એવી જાગૃતિ સાથે, અન્નનળીનું મુખ બંધ કરી માથું નીચું કરો. પાણીમાનો કેટલોક ભાગ મોઢામાં જ રહેશે પરંતુ કેટલોક ભાગ નાકમાં ઉપર ચડી, નસકોરા દ્વારા બહાર આવશે. આ રીતે વારંવાર કરો.

(૩) વિશેષ નોંધ :

૧) વ્યુત્ક્રમ અને શીતક્રમ કપાલભાતિમાં ભેદ એટલો છે કે વ્યુત્ક્રમ કપાલભાતિમાં નાકમાં પાણી ખેંચીને મુખદ્વારા બહાર કાઢવામાં આવે છે. જ્યારે શીતક્રમ કપાલભાતિમાં પાણી મુખથી ખેંચીને નાક દ્વારા બહાર કાઢવામાં આવે છે.

૨) વ્યુત્ક્રમ કપાલભાતિ કરતાં આ ક્રિયા કઠિન છે. તેથી અભ્યાસ ધીમે ધીમે વધારવો.

૩) આ ક્રિયાથી પ્રારંભમાં નાક અને આંખોમાં ઘણી બળતરા થાય છે.

૪) આ ક્રિયા ઊભા ઊભા કરવાની રીત સારી છે. તેમ ન જ ફાવે તો બેસી પણ શકાય.

૫) આ ક્રિયા ચોકડીમાં કે પ્રાંગણમાં રહીને કરી શકાય અથવા આગળ મોટું વાસણ મૂકીને પણ કરી શકાય છે.

ફુલાવો પેટી ઢીલું છોડો. પેટ આપોઆપ અંદર આવશે. આ થયો ઉડ્ડિયાન બંધ. જ્યાં સુધી ઉડ્ડિયાન બંધ ધારણ કરો ત્યાં સુધી શ્વાસ બહાર જ રહેશે. ઉડ્ડિયાન એ નૌલિ માટેની પ્રાથમિક ક્રિયા છે. નૌલિ ત્યાર પછીનું સોપાન છે. એટલે ઉડ્ડિયાનનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી જ નૌલિ ક્રિયાનો પ્રારંભ કરવો. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠકર

ઈશ્વરે ઉછીના આપેલા દેહને કાલે ઈકોતેર પૂરા...



'અલ્યા ભાઈ, કબૂલ કે ઉપરવાળાની મરજી વગર નીચેવાળોઉપર જઈ શકતો નથી પણ ઉપરવાળો એની મરજીથી આપણને ફટ કરતો નીચે ધકેલી દે. વાત કરવી છે ઠે..ઠ ૩ ડિસેમ્બર -૧૯૫૪ની. પૃથ્વી પર મારો પ્રવેશ... એ દિવસે મેં પ્રભુને કરગરી કીધું :

'ના પ્રભુ ના મારે તને છોડી નીચે જવું નથી. મારો કોઈ ગુનો? કોઈ વાંક? કોઈ દોષ? આ તો તારી દાદાગીરી કેવાય. તારી સાથે છું તો વાંધો શું છે?'

પણ એણે તો માટીમાંથી મારું રમકડું ઘડીને તૈયાર જ રાખેલું બસ, હવે આયુષ્યની ચાવી આપી છોડે એટલી જ વાર પછી સરરરસટ કરતા નીચે છતાં મેં વળી છેલ્લીવારની ગૂગલી ફેંકી :

'સાંભળ પ્રભુ મને આ સંસારમાં કાયાના-માયાના ડખામાં નઈ પાડ. જેને જોયા જ નથી એવા સાવ અજાણ્યા લોકો ને અજાણ્યા મુલકમાં નઈ મોકલ. યુ નો કે મા-બાપથી માંડી કેટલાયને હવે પોતાના કરવામાં કેટલી મજૂરી કરવી પડશે? ડર છે કદાચ એ લોકો મારી માત્ર પથારી જ નઈ પણ ઓશિકા-ઓઢવાના સાથે આખો પલંગ ફેરવી કાઢશે. સોરી, પ્રભુ હમણાં મને નીચે જવાના કોઈ અભરખા નથી'

'અરે, અભરખા નથી એટલે? કેટલી મહેનત કરી તને માટીમાંથી ઘડ્યો છે ને મારે અહીંનું પણ જોવાનું કે નઈ.

અહીં પણ કેટલી ગીર્દી કરવાની? જો આ નીચેથી ઉપર લાવેલાની થપ્પી. અને હું ક્યાં તને કાયમ માટે મોકલું છું, આ તો થોડો ટાઇમ હવાફેર કરવા. જગતને જોવા-માણવા. ફોર એ ચેન્જ. જેવો તારો શ્વાસનો ક્વોટા પૂરો થયો કે તને લેવા હું યમરાજને મોકલીશ એટલે પાછો ઉપર.

અરે તને ખબર પણ નઈ પડે ને ૮૦-૮૫ તો ફટ કરતા ચપટીમાં પૂરા થઇ જશે ને એમાંય જો એક્સિડન્ટ-બેક્સિડન્ટ થયો અથવા બીમારીમાં ખોટો ડોક્ટર પકડાયો તો વહેલા પણ ઉપર આવી જવાય. બરાબર? અને નીચે તને તકલીફ નઈ પડે એ જવાબદારી મારી, બસ. તારે એટલું યાદ રાખવાનું કે નીચે છે ત્યાં સુધી તારા મા-બાપ એ જ તારા ઈશ્વર.સમજ્યો? ચાલ બકા બેસ્ટ લક ફોર યોર ન્યુ જર્ની.'

-ને એક પિતા પોતાની દીકરીને મંડપમાંથી વિદાય કરતો હોય એમ સજળ નયને પ્રભુએ મને ઉપરથી વિદાય કર્યો..

નીચે ટપકવાની સાથે 'પહોંચી ગયો પ્રભુ'નો કરી દીધો મેસેજ..મારા પરિવારમાં મારી કાગડોળે રાહ જોવાતી હતી.. હું જન્મ્યો પણ રડતો ન્હોતો એટલે બસસ્ટોપ પર બસની રાહ જોતા હોય એમ મારા સગા મારા રડવાની રાહ જોતા ટેન્શનમાં મને ઘેરી વળેલા,મેં તરનુંમમાં ભે..એ..એ..એ કરતો જેવો ભેકડો તાણ્યો ને બધા હસ્યા.

એ વખતે હું મૂર્ખો એ ન સમજ્યો કે આ નાટક જીવનભર ચાલતું રહેશે કે હું જયારેજ્યારે રડીશ ત્યારે લોકો હસવાના.બરાબર?

ને ઢેન્ટેણન.... કરતો મારા રુદન સાથે શરૂ થયો મારી પાંચ ઇન્દ્રિયોનો ખેલ. શરીર બન્યું શ્વાસનો ખેલ, મન બનશે વિચારોનો ખેલ, બુદ્ધિ બનશે અહંકારનો ખેલ, ને આત્મા બનશે પરમાત્માનો ખેલ..

આ બાજુ શરૂ થયો મારા ટચસ્ક્રીન શરીરના રમકડાને રમાડવાનો શુભારંભ. થોડા વખતમાં તો સગા-સ્નેહી હરખપદૂડા થઇ હરખ કરવા મારા માટે ડાયપર, ઝભલા ને રમકડા લઇ આવતા.મને ખબર હતી બે-ચાર દિવસ જેટલી નાજુક ઉમરમાં કોઈ ચોયણી-ઝભ્ભો કે શૂટ ન જ આપે.

પછી બધા ટોપાશંકરો જામ થઈ ગયેલી બાટલીનો બૂચ જોરથી ખેંચતા હોય એમ 'હુ..લુ...લુ. 'બોલતા બોલતા મારી કોમળ દાઢી જોરથી ખેંચતા ગયા ને મને થયુ કે હવે પંદર સેકંડ જો વધુ હલાવશે તો દાઢીનો પાર્ટ છૂટો પડી તેના હાથમાં આવી જશે. પછી એ જ દાઢી પર હાથ મૂકી...'બ..કુ..ડી..યા ,ચ..કુ..ડિ..યા ' કરતો જાય ને સ્કૂટરના હેન્ડલ જેવા જાડા હાથે ઘડીયાળના લોલકની જેમ મારી ડોક ડાબે-જમણે ફેરવે. મને થયું આ ટોપો રમાડે છે કે રિપેરિંગ કરે છે. તેની હરકતોથી ને વાંદરા જેવા હાવભાવથી હું હસી પડતો ત્યારે તે બોલતો :

'અરે જુઓ મારો દીકો કેવું હસે છે' અરે એને કોણ સમજાવે કે ટોપા હું તારા પર હસુ છું કે આવડો મોટો ઢગો થઈને આવા ગાંડા શું કામ કાઢે છે. પછી ભવિષ્યમાં મને સર્કસનો ખેલાડી બનાવાનો હોય એમ હાથ-પગ ને માથું મરડી નાખતા.મને થયું આ બધુ છુટ્ટું ન પડી જાય. પછી જાતજાતની કોમેન્ટસ શરૂ થઇ 'જોયું, ટેણિયો અસ્સલ દાદા જેવો જ લાગે છે' આ તો મારી બોલતી બંધ હતી બાકી કઈ દેત કે ટોપા, દાદો જ છું એક વીક પહેલાં રિ-ડેવલોપમેંટ માટે પ્રભુએ ઉપર બોલાવેલો. કોઈ બોલ્યું કે 'નાક તો પપ્પા જેવું જ છે તો બીજું કોઈ તુર્તજ બોલ્યું : 'હા પણ હવે મોટો થઇ પપ્પાનું નાક જાળવે તો સારું. ને આંખ તો જુઓ અદ્દલ કાકા જેવી જ અને એની..બાય ગોડ, મારા હાથ-પગ કે પેટ-છાતી કોના જેવી છે એ તો કોઈ બોલ્યું જ નઈ. ત્યાં તો મારા અંગત બાપુજીના શરીરમાં બલરાજ સહાનીનો આત્મા પ્રવેશ્યો ને કોણીનું ઘોડિયું બનાવી કન્ફયુઝ થઈને ગાવા લાગ્યા :

'તુજે સુરજ કહું યા ચંદા, તુજે દીપ કહુ યા તારા' મને થયું : 'અલ્યા બાપુ, હું તો માણસ છું કે નક્ષત્ર?'

મારી વ્હાલી મંડળી, મૂળ લોચો હવે શરૂ થયો. મારા શરીરની ડિઝાઇન બનાવી નીચે તો મોકલ્યો પણ જે નામને છાતીએ વળગાડી આખી જિંદગી કાઢવાની હતી એ નામ તો હજી પાડ્યું જ નથી. તો હવે? હવે એ નામના ડખા આવતે અઠવાડિયે. શું કહો છો?

feedback@bombaysamachar.com
ફોકસ
નિધિ શુક્લા

કિશોરાવસ્થામાં આ રીતે લો ત્વચાની સંભાળ...

કિશોરાવસ્થા દરમિયાન, ત્વચા ખૂબ જ નાજુક હોય છે. આ સમય દરમિયાન, ત્વચાને ખાસ કાળજીની જરૂર હોય છે. કિશોરાવસ્થા શરૂ થતાં જ શરીરમાં હોર્મોનલ ફેરફારો થવા લાગે છે. આ હોર્મોનલ ફેરફારો છોકરીઓના ચહેરા પર ખીલ દેખાવાનું કારણ બની શકે છે. વધુમાં, કિશોરાવસ્થા દરમિયાન હોર્મોનલ ફેરફારો અન્ય સમસ્યાઓ પણ તરફ દોરી શકે છે.

છોકરીઓએ તેમની ત્વચાની સંભાળ રાખવા માટે ખાસ ટિપ્સનું પાલન કરવું જોઈએ.

મેકઅપ ટાળો

આજકાલ છોકરીઓ નાની ઉંમરથી જ મેકઅપ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવાનું શરૂ કરી દે છે. મેકઅપ પ્રોડક્ટ્સમાં રહેલા રસાયણો ખીલ અને ફોલ્લીઓનું કારણ બની શકે છે, તેથી તેનો ઉપયોગ કરવાનું ટાળો.

ચહેરો સાફ કરો

કિશોરાવસ્થામાં ચહેરાની સફાઈ એ ત્વચા સંભાળમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. કિશોરાવસ્થામાં ઓછામાં ઓછા બે વાર પોતાનો ચહેરો સાફ કરવો જોઈએ. ચહેરાને સાફ કરવા માટે હળવા ક્લીંઝરનો ઉપયોગ કરો. ત્વચાની ઊંડી સફાઈ પણ મહત્ત્વપૂર્ણ છે. છોકરીઓ અઠવાડિયામાં એકવાર ત્વચાને સંપૂર્ણપણે સાફ કરવા માટે સ્ક્રબનો ઉપયોગ કરી શકે છે.

ત્વચા માટે સ્વસ્થ આહાર

સ્વસ્થ ત્વચા માટે, સ્વસ્થ આહાર લો. તમારા આહારમાં ફાઇબર, વિટામિન્સ, કેલ્શિયમ, એન્ટી-ઓક્સિડન્ટ્સ વગેરેનો સમાવેશ કરો. કિશોરાવસ્થા દરમિયાન હાઇડ્રેશનનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ.

આ ઉંમરે શક્ય તેટલું પાણી પીવો. આમ કરવાથી ત્વચા સંબંધિત સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે.

સૂર્યના સંપર્કમાં રહેવાનું ટાળો

સૂર્યના સંપર્કમાં રહેવાથી ત્વચા પર ટેનિંગ થાય છે. ટેનિંગ ત્વચાને કાળી બનાવે છે. વધુ પડતા સૂર્યના સંપર્કમાં આવવાથી તમારી ત્વચાના પ્રકાર પર આધાર રાખીને લાલાશ અને ફોલ્લીઓ પણ થઈ શકે છે. બહાર જતા પહેલા તમારા હાથને મોજાથી ઢાંકો. કોટન મોજા પહેરો. કોટન સ્કાર્ફથી તમારા ચહેરાને ઢાંકો. તમારી ત્વચાના પ્રકાર પર આધાર રાખીને દરરોજ સનસ્ક્રીનનો ઉપયોગ કરો. આ સરળ ટિપ્સથી તમારી ત્વચાની સંભાળ રાખો.



feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

પૌષ્ટિકતાનો ખજાનો ધરાવતો સૂકોમેવો એટલે જ જરદાળુ

જરદાળુ આ સૂકામેવામાં આરોગ્ય સંબંધિત અનેક લાભ સમાયેલાં છે. શિયાળાની શરૂઆત થાય તેની સાથે લગભગ બધા જ ઘરમાં વ્યક્તિદીઠ સૂકામેવાનો ભાગ તૈયાર કરવામાં આવતો હોય છે.

સૂકામેવામાં સ્વાસ્થ્ય સંબંધિત અનેક લાભો સમાયેલાં છે. કાજુ - દ્રાક્ષ અખરોટ - જરદાળુ ખાવાની મજા શબ્દોમાં વર્ણવવી અઘરી છે. અન્ય સૂકામેવાની સરખામણીમાં જરદાળુના લાભ વિશે ઘણી જ ઓછી જાણકારી આપણને હોય છે. જરદાળુની ખાસ વાત એટલે તેને કાચું ફળ સ્વરૂપે તેમજ સૂકામેવા તરીકે ખાઈ શકાય છે.

આયુર્વેદમાં જરદાળુનો ઉપયોગ ઔષધી તરીકે કરવામાં આવે છે. ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, અષ્ટાંગ હૃદય સંહિતામાં અન્ય સૂકામેવા જેવા કે બદામ, અખરોટ, પિસ્તા, ખારેક સાથે જરદાળુનો ઉલ્લેખ જોવા મળે છે.

જરદાળુને અન્ય ભાષામાં વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં ઉરમાણ, હિન્દીમાં જરદાલુ, ચિલૂ કે ખુબાની, ગુજરાતીમાં જરદાલુ કે જરદાળુ કાશ્મીરમાં ગરદાલૂ, નેપાળીમાં ખુર્પાની, અરબીમાં બિનકફક કે કિશાનિશ, પર્શિયનમાં મિશ-મિશ તરીકે ઓળખવામાં આવે છે.

ખુબાનીમાં વિટામિન એ, વિટામિન સી, વિટામિન ઈ, નિયાસીન, પોટેશિયમ, મેંગેનીઝ, મેગ્નેશિયમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં હોય છે.બિટાકેરોટીન તથા કૈરોટીનૉઈડની માત્રા ભરપૂર સમાયેલી હોય છે.

આંખોની તંદુરસ્તી માટે અત્યંત લાભકારી ગણાય છે. જરદાલુ માટે એવું કહેવાય છે કે તેને સૂકવીને ખાવાથી તેના લાભ બમણાં મળે છે. ભારતમાં જરદાલુનો પાક મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ ભારતમાં લગભગ ૩ હજાર ફૂટની ઊંચાઈવાળા સ્થળે મબલખ પ્રમાણમાં કરવામાં આવે છે.

જરદાળુના આરોગ્યવર્ધક લાભ

આંખોની તંદુરસ્તી માટે ગુણકારી

જરદાલુમાં ભરપૂર માત્રામાં વિટામિન એ સમાયેલું હોય છે. જે આંખોની તંદુરસ્તી માટે લાભકારક ગણાય છે. જરદાળુનું સેવન નિયમિત રૂપે કરવાથી આંખોની રોશની વધે છે. ઝામરની સમસ્યાથી બચી શકાય છે.

પાચનતંત્ર મજબૂત બનાવે છે

જરદાલુમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, આયર્નની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. તેથી તેનું સેવન કરવાથી પાચનતંત્ર મજબૂત બને છે. કબજિયાતની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે જરદાલુ કે આલુનું સેવન ગુણકારી ગણાય છે. આલુમાં સમાયેલું ફાઈબર પેટને લાંબો સમય સુધી ભરેલું રાખે છે. ભોજન પચાવવામાં મદદ કરે છે. ત્રણ નંગ જરદાલુમાં ૫ ગ્રામ ફાઈબરની માત્રા એટલે કે દિવસની ૨૦ ટકા જરૂરિયાત મળી રહે છે.

સગર્ભાવસ્થામાં લાભકારક

સગર્ભાવસ્થામાં ગર્ભવતી સ્ત્રીને ખાસ પ્રકારનો સૂકોમેવો, ફળ કે શાકભાજીની સાથે વિવિધ ચટપટી વાનગી ખાવાની ઈચ્છા થતી હોય છે. વળી થોડી-થોડી વારમાં ભૂખ લાગી જતી હોય છે. ક્યારેક મીઠી વસ્તુ તો ક્યારેક ખાટ્ટી તો ક્યારેક તીખું ખાવાનું મન થાય છે. આવા સંજોગોમાં સૂકામેવામાં ખાસ જરદાલુનું સેવન કરવું હિતાવહ છે. જે શરીરમાં નબળાઈને દૂર કરવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થામાં શરીરને આયર્નની ખાસ જરૂર હોય છે. તે માટે નિષ્ણાત ડૉક્ટરો આયર્નથી ભરપૂર આહાર લેવાની સલાહ આપતાં હોય છે. જરદાલુના સેવન થકી દિવસની ૧૦ ટકા આયર્નની આવશ્યક્તા પૂર્ણ કરી શકાય છે.

ત્વચાની તંદુરસ્તી -ચમક વધારવામાં ગુણકારી

નાનું અમથું સાનેરી રંગ ધરાવતાં જરદાલુનું સેવન કરવાથી ત્વચાની ચમક વધારવામાં મદદ મળે છે. ત્વચામાં કરચલી કે સૂકી થવાની ફરિયાદને દૂર કરવામાં મદદ મળે છે. આલુમાં વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી છે. જરદાલુના સેવન થકી શરીરને પર્યાપ્ત માત્રામાં વિટામિન સી તથા વિટામિન ઈ મળી રહે છે. જેથી શરીર તેમજ ત્વચાને યૂવી કિરણોથી બચવામાં મદદ મળે છે. કરચલીની સમસ્યાથી બચી શકાય છે. સૂકા જરદાલુમાં વધુ માત્રામાં આયર્ન ફાઈબર તથા ઍન્ટિઓક્સિડન્ટ સમાયેલું હોય છે. મીઠા-મધુરા શ્રેષ્ઠ જરદાળુ ભારતમાં લડાખમાં મબલખ પ્રમાણમાં પાકે છે. દુબઈના લોકો લડાખી જરદાળુની મીઠાશના દીવાના હોય છે. મીઠાશની સાથે દેખાવમાં જરદાળુ આકર્ષક હોય છે. લડાખમાં લગભગ ૪-૫ જાતના જરદાળુની ખેતી થાય છે. તેમાંથી સૌથી વધુ મીઠાશ ધરાવતાં સોનેરી જરદાળુની માગ દુબઈ તથા ગલ્ફ દેશોમાં મોટા પાયે જોવા મળે છે.

ડાયાબિટીસમાં લાભકારી

જરદાળુમાં કેલરી તથા કાર્બોહાઈડ્રેટસ્‌ની માત્રા ઓછી હોય છે. એક જરદાલુમાં ૧૭ કેલરી તથા ૪ ગ્રામ કાર્બોહાઈડ્રેટસ્ સમાયેલું હોય છે. વળી જરદાલુમાં સમાયેલું ફાઈબર ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વિટામિન ઈ તથા ઍન્ટિઑક્સિડન્ટ લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે, સૂકામેવાની વાત કરીએ તો જરદાલુનો ગ્સાઈસેમિક ઈન્ડેક્સ ૩૦ ટકા હોય છે. જેથી સૂકો મેવામાં જરદાળુનું સેવન ઉત્તમ ગણી શકાય. (ગ્લાઈસેમિક ઈન્ડેક્સ દ્વારા જાણી શકાય છે કે વિવિધ ખાદ્ય પદાર્થ રક્ત શર્કરાને કઈ રીતે પ્રભાવતિ કરે છે. ખાદ્ય વસ્તુને ૦-૧૦૦ની વચ્ચે તેના ગ્લુકૉઝના પ્રભાવને આધારે નંબર આપવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો જેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ વધુ હોય તેવી ખાદ્ય-સામગ્રીને ખાવાથી લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધે છે. તો ઓછો જીઆઈ ઈન્ડેક્સ ધરાવતી ખાદ્ય-સામગ્રીનો ઉપયોગ કરવાથી લોહીમાં ગ્લુકૉઝની માત્રા ધીમે ધીમે વધે છે.)(૫૫ જીઆઈ ઓછી ગણાય, ૫૬-૬૯ મધ્યમ, ૭૦થી વધુ જીઆઈ ઉચ્ચ સ્તર દર્શાવે છે.)

જરદાળુ ડિલાઈટ

સામગ્રીઃ ૨૦૦ ગ્રામ જરદાળુ, ૨૦૦ ગ્રામ ખાંડ, ૧ વાટકી મિલ્કમૅડ, ૧ વાટકી ફ્રેશ ક્રિમ, ૧ લિટર દૂધ, ૪ ચમચી કસ્ટર્ડ પાઉડર, ૨ ટીપાં વૅનિલા ઍસેન્સ, ૧ નાની ચમચી એલચી-જાયફળનો પાઉડર, ૬ નંગ વૅનિલા કેકની સ્લાઈસ, બદામ-પિસ્તાની કતરણ સજાવટ માટે

બનાવાવની રીતઃ સૌ પ્રથમ જરદાળુને બરાબર સાફ કરી લેવાં. ત્યારબાદ તેને ૭-૮ કલાક પાણીમાં પલાળીને રાખવા. બીજે દિવસે તેને બાફી લેવાં. જરદાળુના બીજ કાઢી લેવાં. હવે જરદાળુને અધકચરાં વાટી લેવાં. તેને એક કડાઈમાં કાઢીને ધીમા તાપે પકાવવું. ૨૦૦ ગ્રામ ખાંડ ઉમેરવી. પાણી ન રહે તેમજ થોડું ઘટ્ટ થાય ત્યાં સુધી પકાવવું. ઠંડું થાય ત્યારબાદ તેમાં વૅનિલા એસેન્સ ભેળવવું. અન્ય તપેલીમાં દૂધને ગરમ કરવાં મૂકવું. તેમાં ૪ ચમચી કસ્ટર્ડ પાઉડરને ઓગાળીને ધીમે ધીમે ભેળવતાં જવું. ગાંઠા ના પડે તેનો ખ્યાલ રાખવો. કસ્ટર્ડ ઘટ્ટ થાય ત્યારબાદ તેમાં મિલ્કમૅડ, ફ્રેશ ક્રિમ, એલચી જાયફળનો પાઉડર ભેળવવો. હવે એક લાંબા બાઉલમાં વેનિલા કૅકની સ્લાઈસ ગોઠવવી. તેની ઉપર કસ્ટર્ડ વાળું દૂધ મૂકવું. તેની ઉપર જરદાળુનાં ઘટ્ટ મિશ્રણને ગોઠવવું. તેની ઉપર ઠંડુ કસ્ટર્ડવાળું દૂધ ગોઠવવું. ઉપરથી જરદાળુની મીઠાઈ જે જામ જેવી ઘટ્ટ હશે તે ગોઠવવી. બદામ-પિસ્તાની કતરણ સજાવીને ફ્રિઝમાં ઠંડી કરીને સ્વાદિષ્ટ ‘જરદાળુ ડિલાઈટ’નો આનંદ માણવો.

જરદાળુની ખેતી

જરદાળુનો છોડ એક વખત રોપ્યા બાદ ૫૦-૬૦ વર્ષ સુધી ફળ આપતાં રહે છે. વળી એક ઝાડમાંથી લગભગ ૮૦ કિલો ફળ મળી રહે છે. જરદાળુના ફળ પીળા, સફેદ, કાળા, ગુલાબી તથા કથ્થઈ રંગના જોવા મળે છે. બદામ જેવા આકારનો નાનો બી તેમાં હોય છે. પરંતુ તેનો ઉપયોગ ટાળવો હિતાવહ છે. જરદાળુમાંથી મીઠાઈની સાથે જામ, જ્યૂસ, જેલી તથા ચટણી બનાવી શકાય છે. સમશીતોષ્ણ તથા શીતોષ્ણ હવામાન જરદાળુ માટે યોગ્ય ગણાય છે.

મોટે ભાગે જરદાળુને સૂકામેવા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જરદાળુનો ઉપયોગ કરીને ખાસ પ્રકારની મીઠાઈ બનાવવામાં આવે છે. લગ્ન પ્રસંગ હોય કે જન્મદિવસ પ્રત્યેક શુભ પ્રસંગમાં ‘જરદાળુ ડિલાઈટ કે જરદાળુ કા મીઠા’નામની સ્વાદિષ્ટ મીઠાઈ બનાવવામાં આવતી હોય છે. જે સ્વાદિષ્ટ હોવાની સાથે દૂધ-મલાઈનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

મકાઈના સાઠા (ગન્ના)નો ગોળ

ભારતીય મીઠાઇનો ઇતિહાસ હજારો વર્ષોથી પહેલાનો છે. જે આજ પણ કાયમ છે. પ્રાચીન ભારતમાં વિકસિત થયો હતો. ભારતની સંસ્કૃતિના અનુસાર બધા પ્રદેશોમાં મીઠાઇની વિવિધતા પણ છે. અને સમાનતા પણ છે. ભારતમાં દરેક રાજ્યમાં ખુશી, ઉલ્લાસ માટે મીઠાઇનો વપરાશ થાય છે. દરેક રાજ્ય પોતાના અદ્‌ભુત સ્વાદવાળી મીઠાઇઓ માટે પ્રસિદ્ધ છે. દરેક તહેવાર કે પ્રસંગ માટે વિવિધ મીઠાઇઓ બને છે. તહેવારમાં બનતી મીઠાઇઓ જ પારંપારિક છે તેનું મહત્ત્વ સ્વાસ્થ્ય માટે પણ છે. આ પારંપારિક મીઠાઇ ગમે ત્યારે નથી બનતી ચોક્કસ ઉત્સવ કે તહેવાર વખતે બને છે. કારણ તે સમય તેનું યોગ્ય પાચન થાય છે અને તે વખતે તેની માટેનું યોગ્ય વાતાવરણ કે ઋતુ હોય છે. શરીરમાં ત્યારે પાચન થાય છે. જયારે યોગ્ય સમયે અને યોગ્યમાત્રા પ્રમાણે બનાવવામાં આવે.

ભારતનાં રાજ્યોમાં આ બધી મીઠાઇઓ ગોળમાં બનાવવામાં આવે છે. દરેક રાજ્યમાં લગભગ શેરડીનો ગોળ મળે છે તે સિવાય નારિયેળના ગોળથી દક્ષિણ ભારતમાં બનતી મીઠાઇઓ જેવી કે વેટકક કેરલમાં બને છે. પીલ પોલી તમિળનાડુમાં, કુબાની આંધ્ર પ્રદેશ, બેબનિકા ગોવા, પાઇસમ સમસ્ત દક્ષિણ ભારતમાં, નારિકોલર લાડુ આસામમાં ખજૂરના ગોળથી બંગાળની દરેક મીઠાઇ બને છે. બ્રાઉન કલરની રિકવી જે ગોળમાંથી જ બને છે. તેથી છંગબન ભેદુ કુરતાઇ મિઝોરમમાં, બિહારમાં ગોળથી ઢેકુઆ અવનબગંવી ત્રિપુરા, ચદુરોરી છત્તીસગઢ, છેનાપોડા ઓડિશા, ગુલામલાકા ગોળમાંથી સિક્કીમની સેલરોટી બને છે. સિંધોધી કે સિંગોધી ઉત્તરાખંડમાં, પામગોળમાંથી તેલંગણામાં પૂરનમ મીઠાઇ, હિમાચલમાં બાબરુ, મણિપુરમાં થોંગબા નાગાલેન્ડમાં કાતપિઠા, અરુણાચલ પ્રદેશમાં ખપાસે ગુજરાત અને રાજસ્થાનમાં ઘણીય મીઠાઇઓ વિદેશમાં બને છે. આનો લેખ અગાઉ આપ્યો હતો. જાણી લો કે ભારતમાં ઘણાય પ્રકારનો ગોળ બને છે, લોકો આનાથી માહિતગાર નથી. તેથી વપરાશ ઓછો છે. કચ્છમાં પણ ખજૂરનો ગોળ ખૂબ જ પૌષ્ટિક છે. નીરાગોળ, તાળગોળ, માડગોળ વગેરે. અલગ અલગ રાજયમાં બની રહ્યા છે. મસાલાવાળો ગોળ કર્ણાટક અને તમિળનાડુ તેમ જ કેરલ બને છે જેનો સ્વાદ ખૂબ જ લાજવાબ છે.

કર્ણાટકમાં મલીયઅપ્પા નામના ભાઇએ મકાઇના સાઠામાંથી (ગન્નામાંથી) ગોળ બનાવે છે. મકાઇનો ગોળ તેઓ લગભગ પાંચથી છ વર્ષ પહેલાં બનાવાની શરૂઆત કરી છે. કર્ણાટકમાં હીલોલી ગામ છે જે રામદુર્ગ તાલુકામાં આવેલું છે ત્યાં બનાવે છે. મકાઇના સાઠામાંથી બનતું ગોળ સ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ ફાયદાકારક છે. મોટો એનર્જીનો સ્ત્રોત છે. સ્વાદ ખૂબ સરસ તેઓ ઓર્ગેનિક રીતે બનાવે છે. મુલાકાત લેવા જેવી છે. યુટયૂબ અને ફેસબુક તમે જોઇ શકો છે. રિફાઇન્ડ સાકરથી દૂર રહેનાર માટે આ ગોળ આશીર્વાદ રૂપ છે.

મકાઇના ગોળ વિટામિન એ અને સીથી ભરપૂર છે. મિનરલ જેવા કે કોલેટ, પોટેશિયમ અને મેગ્નેશિયમ છે. લ્યૂટિન અને જેકસોથિન જેવા ઓકસિડેન્ટ છે.

લ્યૂટિન અને જેકસોથિન એન્ટિ ઓકસિડેન્ટ જે મોતિયાબિંદુથી બચાવે છે આંખોને ચમકદાર રાખે છે. એટલે કે મકાઇના ગોળમાં ગ્લાઇકામેકસ ઇન્ડેકની માત્રા સીમિત છે. તેમ જ ઉંમર સંબંધિત મેકયુલર ડિજનરેશનથી બચાવે છે. એટલે વૃદ્ધાવસ્થાને રોકે છે. ગ્લૂટેનથી મુક્ત છે જે સીલિઇક રોગથી બચાવે છે.

ધુલનશીલ છે તેથી તેનું ફાઇબર કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત રાખે છે. આનું પ્રોટીન જે મસલ્સને મજબૂત બનાવે છે. ફાઇબર સારું છે તેથી પાચન સુધરે છે. ડાયાબિટીસની સમસ્યાવાળા આના સીમિત માત્રામાં ઉપયોગ કરી શકે છે. એનિમિયા જેવી બીમારીમાં આર્યન ઘટી જવાને કારણે શરીર નિસ્તેજ બને છે. ત્યારે આ ગોળનો ઉકાળો બનાવી લઇ શકાય છે. ત્વચા પણ નિખરે છે. આ ગોળનો રંગ પણ પીળાશ પડતો છે તેથી વાનગીનો રંગ પણ સારો થાય છે. ઘણાં ગોળના બ્રાઉન રંગથી ચીડ હોય તે આ ગોળ વાપરી શકે છે. ઊર્જા અને પૌષ્ટિકતા માટે આ ફાયદાકારક છે.

સ્વાસ્થ્યની ચિંતા રાખવાવાળા અને ઉચ્ચ પ્રકારનો આહાર પસંદ કરવાવાળા માટે આ ગોળનો ઉપયોગ જરૂરથી કરજો. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

ઉધરસ એટલે શું?

* ઉધરસની શરૂઆત હંમેશાં શરીરના રક્ષણ માટે થાય છે.

* જયારે બહારની બિનજરૂરી વસ્તુ (ધુમાડો, રજકણો, આહાર વગેરે) શ્વાસનળીમાં પ્રવેશ કરે છે ત્યારે ફેફસાંઓ સ્વરક્ષણ માટે પોતામાં ભરાયેલી હવા દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેને ઉધરસ કહેવાય છે. તેની પ્રક્રિયા નીચે મુજબ છે.

૧) જયારે બહારની વસ્તુ શ્વાસનળીમાં આવે ત્યારે શ્વાસનળીમાં રહેલા ચેતાતંતુઓ મગજને તરત જ સંકેત આપે છે.



૨) છાતી, ફેફસાં અને પેટના સ્નાયુઓને મગજ સંકેત આપીને સક્રિય કરે છે.

૩) તે સ્નાયુઓ પ્રથમ ફેફસાંની અંદર હવા ભરીને તેને ૧૬૦ કિ. મી./ કલાકની સ્પીડે બહાર કાઢે છે.

વાત, પિત્ત અને કફથી થતી ઉધરસનાં લક્ષણ

વાત પ્રકૃતિ :

* પેટમાં રહેલો અપકવ રસ ઉપર ચઢે ત્યારે થાય.
* મોઢું સુકાય જાય અને ખાંસી સૂકી હોય.
* શરીર અશક્ત જણાય.
* વારંવાર ખાંસી આવ્યા કરે અને અવાજ બેસી જાય.
* શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થઇ શકે.

પિત્ત - પ્રકૃતિ :

* પિત્ત અથવા વાત પિત્ત પ્રકૃતિવાળા લોકોને મોટા ભાગે થતી હોય છે.
* શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસણ થાય.
* મોઢું કડવું રહે અને અવાજ બેસી શકે.
* ઉધરસ વખતે ગળામાં બળતરા થાય
* મોટા ભાગે ઉષ્ણઋતુમાં અથવા ઋતુ બદલાય ત્યારે થાય.
* પીળા રંગ જેવી કડવી ઊલટી થઇ શકે.

કફ પ્રકૃતિ :

* કફના ગળફા નીકળ્યા કરે અને છાતી કફથી ભરેલી જણાય.
* મોટા ભાગે શરદી-કફ થયા પછી ઉધરસ થાય.
* મોઢું ચીકણું રહે.
* શરીર ભારે અને શિથિલ થઇ શકે.
* ભોજન પર અરુચિ રહે.

ઉધરસ થવાનાં અન્ય કારણો

(વાત, પિત્ત અને કફ સિવાયના)

* જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે જ કારણોથી ઉધરસ પણ થઈ શકે છે.
* તણાવ, ચિંતા અને ડિપ્રેશનયુક્ત જીવવાથી આપણી શ્વસનનળી સંકુચિત થઈ જાય છે અને તેનાં રક્ષણ માટે શરીર ઉધરસ ઉત્પન્ન કરે છે.
* વધુ ઉતાવળમાં અને ચાવ્યા વિના જમવાથી થયેલી અજીર્ણથી.
* વધુ પડતાં ઠંડાં પદાર્થોના સેવનથી.
* મળ-મૂત્રના વેગને રોકવાની આદતથી.
* શ્વાસ સંબંધી રોગ થવાથી. (અસ્થમા વગેરે)
* ધૂમ્રપાન કે તમાકુના વ્યસનથી.
* ઉધરસ ખાવાની ખોટી ટેવ પડી જવાથી.

ઉધરસ માટેના ઉપચાર

વાત-પિત્તના કારણે થયેલી ઉધરસના ઉપચારો (જેમાં ભીનો કફ ન હોય)

*૩ ગ્રામ જેઠીમધનું ચૂર્ણ એક ચમચી ઘી સાથે ચાટવું.
* કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં રાખવી.
* ૧ કેળું, ૧ ચમચી ઘી અને ૧ ચમચી સાકર ભેગું કરીને લેવું
* છાલ સાથે ચીકુ ખાવા

વધુ પિત્તના કારણે ઉધરસ થઈ હોય તો માપસરનાં ઠંડા પ્રવાહી લઈ શકાય.

કફના કારણથી થયેલી ઉધરસના ઉપચાર

*લવિંગ મોંમાં રાખી ચૂસવું.
* ૧ ચમચી મધ અને ૨ ચમચી આદુંનો રસ મેળવીને પીવો.
* ૨થી ૩ ચમચી ફુદીનાનો રસ પીવો.
* ૧-૨ ચમચી લીંબુના રસમાં તેનાથી ચારગણું મધ મેળવીને ચાટવું.
* અડધી ચમચી તજ અથવા મરીનું ચૂર્ણ ૧ કપ દૂધમાં ઉકાળીને પીવું.
* ૧ચમચી અરડૂસીના પાનના રસ સાથે ૧ ચમચી મધ લેવું.
* હળદર અને સૂંઠ સવાર-સાંજ મધમાં ચાટવું.
*૧ કપ ગરમ કરેલા દૂધમાં ૧-૧ ચમચી હળદર અને ઘી મેળવીને પીવું.
* થોડી ખજૂર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈ નીકળી જશે, અને ઉધરસ તથા દમ મટશે.
* મીઠું અને હળદરવાળો શેકેલો અજમો જમ્યા પછી મુખવાસ તરીકે ખાવાથી ઉધરસ અને શરદી મટે છે,
* હળદર અને મીઠાવાળા ગરમ શેકેલા ચણા (દાળિયા) ખાવા. ■

‘કરડનારાઓ તો સંસદમાં...’

શ્વાન સાથે પાર્લામેન્ટ પહોંચેલા કૉંગ્રેસી રેણુકા ચૌધરીના વિધાનથી વિવાદ

નવી દિલ્હીઃ સોમવારે સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે જ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ રેણુકા ચૌધરીએ એક અલગ જ પ્રકારનો વિવાદ ઉભો કર્યો છે. તેઓ જે કારમાં સંસદ ભવન આવ્યા, એ કારમાં શ્વાન પણ જોવા મળ્યું હતું. તેમણે સાંસદો અને પ્રધાનોની તુલના શ્વાન સાથે કરતા વિવાદ સર્જાયો છે.

કેટલાક સાંસદોએ શ્વાનને સંસદ ભવનમાં લાવવું અયોગ્ય ગણાવ્યું અને સંસદીય પ્રોટોકોલનું ઉલ્લંઘન ગણાવ્યું. સંસદ ભવનમાં શ્વાનને લાવવાને યોગ્ય ગણાવતા રેણુકા ચૌધરીએ કહ્યું કે જે લોકો કરડે છે તેઓ ખરેખર સંસદની અંદર બેઠા છે. રેણુકા ચૌધરીના આ નિવેદનથી ભાજપના નેતાઓ રોષે ભર્યા છે, ભાજપે આ નિવેદનને સાંસદો અને સંસદ ભવનનું અપમાન ગણાવ્યું છે.

રેણુકા ચૌધરીએ કહ્યું કે તેઓ સંસદ આવી રહ્યા હતાં, ત્યારે રખડતા શ્વાનને દત્તક લીધું હતું. તેમણે કહ્યું કે, શું કોઈ કાયદો છે? હું સંસદ તરફ આવી રહી હતી. એક કારે એક સ્કૂટરને ટક્કર મારી. આ દરમિયાન એક નાનું ગલૂડિયું રસ્તા પર રાખડી રહ્યું હતું. મને લાગ્યું કે કોઈ આને પણ ટક્કર મારી દેશે, તેથી મેં તેને ઉપાડ્યું, કારમાં બેસાડ્યું, હું સંસદમાં આવી અને તેને ઘરે મોકલી દીધું. કાર ગઈ, અને શ્વાન પણ સાથે ગયું. તો આ ચર્ચાનો શું અર્થ છે?

રેણુકા ચૌધરીએ કહ્યું, ‘‘જે લોકો કરડે છે તેઓ તો સંસદમાં બેઠા છે. તેઓ સરકાર ચલાવે છે. અમે એક મૂંગા પ્રાણીની સંભાળ રાખીએ છીએ. શું સરકાર પાસે કરવા માટે બીજું કોઈ કામ નથી? મેં શ્વાનને ઘરે મોકલી દીધું. ■

સમંથા રૂથ પ્રભુ ચૂપચાપ ‘ફૅમિલી મૅન’વાળા રાજ નિદિમોરુને પરણી ગઇ

નવી દિલ્હીઃ સાઉથની જાણીતી એક્ટ્રેસ સમંથા રૂથ પ્રભુએ બીજી વખત લગ્ન કરી લીધા છે. સમંથાએ વેબ સિરીઝ ધ ફેમિલી મેનના કો-ક્રિયેટર રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા છે. સામંથાએ રાજ સાથે લગ્ન કરીને લાંબા સમયથી ચાલી રહેલી અફવાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. સામંથા અને રાજે પોતાના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર લગ્નના ફોટો શેર કરીને ફેન્સ સાથે ગુડ ન્યુઝ શેર કર્યા હતા. સમંથાએ સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર રાજ નિદિમોરું સાથેના સિમ્પલ વેડિંગના ફોટો શેર કર્યા છે. આ ફોટો સાથે તેણે માત્ર લગ્નની તારીખ શેર કરી છે. વાઇરલ થઈ રહેલાં વેડિંગ ફોટોમાં સમંથા બારીક ઝરીકામવાળી લાલ સિલ્કની સાડી પહેરી છે અને તેની સાથે તેણે ટ્રેડિશનલ ગોલ્ડ જ્વેલરી સ્ટાઈલ કરી છે. જ્યારે વરરાજાએ સફેદ સિમ્પલ કુર્તો-પાયજામો પહેર્યો હતો.

લગ્નની રસમ શરૂ થાય એ પહેલાં કપલે રિંગ એક્સચેન્જ કરી હતી. જેના ફોટો પણ સમંથાએ શેર કર્યા છે. ■

જીએસટી વસૂલી માત્ર ૦.૭ ટકા વધી

નવી દિલ્હીઃ દેશમાં નવેમ્બર માસમાં જીએસટી કલેક્શનમાં ગત વર્ષની સરખામણી ૦.૭ ટકા વધીને રૂપિયા ૧.૭૦ લાખ કરોડ રૂપિયા થયું છે. આ અંગે સોમવારે સરકારી આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે રાજ્યોની આવકમાં પણ વધારો થયો છે. જેમાં આ વર્ષે સરકારે સપ્ટેમ્બર માસના જીએસટી ઘટાડો કર્યો હતો. જેના લીધે જીએસટીની આવક ૨.૩ ટકા ઘટીને રૂપિયા ૧.૨૪ લાખ કરોડથી થઈ હતી. આ ઉપરાંત ગત વર્ષની સરખામણીએ ગયા વર્ષની સરખામણીમાં નવેમ્બરમાં દેશનું જીએસટી કલેકશન વધ્યું છે. જેમા મુખ્ય રાજ્યોમાં જીએસટી કલેકશનમાં વધારો થયો છે. જેમાં હરિયાણાના જીએસટી કલેકશનમાં ૧૭ ટકા, કેરળના જીએસટી કલેકશનમાં ૮ ટકા અને આસામમાં ૧૮ ટકાનો વધારો થયો છે. ગુજરાત અને તળિલનાડુના સંગ્રહમાં અનુક્રમે ૧ ટકા અને ૨ ટકાનો વધારો થયો છે. રાજસ્થાનમાં પણ ૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. જીએસટીની આવક વધારો થયો છે. જે ગત માસની સરખામણીએ ઘટ્યો છે. ■

‘આચારસંહિતાનો અમલ માટેનો કાયદો ચૂંટણી પંચની સત્તા પર કદાચ તરાપ મારશે’

સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ ઈલેક્શન કમિશનની રજૂઆતઃ ચૂંટણી પંચ

નવી દિલ્હી : ચૂંટણીની આચારસંહિતાનો અમલ કરવા કાયદો ઘડવાથી ચૂંટણી દરમિયાન તેના અમલ પર માઠી અસર પડશે અને આનાથી કદાચ ચૂંટણી પંચની સત્તા ઘટી જશે જે મુક્ત અને નિષ્પક્ષ તેમ જ સમયમર્યાદાની અંદર ચૂંટણી લડવા માટે અનુકૂળ નહીં હોય, એમ ચૂંટણી પંચે કહ્યું હતું. લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવાના ખરડા તપાસી રહેલી સંસદની સંયુક્ત સમિતિને આપેલા મતમાં ચૂંટણી પંચે આમ જણાવ્યું હતું. ચૂંટણી પંચે કહ્યું હતું કે આચારસંહિતાની મોટી તાકાત ત્વરિત ઉપચારાત્મક ઉપાયમાં રહેલી છે.

પંચે નોંધ લીધી હતી કે ચૂંટણી કડક સમયમર્યાદામાં પાર પડે છે અને મોડેલ કોડ ઑફ કન્ડકટનો ભંગ થાય ત્યારે તેને દિવસોની અંદર અથવા તો કલાકોમાં હાથ ધરવાનો હોય છે જેથી ચૂંટણી પ્રક્રિયાને સુધારી ન શકાય એવું નુકસાન ન થાય,. પંચે કહ્યું હતું કે જો આચારસંહિતાને કાયદાનું રૂપ અપાશે તો એને લીધે ઔપચારિક કાનૂની કાર્યવાહી શરૂ થશે અને આને લીધે એનું અદાલતી મૂલ્યાંકન શરૂ થશે. પંચે ચેતવણી આપી હતી કે ન્યાયી પ્રક્રિયા ઝડપી, નિર્ણાયક અને વાસ્તવિક પગલાનો જવાબ ન હોઈ શકે. (એજન્સી) ■

‘સંચાર સાથી’ ઍપ પ્રી-ઈન્સ્ટોલ કરોઃ મોબાઈલ ઉત્પાદકનો આદેશ

નવી દિલ્હીઃ ટેલિકોમ વિભાગે મોબાઇલ હેન્ડસેટના ઉત્પાદકો અને આયાતકારોને નિર્દેશ આપ્યો છે કે તેઓ ખાતરી કરે કે તેમની છેતરપિંડી રિપોર્ટિંગ એપ્લિકેશન સંચાર સાથી ૯૦ દિવસની અંદર તમામ નવા ઉપકરણોમાં પ્રી-ઇન્સ્ટોલ કરેલી છે.

૨૮ નવેમ્બરના નિર્દેશ અનુસાર, ઓર્ડર જારી થયાની તારીખથી ૯૦ દિવસ પછી ભારતમાં ઉત્પાદિત અથવા આયાત કરાયેલા તમામ મોબાઇલ ફોનમાં આ એપ્લિકેશન હોવી જરૂરી છે.

કેન્દ્ર સરકાર આ દ્વારા ભારતમાં ઉપયોગ માટે બનાવાયેલ મોબાઇલ હેન્ડસેટના દરેક ઉત્પાદક અને આયાતકારને નિર્દેશ આપે છે કે આ સૂચના જારી થયાના ૯૦ દિવસથી, ખાતરી કરો કે ટેલિકોમ વિભાગ દ્વારા ઉલ્લેખિત સંચાર સાથી મોબાઇલ એપ્લિકેશન, ભારતમાં ઉપયોગ માટે ઉત્પાદિત અથવા આયાત કરાયેલા તમામ મોબાઇલ હેન્ડસેટ પર પ્રી-ઇન્સ્ટોલ કરેલી છે, એમ આદેશમાં કહેવામાં આવ્યું છે.

આવા તમામ ઉપકરણો માટે જે પહેલાથી જ ઉત્પાદિત થઈ ચૂક્યા છે અને ભારતમાં વેચાણમાં છે, મોબાઇલ હેન્ડસેટના ઉત્પાદકો અને આયાતકારોએ સોફ્ટવેર અપડેટ્સ દ્વારા એપ્લિકેશનને આગળ ધપાવવાની જરૂર પડશે.

‘‘ભારતમાં ઉપયોગ માટે બનાવાયેલ મોબાઇલ હેન્ડસેટના તમામ ઉત્પાદકો અને આયાતકારોએ આ નિર્દેશો જારી થયાના ૧૨૦ દિવસની અંદર ટેલિકોમ વિભાગને અનુપાલન અહેવાલો સબમિટ કરવાના રહેશે,’’ તેવું નિર્દેશમાં જણાવાયું છે. ■

એફડીઆઇ ૧૮ ટકા વધીઃ અમેરિકી રોકાણ બમણું થયું

નવી દિલ્હીઃ ભારતમાં ચાલું નાણાકીય વર્ષમાં એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન સીધા વિદેશી રોકાણ (એફડીઆઇ) ૧૮ ટકા વધીને ૩૫.૧૮ અબજ અમેરિકન ડોલર પહોંચ્યું છે. જયારે આ જ સમયગાળા દરમિયાન અમેરિકાથી રોકાણપ્રવાહ બમણાથી વધુ વધીને ૬.૬૨ અબજ અમેરિકન ડોલર થયો છે. ગત નાણાકીય વર્ષના એપ્રિલ-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન વિદેશી રોકાણ ૨૯.૭૯ અબજ ડોલર હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના જૂન-સપ્ટેમ્બર ત્રિમાસ દરમિયાન રોકાણપ્રવાહ વાર્ષિક ધોરણે ૨૧ ટકાથી વધીને ૧૬.૫૪ અબજ ડોલર નોંધાયો હતો. ■

પ્રદૂષણ પર નિયમિત દેખરેખ જરૂરીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ દિલ્હી-એનસીઆર વિસ્તારના પ્રદૂષણ સંબંધિત કેસને રોજિંદા કેસ તરીકે ગણી ન શકાય કે જેને માત્ર શિયાળા દરમિયાન જ પ્રથા તરીકે સુનાવણી હાથ ધરી શકાય એ બાબતની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે આ સમસ્યાનો ટૂંકા અને લાંબાગાળાનો ઉકેલ લાવવા કેસની સુનાવણી મહિનામાં બે વખત હાથ ધરી શકાય. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે પરાળ બાળવાનો મુદ્દો બિનજરૂરી રીતે રાજકીય કે અહમનો મુદ્દો ન બનવો જોઈએ. દિલ્હી-એનસીઆરમાં ફેલાઈ રહેલા પ્રદૂષણમાં પરાળ બાળવાનું યોગદાન ચાવીરૂપ હોવાનું જણાવતાં કાન્તે કહ્યું હતું કે કૉવિડ-૧૯ દરમિયાન પણ પરાળ બાળવામાં આવતી હતી છતાં લોકો ચોખ્ખું આકાશ જોઈ શકતા હતા. આ બાબત દર્શાવે છે કે દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણની સમસ્યા માટે અન્ય કારણો પણ જવાબદાર છે. માત્ર ખેડૂતો પર જ દોષનો ટોપલો ઢોળી દેવો અયોગ્ય હશે, એમ તેમણે કહ્યું હતું. પ્રદૂષણને અંકુશમાં લેવા કમિશન ફૉર ઍર ક્વૉલિટી મેનેજમેન્ટ (સીએક્યૂએમ) અંગે જાણકારી આપવા ખંડપીઠે કેન્દ્ર સરકારને જણાવ્યું હતું અને કેસની આગામી સુનાવણી માટે ૧૦ ડિસેમ્બર મુકરર કરી હતી. (એજન્સી) ■

ભારતીયોને ૪૦ ટકા ઓછા એચ-વનબી વિઝા ઈશ્યૂ થયા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની આકરી ઈમિગ્રેશન પોલિસીને પગલે ભારતીય પ્રોફેશનલ્સને અપાતા એચ-વનબી વિઝાની મંજૂરીમાં મોટો ઘટાડો નોંધાયો છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (એચ-વન બી)ના આંકડાઓ અનુસાર, એચ-વન બી વિઝાની મંજૂરીમાં એક વર્ષના ગાળામાં જ લગભગ ૪૦% જેટલો જંગી ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૫થી અત્યાર સુધીમાં, એચ-વન બી વિઝાની મંજૂરીમાં ૭૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે, જે દર્શાવે છે કે ટેકનિકલ પ્રતિભા ધરાવતા ભારતીયો માટે અમેરિકા જવાનું હવે વધુ મુશ્કેલ બની ગયું છે.

ભારતની ટોચની IT કંપનીઓમાં, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસને સૌથી વધુ એચ-વન બી વિઝા મળ્યા છે, પરંતુ તેમ છતાં તેમનો રિજેક્શન રેટ પણ વધીને ૭ ટકા થયો છે, જે ગયા વર્ષે ૪ ટકા હતો. આ કડક નીતિઓની ટીકા કરતા, ઇલોન મસ્કે ટ્રમ્પને અરીસો બતાવ્યો છે. મસ્કે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતીયોની પ્રતિભાથી અમેરિકાને ઘણો ફાયદો થયો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં ભારતીય પ્રોફેશનલ્સે અમેરિકાને ખૂબ લાભ પહોંચાડ્યો છે અને વૈશ્વિક કંપનીઓના ટોચના હોદ્દાઓ પર ભારતીય મૂળના લોકો છે. ■

યુકેમાં ભારતીય વિદ્યાર્થીની હત્યા

લંડનઃ વિદેશમાં ભારતીયો પરના હુમલા એ ચિંતાનો વિષય બનતો જાય છે. ત્યારે ઇંગ્લેન્ડના વર્સેસ્ટર શહેરમાં એક શેરી હુમલા દરમિયાન ૩૦ વર્ષીય ભારતીય વિદ્યાર્થી વિજય કુમાર શેઓરાનની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે ભારતીય વિદ્યાર્થી તરીકે ઓળખાયેલા આ યુવકનું હોસ્પિટલમાં ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું. વેસ્ટ મર્સિયા પોલીસે શુક્રવારે આ હુમલાના સાક્ષીઓ પાસેથી માહિતી મેળવવા માટે અપીલ કરી હતી. જોકે યુકે પોલીસે હજી સુધી પીડિતાની સત્તાવાર ઓળખ જાહેર કરી નથી, પરંતુ ભારતીય અહેવાલો મુજબ, મૃતક હરિયાણાના ચરખી દાદરી જિલ્લાના વિજય કુમાર શેઓરાન છે. વેસ્ટ મર્સિયા પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વર્સેસ્ટરના બર્બોર્ન રોડ પર અધિકારીઓને ૩૦ વર્ષીય યુવક ગંભીર ઈજાઓ સાથે મળી આવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિજય શેઓરાનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે હત્યાના આરોપમાં પાંચ લોકોની ધરપકડ કરી હતી, જેઓ હવે તપાસ ચાલુ હોવાથી જામીન પર મુક્ત છે. ■

ઓક્ટોબરમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ ૧૩ મહિનામાં સૌથી ઓછી

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, વીજળી, ખાણકામ અને ઉત્પાદન ક્ષેત્રોના નબળા પ્રદર્શનને કારણે આ વર્ષે ઓક્ટોબરમાં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ૧૩ મહિનાના નીચલા સ્તરે ૦.૪ ટકા નોંધાયો હતો. ઈન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) ના સંદર્ભમાં માપવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં ઓક્ટોબર ૨૦૨૪માં ૩.૭ ટકાનો વધારો થયો હતો. પહેલાનો નીચો વૃદ્ધિ દર સપ્ટેમ્બર ૨૦૨૪માં ફ્લેટ વૃદ્ધિ તરીકે નોંધવામાં આવ્યો હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ) એ ગયા મહિને જાહેર કરાયેલા ચાર ટકાના કામચલાઉ અંદાજથી સપ્ટેમ્બર ૨૦૨૫ માટે ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર ૪.૬ ટકા કર્યો છે. ■

ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ખેદ	MESSENGER
ખેપિયો	SEARCH
ખેલદિલી	BOX
ખોખું	GRIEF
ખોજ	SPORTSMANSHIP

ઓળખાણ પડી?

દેખાવમાં ઘાસ જેવી લાગતી અને ઔષધીય ગુણો ધરાવતી વનસ્પતિની ઓળખાણ પડી? વાગ્યા પર રૂઝ લાવવામાં ઉપયોગી છે.



અ) ગોખરુ
બ) કેવડો
ક) કુટજારિષ્ટ
ડ) ઘાબાજરિયું

ગયા વખતનો ઉકેલ

૧ એ	૨ ક	લ	૩ વી	૪ ર		૫ અ	૬ પ	ર	૭ મા
	લુ		૮ જ	ત	૯ ન		થ		ત
૧૦ ઋ	ષિ		ણો		ડ			૧૧ હા	મ
૧૨ ચા	ત	૧૩ ક			૧૪ ત	લા	૧૫ ક		
		૧૬ મ	ધ્ય		ર		૧૭ દા	ખ	લો
૧૮ અ	ધ	ર		૧૯ ના		૨૦ ભ	વ		
		૨૧ ક	ર	જ			૨૨ ર	૨૩ હે	મ
૨૪ ગાં	ઠ			ની		૨૫ શ		ત	
ઉ		૨૬ આં		૨૭ ન	૨૮ ગ	ર		૨૯ પ્રી	૩૦ છ
૩૧ વ	ન	ચ	ર		૩૨ ર	દ	બા	ત	લ

શબ્દલાલિત્ય

	૧	૨	૩		૪		૫	૬	
	૭			૮			૯		
૧૦						૧૧			
				૧૨					૧૩
૧૪		૧૫				૧૬	૧૭		
૧૮			૧૯		૨૦				
			૨૧					૨૨	
	૨૩	૨૪					૨૫		
૨૬				૨૭		૨૮			
	૨૯					૩૦			

આડી ચાવી

૧. વેઠ, કંટાળો ઉપજે તેવું કામ (૩)
૪. છટાદાર (૪)
૭. કરડવાની ટેવવાળું (૫)
૯. કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ વગેરે (૩)
૧૦. વિચારેલું, કલ્પેલું (૩)
૧૧. - - - કથા = બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની કથા (૩)
૧૨. ખપ, જરૂર, સ્વાર્થ (૩)
૧૬. નિરુપાય, લાચાર (૪)
૧૮. કજિયો, અણબનાવ (૪)
૨૧. લીટી, રેખા (૩)
૨૩. નહિ ખોદેલું (૩)
૨૫. પૈસા આપ્યા વગર નામે લીધેલું (૩)
૨૬. બાવાઓનો સમૂહ (૨)
૨૭. અધિકારી (૫)
૨૯. મુખ્ય, ધોરી (રસ્તો) (૪)
૩૦. ઉદ્ધારક, તારનાર (૩)

ઊભી ચાવી

૧. અનિશ્ચિત (૪)
૨. --- દાનને મહાપુણ્ય (૩)
૩. માથું (૨)
૪. ચતુર, ડાહ્યું (૨)
૫. --- એવી બરકત (૩)
૬. રખવાળી કે પાલન કરનાર (૩)
૮. આજ્ઞાંકિત, કહ્યું કરે તેવું (૪)
૧૧. મોટી શેતરંજી (૩)
૧૩. લજ્જા (૨)
૧૪. અંતિમ. છેવટનું (૩)
૧૫. ઉતાવળા એ બાવરા, ---- સો ગંભીર (૨)
૧૭. થોડું (૨)
૧૯. ખોટું, ભૂલ ભરેલું (૩)
૨૦. હરેક ક્ષણ, હંમેશ (૪)
૨૨. સુધારો કરનારું (૪)
૨૩. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૨૪. ભરોસો, પતીજ (૩)
૨૫. સખી દિલનું (૩)
૨૭. અમે, અમારું (૨)
૨૮. વેલ (૨)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘સનાનના સમાચાર આવ્યા છે’ પંક્તિમાં ‘સનાનના’ શબ્દનો અર્થ જણાવો.

અ) સુંદર બ) સન્માન ક) માઠા ડ) આમંત્રણ

માતૃભાષાની મહેક

૧૯મી સદીના કવિ શ્રી દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડીનાં કાવ્યોમાં ભાષાની સરળતા ઊડીને આંખે વળગે છે. તેમની પંક્તિઓએ કહેવતને જન્મ આપ્યો છે. કવિની જાણીતી પંક્તિઓ છે કે મરતાં સુધી મટે નહીં, પડી ટેવ પ્રખ્યાત, પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં. આ પંક્તિનો આધાર લઈ પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં કહેવતનો જન્મ થયો છે.

સુડોકુ-૯૧૫૭

		૫	૬	૭	૧	૮		
૬						૧		
૪	૮				૫			૩
૭			૨	૯			૮	
૨	૯						૬	૭
	૫			૮	૭			૯
૫			૪				૧	૮
		૪						૬
		૭	૧	૬	૨	૯		

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૧૫૬

૧	૭	૮	૬	૨	૩	૫	૪	૯
૯	૨	૫	૪	૮	૭	૬	૩	૧
૩	૬	૪	૯	૫	૧	૨	૮	૭
૫	૧	૭	૨	૩	૪	૯	૬	૮
૬	૩	૯	૭	૧	૮	૪	૨	૫
૪	૮	૨	૫	૬	૯	૧	૭	૩
૭	૫	૬	૮	૯	૨	૩	૧	૪
૨	૪	૧	૩	૭	૫	૮	૯	૬
૮	૯	૩	૧	૪	૬	૭	૫	૨

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ENTOMOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) અણુ બ) જંતુ ક) પ્રવેશ ડ) અગ્નિ

ઈર્શાદ

જળનો જ જીવ છું ફરી જળમાં વહી જઈશ,
પળભર બરફમાં બંધ છું, પળમાં વહી જઈશ.

- જવાહર બક્ષી

માઈન્ડ ગેમ

બાળકો અને મોટેરાઓ હોંશે હોંશે ખાય અને અન્ય ફળોની સરખામણીએ સસ્તા એવા કેળાનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે?

અ) આંધ્ર પ્રદેશ બ) કર્ણાટક
ક) ગુજરાત ડ) છત્તીસગઢ

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
ખેકડો	CRAB
ખેંચ	SCARCITY
ખેટક	HUNTER
ખેદ	SORROW
ખેડૂત	FARMER

માઈન્ડ ગેમ: મહારાષ્ટ્ર

ઓળખાણ પડી?: ગળજીભી

ગુજરાત મોરી મોરી રે: માછલી

ચતુર આપો જવાબ અર્થ જણાવો: પોપટ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) ભરત કજરિયા (૧૭) કિરીટ છેડા (૧૮) મનીષા શેઠ (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમાલ માતલિયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતીન બજરિયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભામિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશ દલાલ

મૈત્રીપૂર્ણ લડાઈઓ, ગઠબંધનની ખેંચતાણ કાનૂની ગૂંચવણો વચ્ચે

આજથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ

મુંબઈઃ સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ જાહેર કરવામાં આવેલા ત્રિ-સ્તરીય કાર્યક્રમના પ્રથમ તબક્કામાં મંગળવારે રાજ્યની ૨૪૨ નગર પરિષદો અને ૪૬ નગર પંચાયતો માટે મતદાન થવાનું છે, રાજ્યના કેટલાક મતદારસંઘમાં રિટર્નિંગ અધિકારીઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં કરવામાં આવેલી કેટલીક ભૂલને કારણે ચૂંટણીઓ વીસમી તારીખ મોકૂફ રાખવામાં આવી છે, જેને કારણે સર્જાયેલા વિવાદ વચ્ચે મંગળવારે મતદાન થવાનું છે.

મત ગણતરી ત્રીજી ડિસેમ્બરે થશે. ચૂંટણીઓ આ સ્થાનિક સંસ્થાઓમાં ૬,૮૫૯ સભ્યો અને ૨૮૮ પ્રમુખોનું ભાવિ નક્કી કરશે, જેમાં ૧૩,૩૫૫ મતદાન મથકો પર ૧.૦૭ કરોડથી વધુ પાત્ર મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મતદાન સુયોગ્ય પદ્ધતિએ યોજાય એ માટે ૬૬,૦૦૦ થી વધુ સ્ટાફ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે.

'કુલ બેઠકોમાંથી, ૩,૪૯૨ મહિલાઓ માટે, ૮૯૫ અનુસૂચિત જાતિ માટે, ૩૩૮ અનુસૂચિત જનજાતિ માટે અને ૧,૮૨૧ અન્ય પછાત વર્ગો માટે અનામત છે,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

૨૪૬ નગર પરિષદોમાંથી, ૧૦ તાજેતરમાં રચાઈ હતી, જ્યારે ૪૨ નગર પંચાયતોમાંથી, ૧૫ નવી રચાયેલી છે અને ૨૭એ તેમનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે.

પ્રદેશવાર, મતદાન કોંકણમાં ૨૭, નાસિક વિભાગમાં ૫૯, પુણે વિભાગમાં ૬૦ અને નાગપુર વિભાગમાં ૫૫ કાઉન્સિલોને આવરી લેશે, જે આ ભૌગોલિક રીતે વૈવિધ્યસભર કવાયતને શહેરી અને અર્ધ-શહેરી મહારાષ્ટ્રમાં ફેલાયેલી બનાવે છે,' એમ તેમણે જણાવ્યું હતું.

ચૂંટણીઓમાં પહેલાથી જ નોંધપાત્ર રાજકીય દાવપેચ જોવા મળી ચૂક્યા છે, જેમાં ભાજપનું શાસક મહાયુતિ ગઠબંધન, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી), શરદ પવારની એનસીપી

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈમાં પ્રદૂષણ નિયંત્રણમાં હોવાનો પાલિકા કમિશનરનો દાવો

૪૮૨ બાંધકામને શો કોઝ નોટિસઃ ૨૬૪ને સ્ટોપ વર્કની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે અમલમાં મૂકેલી ઉપાયયોજનાને કારણે છેલ્લા ૪૮ કલાકમાં મુંબઈની હવાની ગુણવત્તામાં સુધારો થયો હોવાનો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે.

પાલિકાએ સોમવારે સ્પષ્ટતા કરી હતી કે ગંભીર વાયુ પ્રદૂષણને રોકવા માટેના કડક પગલાં ગ્રેડેટ રિસ્પોન્સ એક્શન પ્લાન સ્ટેજ-૪ (ગ્રેપ-૪) ને હાલ અમલમાં મૂકવામાં આવ્યો નથી પણ પાલિકા અધિકારીઓએ હવાની ગુણવત્તાને નિયંત્રણમાં રાખવા માટે દેખરેખ વધુ આકરી બનાવી છે. આ દરમ્યાન વાયુ પ્રદૂષણને રોક્વા માટે બહાર પાડેલી ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવા માટે મુંબઈના ૪૮૨ બાંધકામને કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે, તેમાંથી ૨૬૪ બાંધકામને સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી છે.

નવેમ્બરમાં મઝગાંવ, દેવનાર, મલાડ, બોરીવલી પૂર્વ, અંધેરી, નેવી નગર, કોલાબા, પવઈ જેવા વિસ્તારોમાં હવાની ગુણવત્તા નબળી નોંધાઈ હતી, જોકે છેલ્લા બે દિવસથી મુંબઈમાં હવાની ગુણવત્તામાં હળવો સુધારો નોંધાયો હોવાનો દાવો પાલિકાએ કર્યો છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરનારી કન્સ્ટ્રક્શન સાઈટ સામે આકરા પગલા લેવાનો નિર્દેશ આપ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પવનોની દિશામાં ફેરફાર અને પવન ફૂંકાવાની ગતિ ઝડપી થવાની સાથે જ ધૂળ અને પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટેની ગાઈડલાઈન મુજબ પ્રદૂષણ ફેલાવનારી કન્સ્ટ્રક્શન સાઈટને નોટિસ, પાણીનો છંટકાવ, રસ્તા ધોવા, જનજાગૃતિ અભિયાન અને બેકરીઓ તથા સ્મશાનમાં સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરવાના પગલા અમલમાં મૂકવામાં આવતા છેલ્લા ૪૮ કલાકમાં મુંબઈનો એર ક્વોલિટી ઈન્ડેક્સમાં સુધારો નોંધાયો છે. પવન અગાઉ જે ૩-૪ કિલોમીટર પ્રતિ કલાકની

(જુઓ પાનું ૪) ▶▶

દક્ષિણ મુંબઈથી થાણે ફક્ત ૨૫ મિનિટમાં, એ પણ સિગ્નલ અને ટ્રાફિક ફ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈથી થાણે સુધી હવે માત્ર ૨૫ મિનિટમાં પહોંચી શકાશે અને આ પ્રવાસ સિગ્નલ ફ્રી અને ટ્રાફિક મુક્ત રહેશે. સામાન્ય રીતે પીક અવર્સમાં આ દક્ષિણ મુંબઈથી થાણે પ્રવાસ કરવામાં કલાકો નીકળી જતા હોય છે. જોકે હવે ફ્રી-વેના વિસ્તારીકરણને કારણે પ્રવાસનો સમય બચી જવાનો છે.

ઈસ્ટર્ન ફ્રી-વેનું ઘાટકોપરથી થાણે સુધી વિસ્તારીકરણનું કામ શરૂ

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ ઈસ્ટર્ન ફ્રી-વેના ઘાટકોપરના છેડાનગરથી થાણેના આનંદ નગર સુધીનું વિસ્તારીકરણનું બાંધકામ શરૂ કર્યું છે. કુલ ૧૩.૯૦ કિલોમીટરના એલિવેટેડ છ લેનના હાઈસ્પીડ કોરિડોરને કારણે દક્ષિણ મુંબઈથી થાણે દરમ્યાનનો પ્રવાસ માત્ર ૨૫થી ૩૦ મિમિટમાં પૂરો કરી શકાશે.

એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રી-વે એક્ટેન્શનને કારણે થાણેના આનંદ નગરથી મુલુંડ, ઐરોલી, જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ, વિક્રોલી, કાંજુરમાર્ગ, માનખુર્દ અને ઘાટકોપર માર્ગે જશે અને છેવટે ઘાટકોપરના આનંદ નગરમાં પૂરો થશે. આ કોરિડોરને કારણે ઈસ્ટર્ન એક્સપ્રેસ પર થનારા ટ્રાફિકની સમસ્યામાં

(જુઓ પાનું ૪) ▶▶

૨૪ નગર પરિષદો અને નગર પંચાયતો અને ૧૫૪ સભ્યપદો માટે ૨૦ ડિસેમ્બરે મતદાન

ચૂંટણીપંચ દ્વારા મોકૂફ રખાયેલી સંસ્થાઓ માટેની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નગર પરિષદો અને નગર પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં રિટર્નિંગ ઓફિસરના નિર્ણય સામે જિલ્લા કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અથવા તે પછી નક્કી કરાયેલા વિવિધ સ્થળોના ૨૪ ચેરમેન પદો અને ૧૫૪ સભ્ય પદો માટે ચૂંટણી પ્રક્રિયા અપીલ સમયગાળા પછીના આગામી તબક્કાથી સુધારેલા કાર્યક્રમ મુજબ લાગુ કરવામાં આવશે, જેના માટે મતદાન ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાશે. અન્ય તમામ સ્થળોએ મતદાન બીજી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નિર્ધારિત ચૂંટણી કાર્યક્રમ મુજબ યોજાશે.

રાજ્ય ચૂંટણી પંચે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્યની ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કર્યો હતો. તે મુજબ, રિટર્નિંગ ઓફિસરના નિર્ણય સામે અપીલો બાકી હોય તેવા સ્થળોએ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૫ નવેમ્બર, ૨૦૨૫ હતી; જો કે, અપીલો પર નિર્ણય ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અથવા તે પછી પ્રાપ્ત થયો હોવાથી, સંબંધિત સ્થળોએ સુધારિત કાર્યક્રમ મુજબ ચૂંટણી પ્રક્રિયા લાગુ કરવામાં આવશે. કાયદામાં પ્રમુખ પદ સાથે સભ્યોના પદ માટે એક સાથે ચૂંટણીઓ યોજવાની જોગવાઈ છે. જો કે, સુધારેલા ચૂંટણી કાર્યક્રમ ફક્ત તે સ્થળો માટે જ લાગુ કરવામાં આવશે જ્યાં સભ્ય પદ માટે

(જુઓ પાનું ૪) ▶▶

ચૂંટણી પંચની સ્પષ્ટતા

મુંબઈઃ રાજ્યની ૨૦થી વધુ નગરપાલિકાઓની ચૂંટણીઓ સ્થગિત કરવામાં આવી છે અને સેંકડો વોર્ડમાં નગરસેવકના પદ માટેની ચૂંટણી પણ છેલ્લી ઘડીએ સ્થગિત કરવામાં આવી છે. પરિણામે વિવિધ પક્ષના મોટાભાગના કાર્યકર્તાઓ અને સ્થાનિક નેતાઓ અને ઉમેદવારો ખૂબ નિરાશ થયા છે. ચૂંટણી પંચે મતદાનના એક દિવસ પહેલા ચૂંટણી મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો હોવાથી રાજ્યકર્તાઓએ પણ નિરાશા વ્યક્ત કરી હતી. રાજ્ય ચૂંટણી પંચે હવે આ અંગે હવે સ્પષ્ટતા કરી છે. રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે તમામ બાબતોને ધ્યાનમાં લીધા પછી તેમજ કાનૂની સલાહ લીધા બાદ કેટલીક ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી હતી.

રાજ્યની ૨૪ નગરપાલિકાઓ અને ૧૫૦ સભ્યોની ચૂંટણી મુલતવી રાખવામાં આવી છે અને મુલતવી રાખવામાં આવેલી ચૂંટણી હવે ૨૦ ડિસેમ્બરે યોજાશે. જોકે, રાજ્ય ચૂંટણી પંચનું કહેવું

(જુઓ પાનું ૪) ▶▶

'ખોટું અને અન્યાયી': ફડણવીસ

સરકાર પત્ર લખશે એમ પણ કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યની ૨૦થી વધુ નગરપાલિકામાં ચૂંટણીની પ્રક્રિયાને મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો તેની મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખોટું અને અન્યાયી પગલું ગણાવ્યું હતું અને એમ જણાવ્યું હતું કે આ બાબતે ચૂંટણી પંચને લેખિતમાં રજૂઆત કરવામાં આવશે. ફડણવીસના આ નિવેદન બાદ કેટલાક વિપક્ષી નેતાઓએ પણ ચૂંટણીપંચની ટીકા કરી હતી અને મુખ્ય પ્રધાનની વાતને સાચી ગણાવી હતી.

ફડણવીસે સોમવારે પૈઠણમાં તેમની ચૂંટણી પ્રચાર રેલીમાં જતા પહેલા પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે અરજીઓ અથવા સબ જ્યુડિસ બાબતોને કારણે છેલ્લી ઘડીએ ચૂંટણી રદ કરવી એ સંપૂર્ણ નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરનારાઓ પર અન્યાય કરવા જેવી વાત છે.

કોઈની કોર્ટમાં અરજી અને સબ જ્યુડિસ બાબતોને કારણે આવતી કાલે મતદાન છે ત્યારે આજે કેટલીક ચૂંટણીઓ મુલતવી રાખવાનો નિર્ણય અન્યાયી હતો, એમ ફડણવીસે કહ્યું હતું.

ચૂંટણીઓ મુલતવી રાખવા માટે ચૂંટણી પંચના કાનૂની આધાર પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું હતું કે, 'મને ખબર નથી કે ચૂંટણી પંચ કોની સાથે સલાહ લઈ રહ્યું છે, પરંતુ જ્યાં સુધી હું કાયદા વિશે જાણું છું, ત્યાં સુધી કોઈએ કોર્ટમાં અરજી કરી હોવાથી ચૂંટણી મુલતવી રાખી શકાતી નથી.' તેમનું આ નિવેદન ચૂંટણી પંચ દ્વારા મંગળવારની કેટલીક બેઠકો પર ચૂંટણી મુલતવી રાખવાની જાહેરાત પછી આવ્યું હતું. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કેટલાક મતદાર ક્ષેત્રમાં મતદાન મુલતવી રાખવામાં આવ્યું હતું તેની સત્તાવાર સંખ્યા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

મુખ્ય પ્રધાને લાતુર જિલ્લાના નિલંગાના કેસને ઉદાહરણ તરીકે ટાંક્યો જ્યાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. 'જેની ઉમેદવારી નામંજૂર કરવામાં આવી હતી તે

(જુઓ પાનું ૪) ▶▶

પ્રેમીની હત્યા માટે પોલીસે મારા ભાઈને ઉશ્કેર્યોઃ

શબ સાથે લગ્ન કરનારી પ્રેમિકાનો આરોપ

નાંદેડઃ પ્રેમીને મારી નાખવા માટે ઈતવારા પોલીસ સ્ટેશનના બે પોલીસ અધિકારીએ મારા ભાઈને ઉશ્કેર્યો હોવાનો ચોંકાવનારો આરોપ નાંદેડ જિલ્લામાં પ્રેમીના શબ સાથે લગ્ન કરનારી ૨૧ વર્ષની યુવતીએ કર્યો હતો. આ આક્ષેપોની એડિશનલ એસપી રેન્કના અધિકારી દ્વારા તપાસ કરવામાં આવશે, એવી ખાતરી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અબિનાશ કુમારે આપી હતી.

નાંદેડના જૂના ગંજ વિસ્તારમાં ગુરુવારે સક્ષમ તાટે (૨૦)ની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે સક્ષમની પ્રેમિકા આંચલ મામીડવારના ભાઈઓ હિમેશ અને સાહિલ (૨૫) તેમ જ

(જુઓ પાનું ૪) ▶▶

પર્યાવરણપ્રેમીઓની જીતઃ

મેટ્રો-૯ માટે ડોંગરીમાં કારશેડ બાંધવાનું રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'દહિસર-ભાયંદર મેટ્રો-૯' રૂટ પરના ડોંગરી કારશેડને આખરે રદ કરવાનો નિર્ણય મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા લેવામાં આવ્યો છે. ડોંગરી કારશેડના કામ માટે ૧૨,૦૦૦થી વધુ વૃક્ષોનું નિકંદન નીકળી જવાનું હતું, તેની સામે સ્થાનિક રહેવાસી અને પર્યાવરણપ્રેમીઓએ ભારે વિરોધ કરીને અહીં કારશેડ બાંધવાનું રદ કરવાની માગણી કરી હતી. છેવટે એમએમઆરડીએને પોતાનો નિર્ણય પાછો લેવાની ફરજ પડી હતી. એમએમઆરડીએ દ્વારા ૧૩.૫ કિલોમીટર

(જુઓ પાનું ૪) ▶▶

થાણે-બોરીવલી ટ્વિન ટનલના કાર્યમાં નવી સિદ્ધિ

બોરિંગ મશીન થાણે પોર્ટલ પર ઉતારવામાં સફળતા

મુંબઈઃ મુંબઈમાં પૂર્વ અને પશ્ચિમ પરાંઓ વચ્ચે પ્રવાસ સરળ અને ઝડપી બનાવવાના ઉદ્દેશ્યથી અનેક યોજનાઓ અત્યારે કાર્યરત છે. તેમાંથી થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઉપરાંત આ યોજના નિર્માણની દૃષ્ટિએ પડકારરૂપ પણ છે.

પ્રોજેક્ટ માટે ભારતનું સૌથી મોટું ૧૩.૩૪-મીટર સિંગલ શીલ્ડ ટનલ બોરિંગ મશીન થાણે પોર્ટલ પર સુરક્ષિત રીતે ઊતારવામાં આવ્યું છે. આ કામગીરી થાણે-બોરીવલી ટ્વિન ટનલ માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન છે. આ મશીન દ્વારા દેશની સૌથી મોટી વ્યાસવાળી, સૌથી લાંબી થાણે-બોરીવલી ટ્વિન ટનલ તૈયાર કરવામાં આવશે.

આ ટીબીએમ દેશની સૌથી પહોળી અને લાંબી શહેરી રોડ ટનલ બનાવશે, જે મુંબઈના સૌથી પરિવર્તનશીલ અપગ્રેડમાંના એક માટેનો પાયો નાખશે. આશરે ₹૨૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે થાણે-બોરીવલી ટ્વિન ટનલ ભારતના સૌથી મોટા મોબિલિટી રોકાણોમાંથી એક છે. આ પ્રોજેક્ટ મુસાફરીનો સમય ઘટાડવા, પ્રદૂષણ ઘટાડવા અને ભવિષ્ય માટે જરૂરી પરિવહન લિંક તૈયાર કરશે જે મુંબઈના વિકાસને ટેકો આપશે, ભીડ હળવી કરશે અને આવનારા દાયકાઓ માટે શહેર કેવી રીતે આગળ વધશે તે માટેની રૂપરેખા આપશે.

ટ્વિન ટનલ ૧૦.૮ કિમી સુધી ફેલાયેલી છે, જેમાંથી ૫.૭૫ કિમી બોરીવલી બાજુથી અને ૬.૦૯ કિમી થાણે બાજુ ખોદવામાં આવી રહી છે. આ ટીબીએમ ટેકરીઓની નીચે દરરોજ સરેરાશ ૧૧ મીટરની ઝડપે આગળ વધશે. સખત ખડક, અસમાન જમીન અને કંપન નિયંત્રણ વગેરે પડકારો છતાં અદ્યતન ટેકનોલોજી મુંબઈના સૌથી વ્યસ્ત પ્રદેશોમાંના એક નીચે સલામત, સ્થિર ખોદકામ કરશે. ૧૧.૮ કિમી લાંબી ટ્વિન ટનલ એકવાર કાર્યરત

(જુઓ પાનું ૪) ▶▶

કંપનીની ઓફિસમાં રિવોલ્વરની ધાકે મહિલાને કપડાં ઉતારવાની ફરજ પાડીઃ છ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ મહાલક્ષ્મી વિસ્તારમાં ૨૦૨૩માં ફાર્માસ્યુટિકલ કંપનીની ઓફિસમાં બોલાવીને રિવોલ્વરની ધાકે ધમકાવ્યા બાદ ૫૧ વર્ષની મહિલાને કપડાં ઉતારવાની ફરજ પાડવા બદલ છ જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુંબઈ હાઇ કોર્ટના આદેશને પગલે એન.એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં ૨૨ નવેમ્બરના રોજ આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમની સામે જાતીય સતામણી તથા અન્ય આરોપો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પીડિતાએ આક્ષેપ કર્યો હતો કે આરોપીઓએ તેના અર્ધનગ્ન અવસ્થામાં ફોટા પાડ્યા હતા અને વીડિયો પણ ઉતાર્યો હતો, જેને સોશિયલ મીડિયા પર સર્ક્યુલેટ કરવાની ધમકી તેને અપાઇ હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ફોટો-ફ્રેમ અને ગિફ્ટિંગનો વ્યવસાય ધરાવતી ફરિયાદી મહિલાએ એવો આક્ષેપ કર્યો હતો કે એક આરોપીને સંડોવતા કેસમાં પોલીસ સમક્ષ ખોટું નિવેદન નોંધાવવા માટે દબાણ કરવા તેની મારપીટ કરવામાં આવી હતી. પીડિતાએ આ પ્રકરણે પાયધુની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જે બાદમાં એન.એમ. જોશી માર્ગમાં ટ્રાન્સફર કરાઇ હતી. આ અગાઉ પીડિતા વિરુદ્ધ આર્થિક ગુના શાખામાં આરોપીઓએ ફરિયાદ નોંધાવી હતી, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

મહાપરિનિર્વાણ દિનને ધ્યાનમાં રાખી ૧૪ વોર્ડમાં પાણીકાપ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટને પાણી પુરવઠો કરનારી પાઈપલાઈન બદલવાનું કામ આવતી કાલે બુધવારથી ગુરુવારના ૨૪ કલાક દરમ્યાન કરવામાં આવવાનું હતું. તે માટે મુંબઈના ૧૪ વોર્ડમાં ૧૫ ટકા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો હતો. જોકે હવે બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે મુંબઈમાં મોટી સંખ્યામાં તેમના અનુયાયી આવતા હોઈ તેને ધ્યાનમાં રાખીને પાણીકાપને રદ કરવામાં આવ્યો હોવાનું પાલિકા પ્રશાસને જાહેર કર્યું હતું. તાનસા બંધમાંથી ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટને પાણીપુરવઠો કરનારી ૨,૭૫૦ મિલીમીટર વ્યાસ તાનસા પાઈપલાઈનને બદલવાની છે. જૂની પાઈપલાઈન કાઢીને નવી પાઈપલાઈન નાખવાના કામ પણ કરવામાં આવવાના છે. તે માટે સાધારણ રીતે ૨૪ કલાકનો બ્લોક આવશ્યક છે. આ કામને

(જુઓ પાનું ૪) ▶▶

રેલવેમાં નકલી ટિકિટ દ્વારા પ્રવાસ કરતા પકડાયા તો થશે પાંચ વર્ષની જેલ

મુંબઈ : મુંબઈની ઉપનગરીય ટ્રેનોમાં દરરોજ ટિકિટ વગર મુસાફરી કરતા ઘણા ખુદાબક્ષો પકડાય છે. પરંતુ હવે ટેક્નોલાજીનો ઉપયોગ કરીને નકલી ટિકિટો બનાવવાનું ષડયંત્ર બહાર આવ્યું છે. તાજેતરમાં આવી નકલી ટિકિટ સાથે મુસાફરી કરતી મહિલા પકડાઈ હતી. તેથી હવે સેન્ટ્રલ રેલવેએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એઆઇ અને ફોટો એડિટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરીને મુંબઈ લોકલ ટ્રેનોની નકલી ટિકિટ બનાવીને મુસાફરી કરનારાઓ સામે કડક કાર્યવાહી શરુ કરી છે. રેલવેએ આવી છેતરપિંડી માટે અત્યાર સુધીમાં ચાર એફઆઇઆર નોંધી છે.

મુંબઈની લોકલ ટ્રેનોની ટિકિટ બુક કરવા માટે રેલવે યુટીએસ (અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ) નામની એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. તેની મદદથી ટિકિટ સરળતાથી બુક કરી શકાય છે. જોકે, તાજેતરમાં, ટિકિટ કલેક્ટર્સ (ટીસી) એ જોયું કે કેટલાક મુસાફરો એઆઇ અને ફોટોશોપ એપ્લિકેશનનો ઉપયોગ કરીને નકલી ટિકિટો બનાવી રહ્યા હતા. આ સમગ્ર મુદ્દા પર વાત કરતા, મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી (સીપીઆરઓ) સ્વપિનલ નીલાએ જણાવ્યું હતું કે, ''જો આ મામલે કોઈપણ વ્યક્તિ સામે કેસ નોંધાય છે, તો તેને પાંચ વર્ષની જેલ અને દંડની જોગવાઈ છે. પોલીસ રેકોર્ડમાં નામ આવવાને કારણે વ્યક્તિની કારકિર્દી પણ જોખમમાં મુકાઈ શકે છે.''

રેલ્વેએ નોંધ્યું છે કે પકડાયેલા બધા મુસાફરો સારા ઘરના છે અને જાણીતી અને મોટી કંપનીઓમાં કામ કરે છે. તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ પણ છે, તેથી રેલવેએ જનતાને આવી છેતરપિંડી ન કરવાની અપીલ કરી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

જીત પછી થઈ બબાલ

સેલિબ્રેશનમાં વારંવાર કહેવા છતાં વિરાટ સામેલ ન થયોઃ ડ્રેસિંગ રૂમમાં બધું બરાબર નથીઃ ગંભીર પ્રત્યેની કોહલી અને રોહિતની નારાજગી સ્પષ્ટપણે દેખાઈ આવે છે

રોહિત અને ગંભીર વચ્ચે થઈ 'ઉગ્ર' દલીલો

રાંચીઃ રાંચીમાં રવિવારે રમાયેલી પહેલી વનડેમાં ભારતીય ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાને ૧૭ રનથી હરાવ્યું હતું. આ મેચમાં રોહિત અને કોહલીએ શાનદાર બેટિંગ કરી હતી. કોહલીએ ૧૩૫ રનની શાનદાર ઇનિંગ રમી, જ્યારે રોહિત શર્માએ ૫૭ રન કર્યા હતા. બંનેએ ૧૩૬ રનની ભાગીદારી કરી, જેનાથી ટીમ ૩૪૯ રનના વિશાળ સ્કોર સુધી પહોંચી હતી. મેચ પછી રોહિત અને ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.રોહિત, કોહલી અને ગંભીર વચ્ચે કંઈક બરાબર નથી અને આનાથી બીસીસીઆઈમાં પણ ચિંતા વધી રહી છે. રાંચી વનડે મેચ બાદ ડ્રેસિંગ રૂમમાંથી એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં રોહિત અને ગંભીર એકબીજા સાથે વાત કરતા જોવા મળી રહ્યા છે. તેમની બોડી લેંગ્વેજ પરથી એવું લાગે છે કે તેઓ મેચની એવી પરિસ્થિતિ પર ચર્ચા કરી રહ્યા છે જેના પર તેઓ અસંમત હતા. આ વીડિયોના આધારે એવા અહેવાલો છે કે મેચ પછી બંને વચ્ચે દલીલ થઈ હતી. ■

રાંચી : સાઉથ આફ્રિકા સામે ભારતની જીત બાદ હોટલમાં રૂમમાં જીતની ઉજવણી કરવામાં આવી હતી. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા એક વીડિયોમાં હોટલ સ્ટાફે ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી માટે કેક કાપવાનો કાર્યક્રમ યોજ્યો હતો. કેપ્ટન કેએલ રાહુલ કેક કાપતો જોવા મળી રહ્યો છે. જોકે, હોટલ સ્ટાફના વારંવાર કહેવા છતાં કોહલી સેલિબ્રેશનમાં સામેલ થયો નહોતો. જ્યારે કેએલ રાહુલ કેક કાપી રહ્યો હતો, ત્યારે કોચ ગૌતમ ગંભીર અને રોહિત શર્મા તેની પાછળ ઊભા હતા. તેમની વચ્ચે પણ વાતચીત ઉગ્ર હોવાનું જણાયું હતું. કોહલી તે જ સમયે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, અને જ્યારે કેક કાપવામાં આવી રહી હતી ત્યારે ત્યાંના લોકોએ તેને સેલિબ્રેશનમાં સામેલ થવા માટે વારંવાર વિનંતી કરી હતી પરંતુ તેણે તેમને અવગણ્યા અને આગળ નીકળી ગયો હતો. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. સોશ્યલ મીડિયા પર કોહલીના આ વીડિયોને લઈને ચાહકો પ્રતિક્રિયા આપી રહ્યા છે અને એવું માનવામાં આવે છે કે ગંભીરને કારણે કિંગ કોહલીએ જીતની ઉજવણીમાં સામેલ થયો નહોતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતની વનડે ટીમના ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોથી પ્રભાવિત થયું છે, જેને લઈને બીસીસીઆઈ ચિંતિત છે. કોહલી અને રોહિતના ભવિષ્યને લગતા સસ્પેન્સ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથેના તેમના સંબંધો અંગે ચાલી રહેલી ચર્ચાએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધું છે. હવે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગંભીર, કોહલી અને રોહિત વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ નથી, જે ટીમના વાતાવરણને અસર કરી રહ્યા છે. સંબંધોમાંની આ તાણ અત્યારે ચર્ચાને ચકડોળે ચડી છે.■

વાતાવરણ બગડતા ક્રિકેટ બૉર્ડ ટેન્શનમાં

મુંબઈઃ ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા સામે બે ટેસ્ટ મેચની સિરીઝમાં વાઈટ વોશ બાદ ભારતીય ક્રિકેટ ટીમે વનડે સિરીઝની શાનદાર શરૂઆત કરી છે, જેને કારણે ભારતીય ક્રિકેટ ચાહકોમાં વ્યાપેલો રોષ થોડો શાંત થયો છે. ત્રણ વન-ડે મેચની સિરીઝની પહેલી મેચમાં ૧૭ રનથી જીત મેળવીને ભારતીય ટીમે ૧-૦ લીડ મેળવી લીધી છે, ચાહકોને આશા છે કે ભારતીય ટીમ આ પ્રદર્શન જાળવી રાખે, પરંતુ ભારતીય ડ્રેસિંગ રૂમ અંગે ચિંતાજનક અહેવાલો મળી રહ્યા છે.

એક અહેવાલ મુજબ ભારતીય વનડે ટીમના ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ તણાવ ભર્યું છે. વનડે ટીમમાં બે દિગ્ગજ ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માની હાજરીને કારણે ડ્રેસિંગ રૂમમાં પાવર ડાયનેમિક બદલાઈ ગયું છે. અહેવાલ મુજબ, ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના રોહિત અને વિરાટ સાથેના સંબંધ બરોબર નથી.

એક અહેવાલમાં બૉર્ડના એક સૂત્રને ટાંકીને જણાવવામાં આવ્યું કે ગૌતમ ગંભીરના બંને સિનિયર ખેલાડીઓ સાથે સંબંધો જેવા હવા જોઈએ એટલા સારા નથી. દક્ષિણ આફ્રિકા સામેની પહેલી વનડે મેચ દરમિયાન કોહલી અને ગંભીર વચ્ચે ખૂબ જ ઓછી વાત થઇ હતી. બંને ખેલાડીઓના ભવિષ્ય અંગે રાયપુર અથવા વિશાખાપટ્ટનમમાં બેઠક યોજાઈ શકે છે.

અહેવાલમાં સૂત્રોને ટાંકીને આવો પણ દાવો કરવામાં આવ્યો કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન રોહિત અને ચીફ સિલેક્ટર અજિત આગરકર વચ્ચે સંબંધો સારા ન હતાં. બંને વચ્ચે બિલકુલ વાતચીત થઇ ન હતી.

અહેવાલ મુજબ કોહલી અને રોહિતના ચાહકો સોશ્યલ મીડિયા પર જે રીતે ગંભીરની ટીકા કરી રહ્યા છે, તેનાથી બૉર્ડ પણ નારાજ છે. ■

ટેસ્ટમાં રકાસઃ ગંભીર, અગરકર પાસે જવાબ લેવા બૉર્ડે બેઠક બોલાવી

રાયપુરઃ સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં નિરાશાજનક પ્રદર્શન બદલ ભારતીય ટીમની ટીકા કરવામાં આવી રહી છે, ખાસ કરીને હેડ કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત અગરકર ક્રિકેટ ચાહકોના નિશાના પર છે. બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઇન ઇન્ડીયા (બીસીસીઆઇ) હારનાં કારણોની સમીક્ષા કરી રહ્યું છે. એવામાં બૉર્ડે એક ઈમર્જન્સી બેઠક બોલાવી છે.

દક્ષિણ આફ્રિકા સામે રાયપુરના રમાનારી બીજી વનડે મેચ પહેલા, બીસીસીઆઇ ગૌતમ ગંભીર, અજિત અગરકર અને બોર્ડના કેટલાક ટોચના અધિકારીઓ સાથે બેઠક બોલાવી છે. આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવી શકે છે.

અહેવાલ મુજબ, બીસીસીઆઇના સેક્રેટરી દેવજીત સૈકિયા, જોઈન્ટ સેક્રેટરી પ્રભતેજ સિંહ ભાટિયા, ગંભીર અને સેલેક્ટર્સ કમિટીના અધ્યક્ષ અજિત અગરકર બેઠકમાં હાજર રહેશે. નવા વડા મિથુન મનહાસ આ બેઠકમાં હાજર રહેશે કે નહીં એ હજુ સ્પષ્ટ થઇ શક્યું નથી. જો કે વિરાટ કોહલી, રોહિત શર્મા અથવા ટીમના અન્ય ખેલાડીને બેઠકમાં બોલાવવામાં આવ્યા નથી.

બૉર્ડેએક અધિકારીને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું કે ટીમ સિલેકશન સુસંગત બને અને ભવિષ્યની યોજનાઓ પર સ્પષ્ટતા થાય એ માટે આ બેઠક બોલાવવામાં આવી છે.

અહેવાલ મુજબ બેઠકમાં હાલમાં રમયેલી મેચોમાં ટીમની નિષ્ફળ રહેલી રણનીતિ, મેનેજમેન્ટ અને ખેલાડીઓ વચ્ચે વાતચીતનો અભાવ અને ટીમની લાંબા ગાળાની યોજનાઓને મજબૂત બનાવવા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

બેઠક દમિયાન મેનેજમેન્ટ, સિલેક્ટર્સ કમિટી અને સિનિયર ખેલાડીઓ વચ્ચે કેટલાક મતભેદો દૂર કરવાનો પ્રયાસ પણ કરવામાં આવશે. ટીમમાં વિરાટ અને રોહિતની ભૂમિકા અંગે પણ ચર્ચા કરવામાં આવશે. ■

આ ઉંમરે આવી રન-ભૂખ...

કોહલી પર ડેલ સ્ટેન કુરબાન

રાંચી : પોતાના કરિયરના શ્રેષ્ઠ તબક્કો પસાર કર્યા પછી મોટાભાગના ખેલાડીઓ તેમના પરિવાર સાથે ઘરે રહેવાનું પસંદ કરે છે, પરંતુ ૩૭ વર્ષની ઉંમરે વિરાટ કોહલી હજુ પણ મેદાન પર ખૂબ જ જોશ સાથે દોડતો અને ડાઇવ લગાવતો જોવા મળી રહ્યો છે અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર ડેલ સ્ટેને રમત પ્રત્યેના તેના ઝનૂનથી ખૂબ જ પ્રભાવિત છે. ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા કોહલીએ બતાવી દીધું છે કે વન-ડે ક્રિકેટમાં હજુ પણ તે અજોડ છે. અહીં કોહલીએ દક્ષિણ આફ્રિકા સામેની પહેલી વન-ડે મેચમાં તેની કારકિર્દીની ૫૨મી સદી ફટકારી હતી.

સ્ટેને જિયોસ્ટારને કહ્યું હતું કે, ''જ્યારે તમે ૩૭ કે ૩૮ વર્ષના મોટાભાગના ખેલાડીઓ સાથે વાત કરો છો ત્યારે તેઓ કહે છે કે તેમને ઘર, તેમના કૂતરા, તેમના બાળકોને છોડીને જવાનું પસંદ નથી. પરંતુ કોહલી માનસિક રીતે એવી સ્થિતિમાં છે જ્યાં તે પહેલાની જેમ ભારત માટે રમવા માટે ઉત્સુક છે. તમે તેને પિચ વચ્ચે દોડતો, ફિલ્ડિંગ કરતો અને ડાઇવ લગાવતો જોઈ શકો છો. તે માનસિક રીતે યુવા છે અને ક્રિકેટ રમવા માંગે છે.''

તેણે કહ્યું હતું કે, ''કોહલી છેલ્લા ૧૫-૧૬ વર્ષમાં ૩૦૦થી વધુ વન-ડે મેચ રમ્યો છે, તેથી તેની પાસે ઘણો અનુભવ છે. આ તેના શરીર અને મનમાં છે. જો તે ત્રણ દિવસના વરસાદ પછી આવ્યો હોત તો પણ તેની તૈયારી પર કોઈ અસર ન પડી હોત. તે માનસિક રીતે મજબૂત છે, સ્પષ્ટ રીતે વિચારી શકે છે અને બોલને બેટ પર આવતા જોઈ શકે છે. વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ આવું જ કરે છે. તે પોતાના પર વિશ્વાસ રાખે છે કારણ કે તે ઘણા સમયથી રમી રહ્યો છે. સૌથી અગત્યનું તે હજુ પણ હંમેશાંની જેમ રમવા માટે ઉત્સાહિત છે.''

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૩મી સદી ફટકાર્યા પછી કોહલીએ તેની કારકિર્દીના આ તબક્કે તેની માનસિકતા અને તૈયારી વિશે વાત કરી હતી. કોહલીએ કહ્યું હતું કે, ''હું વધારે પડતી તૈયારીમાં માનતો નથી. મારું બધું ક્રિકેટ માનસિક રહ્યું છે. હું શારીરિક રીતે ખૂબ મહેનત કરું છું. જ્યાં સુધી મારું ફિટનેસ લેવલ સારું છે અને હું સારું અનુભવી રહ્યો છું, ત્યાં સુધી બધું બરાબર છે.'' તેણે કહ્યું હતું કે, ''મેં લગભગ ૩૦૦ વનડે મેચ રમી છે. આટલું બધું ક્રિકેટ રમ્યા પછી જો તમે રમવાનું ચાલુ રાખવા માગતા હોવ અને પ્રેક્ટિસમાં સારા રહેવા માંગતા હોવ તો નેટમાં બેટિંગ પ્રેક્ટિસના એક કે બે કલાક પૂરતા છે.' '■

૭,૦૦૦મી આંતરરાષ્ટ્રીય સેન્ચુરી વિરાટના નામે, જાણો કેવી રીતે...

રાંચીઃ રવિવારે વિરાટ કોહલી (૧૩૫ રન, ૧૨૦ બોલ, સાત સિક્સર, અગિયાર ફોર)એ સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ વનડેમાં કેટલીક અનોખી સિદ્ધિઓ મેળવી એમાં ૭,૦૦૦ના જાદુઈ આંકડાને કારણે તે ક્રિકેટ જગતમાં વધુ છવાઈ ગયો છે.

વનડે ક્રિકેટમાં હાઈએસ્ટ બાવનમી સેન્ચુરી ફટકારનાર વિરાટ રવિવારે આ ફોર્મેટમાં ૪૪મી વખત મેન ઑફ ધ મેચનો પુરસ્કાર જીત્યો, વન-ડે ક્રિકેટમાં સાઉથ આફ્રિકા સામે સચિન તેંડુલકર તથા ડેવિડ વૉર્નરની સૌથી વધુ પાંચ-પાંચ સેન્ચુરીનો વિક્રમ તોડીને છઠ્ઠી સદીનો રેકોર્ડ પોતાના નામે કર્યો, વનડે ક્રિકેટમાં રોહિત શર્મા સાથેની જોડીમાં ૨૦મી ભાગીદારી કરીને સંગકારા-દિલશાનની જોડીને પાછળ રાખી દીધી, ઘરઆંગણે વનડેમાં આઠમી વખત (પણ છેલ્લા પાંચ વર્ષમાં પહેલી વખત) રોહિત સાથે સેન્ચુરી પાર્ટનરશિપ કરી તેમ જ રોહિત શર્મા સાથેની જોડીમાં ભારત વતી ૩૯૨મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને સચિન-દ્રવિડની જોડીનો ૩૯૧ મેચનો ભારતીય વિક્રમ તોડ્યો હતો. વિરાટ કોહલીએ રવિવારે રાંચીમાં સાઉથ આફ્રિકા સામે વન-ડે કરિયરની જે બાવનમી સેન્ચુરી ફટકારી એ નંબરની દ્રષ્ટિએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમી ચૂકેલા તમામ ક્રિકેટરોમાં કુલ મળીને ૭,૦૦૦મી ઇન્ટરનેશનલ સેન્ચુરી હતી. બીજી રીતે કહીએ તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ મળીને ૭,૦૦૦ સદી ફટકારવામાં આવી છે, જેમાંથી ૮૩ વિરાટ કોહલીના નામે છે. વનડેમાં તેની ૫૨, ટેસ્ટમાં ૩૦ અને ટી-૨૦ ક્રિકેટમાં એક સેન્ચુરી છે. ■

કઈ સીમાચિહ્નરૂપ આંતરરાષ્ટ્રીય સદી કોના નામે
૧૦૦૦મીઃ ઈયાન ચેપલ (ઑસ્ટ્રેલિયા), ૧૯૬૮માં ઇંગ્લેન્ડ સામે
૨૦૦૦મીઃ ડીન જોન્સ (ઑસ્ટ્રેલિયા), ૧૯૯૦માં ભારત સામે
૩૦૦૦મીઃ સ્ટીવ વો (ઑસ્ટ્રેલિયા), ૨૦૦૧માં વેસ્ટ ઇન્ડિઝ સામે
૪૦૦૦મીઃ કુમાર સંગકારા (શ્રીલંકા), ૨૦૦૭માં ભારત સામે
૫૦૦૦મીઃ રોસ ટેલર (ન્યૂ ઝીલેન્ડ), ૨૦૧૪માં પાકિસ્તાન સામે
૬૦૦૦મીઃ એસ. વિક્રમસેકરા (ચેક રિપબ્લિક), ૨૦૧૯માં, ઑસ્ટ્રિયા સામે
૭૦૦૦મીઃ વિરાટ કોહલી (ભારત), ૨૦૨૫માં સાઉથ આફ્રિકા સામે.

વિરાટના ભવિષ્યને મામલે ચર્ચાનો સવાલ નથીઃ બૅટિંગ કૉચ

રાંચી : ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ સીતાંશુ કોટકનું માનવું છે કે વિરાટ કોહલીના વન-ડે ક્રિકેટમાં ભવિષ્યને લઈને અટકળો લગાવવી જોઈએ નહીં કારણ કે આ દિગ્ગજ ખેલાડીની વનડે ક્રિકેટમાં ફિટનેસ, ફોર્મ અને પ્રભાવ અગાઉ જેટલો જ છે. દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની શ્રેણી પહેલા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા હતા કે શું કોહલી અને રોહિત શર્મા ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટે મુખ્ય કોચ ગૌતમ ગંભીરની યોજનાઓમાં સામેલ છે કે નહીં. કોટકે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે પોતાને ખ્યાલ આવી રહ્યો નથી કે કોહલીના ભવિષ્યને લઈને ચર્ચા કેમ કરવામાં આવી રહી છે. કોટકે રવિવારે અહીં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ વન-ડેમાં ભારતની ૧૭ રનથી જીત બાદ કહ્યું હતું કે''મને વાસ્તવમાં ખ્યાલ નથી કે આપણે આ બધી વાતો પર ધ્યાન આપવાની કેમ જરૂર છે. તે ખૂબ સારી બેટિંગ કરી રહ્યો છે અને આપણે તેના ભવિષ્ય વિશે શા માટે વાત કરવાની જરૂર છે.'' તે જે રીતે પ્રદર્શન કરી રહ્યો છે, તેની ફિટનેસ કેવી છે, તેમાં કોઈ સવાલ ઉઠતો નથી.'' બેટિંગ કોચે ભારપૂર્વક કહ્યું હતું કે ખેલાડીઓ કે ટીમ મેનેજમેન્ટ વર્લ્ડ કપ વિશે વિચારી રહ્યો નથી. સિનિયર ખેલાડીઓ વિશે આ અંગે વાત કરવાનો વિચાર છોડી દો. મને નથી લાગતું કે તેના વિશે કોઈ ચર્ચા થવી જોઈએ. રોહિત અને કોહલી બંને શાનદાર છે. તેઓ સારું પ્રદર્શન કરી રહ્યા છે અને ટીમમાં યોગદાન આપી રહ્યા છે. એકવાર ટીમ આવે અને પ્રેક્ટિસ શરૂ થાય પછી આપણે તેનો આનંદ માણીએ છીએ. અમે ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ વિશે વાત કરી રહ્યા નથી. ■

બોલ અને બૅટ સાથે પણ હીરો છે યેન્સેન

રાંચીઃ ભારત સામે રાંચીમાં રમાયેલી પ્રથમ વનડે મેચમાં સાઉથ આફ્રિકાના ઝડપી બોલર માર્કો યેન્સને ઓલરાઉન્ડર પ્રદર્શન કરીને સૌને પ્રભાવિત કર્યા હતા. હાલમાં વિશ્વ ક્રિકેટમાં ખૂબ ઓછા ઝડપી બોલરો છે જેઓ બોલિંગની સાથે સાથે સારી બેટિંગ પણ કરી શકે છે. યેન્સેન સાઉથ આફ્રિકા માટે ઓલરાઉન્ડર પ્રદર્શનથી ખૂબ કિંમતી ખેલાડી બની ગયો છે. એક સમયે આ પચીસ વર્ષીય ખેલાડીને શાનદાર બોલર માનવામાં આવતો હતો પરંતુ તાજેતરના સમયમાં બેટિંગમાં પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે.

યેન્સનની બોલિંગ તેનું મજબૂત પાસુ રહ્યું છે. ઝડપી ઉછાળ અને ધીમી પીચ પર ઝડપ હાંસલ કરવાની તેની ક્ષમતા તેને વિશેષ બોલર બનાવે છે. તેની ફુલ લેન્થ ડિલિવરી અને સારા કંન્ટ્રોલે તેને એક ખતરનાક ઝડપી બોલર બનાવ્યો છે, જેના કારણે તે દક્ષિણ આફ્રિકાની બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરે છે. તેની બેટિંગ દક્ષિણ આફ્રિકા માટે કોઈ વરદાનથી ઓછી નથી જેનાથી ટીમને સંતુલન મળે છે. યેન્સન એક એવો ખેલાડી બની ગયો છે જે આક્રમક બેટિંગ કરીને ટીમને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બચાવવાનો પ્રયાસ કરે છે.

યેન્સને કહ્યું હતું કે ''જ્યારે ટોચના પાંચ બેટ્સમેન સારા ફોર્મમાં હોય ત્યારે મેદાનમાં ઊતરવું ખૂબ જ સારું લાગે છે. હું ફક્ત બોલ પર ધ્યાન કેન્દ્રિત કરું છું અને તે મુજબ બેટિંગ કરું છું. આ રણનીતિ મારા માટે હાલમાં અસરકારક સાબિત થઈ રહી છે.'' તાજેતરમાં જ ભારત સામે ગુવાહાટી ટેસ્ટમાં તેણે નવમા નંબર પર બેટિંગ કરવા ઊતરી ૯૧ બોલમાં ૯૩ રન ફટકારી દક્ષિણ આફ્રિકાને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું હતું. તેની આક્રમક ઇનિંગે દક્ષિણ આફ્રિકાને ૪૮૯ રનનો વિશાળ સ્કોર કરવામાં મદદ કરી હતી.

ઓસ્ટ્રેલિયાનો કેમરૂન ગ્રીન બેટિંગમાં સારું પ્રદર્શન કરી રહ્યો છે પરંતુ તે યેન્સન જેટલો અસરકારક નથી. વર્કલોડ મેનેજમેન્ટને કારણે ભારતના હાર્દિક પંડ્યા ઓછો પ્રભાવિત કરે છે. જ્યારે ઇંગ્લેન્ડનો બેન સ્ટોક્સ સતત બોલિંગ કરવામાં અસમર્થ છે. વનડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં બોલ સ્વિંગ કરવાની તેની ક્ષમતા અને આક્રમક બેટિંગ કરવાની ક્ષમતા ટીમને સંતુલન આપી રહી છે. ■

ગિલની વાપસીની તૈયારી

નવી દિલ્હીઃ ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને મેદાનમાં વાપસી કરવાની તૈયારી કરી રહ્યો છે. ગિલ સોમવારે બેંગલુરુમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ફરજિયાત ફિટનેસ મૂલ્યાંકન માટે પહોંચશે. આનાથી ગિલની ૯ ડિસેમ્બરથી શરૂ થતી દક્ષિણ આફ્રિકા સામેની પાંચ મેચની ટી-૨૦ સીરિઝમાં રમવાની શક્યતા વધી જાય છે. કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન બેટિંગ કરતી વખતે ગિલને ગરદનમાં ઈજા થઈ હતી, જેના કારણે તે ટેસ્ટ શ્રેણી અને વન-ડે સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો.

ભારતીય ચાહકો માટે રાહતની વાત છે કે હાર્દિક પંડ્યા ફિટ થઈ ગયો છે. તેને ટી-૨૦ ફોર્મેટમાં રમવા માટે મંજૂરી મળી ગઈ છે. તે મંગળવારે પંજાબ સામે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમે તેવી અપેક્ષા છે. ■

ભારતીય મહિલા હોકી ટીમના કોચ હરેન્દ્ર સિંહનું રાજીનામું

નવી દિલ્હીઃ ભારતીય મહિલા હોકી ટીમના મુખ્ય કોચ હરેન્દ્ર સિંહે ''અંગત કારણસર'' તાત્કાલિક અસરથી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહેલી ટીમના મુખ્ય કોચ રહેલા નેધરલેન્ડના શોર્ડ મારિન ભારતીય ટીમમાં આ પદ પર વાપસી કરી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અચાનક હરેન્દ્ર સિંહે હોકી ઇન્ડિયાને એક ઇમેઇલ મોકલીને જાણ કરી છે કે તેઓ તાત્કાલિક અસરથી રાજીનામું આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે આ એક સંપૂર્ણપણે ''વ્યક્તિગત નિર્ણય'' છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે મારિનની ભારતીય મહિલા હોકી ટીમના કોચના રૂપમાં વાપસી થઈ શકે છે જેના માર્ગદર્શન હેઠળ ભારતીય ટીમે ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક પ્રદર્શન કરતા ચોથું સ્થાન મેળવ્યું હતું. મારિને ઓગસ્ટ ૨૦૨૧માં મહિલા હોકી ટીમના મુખ્ય કોચ તરીકે રાજીનામું આપ્યું હતું. ■

અઝલાન શાહ હોકીનું ટાઈટલ બેલ્જિયમ જીત્યું, ફાઈનલમાં ભારતને ૧-૦થી હરાવ્યું

કવાલામ્પુર : બેલ્જિયમે રવિવારે રોમાંચક ફાઈનલ મેચમાં ભારતને ૧-૦થી હરાવીને સુલતાન અઝલાન શાહ કપ હોકી ટુનામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. ભારતને મેચમાં ૩૪મી મિનિટમાં થિબ્યૂ સ્ટોકબ્રોક્સના ગોલના કારણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. બેલ્જિયમનું આ પહેલું સુલતાન અઝલાન શાહ ટાઇટલ છે. ટીમ આ ટુર્નામેન્ટમાં ફક્ત બીજી વખત રમી રહી હતી. શનિવારે કેનેડા સામે ૧૪-૩ થી શાનદાર જીત બાદ આ મેચમાં ભારત કમનસીબે ત્રણ પેનલ્ટી કોર્નરમાંથી એક પણને ગોલમાં કન્વર્ટ કરવામાં નિષ્ફળ ગયું હતું.

જુગરાજ સિંહ, અમિત રોહિદાસ અને સંજયે આ ટુર્નામેન્ટ દરમિયાન પેનલ્ટી કોર્નરમાં સારું પ્રદર્શન કરવામાં સફળ રહ્યા પરંતુ ફાઇનલમાં બેલ્જિયમના ડિફેન્સને ભેદવામાં નિષ્ફળ ગયા હતા. લીગ સ્ટેજમાં યુરોપિયન ટીમ સામે ૨-૩ થી હારી ગયા બાદ આ ટુર્નામેન્ટમાં ભારતનો બીજો પરાજય હતો. મનપ્રીત સિંહ અને હાર્દિક સિંહ જેવા અનુભવી ખેલાડીઓને ટુર્નામેન્ટમાંથી આરામ આપવામાં આવ્યો હોવાથી જવાબદારી યુવા ખેલાડીઓ પર આવી હતી, જેમણે સારું પ્રદર્શન કરીને હારનું અંતર ઓછું રાખ્યું હતું. બેલ્જિયમે શરૂઆતમાં બે પેનલ્ટી કોર્નર મેળવ્યા, પરંતુ ભારતે તેમને નિષ્ફળ બનાવ્યા હતા. ધીમી શરૂઆત પછી ભારતે ગતિ મેળવી પરંતુ બેલ્જિયમે મિડફિલ્ડમાં વધુ સારું નિયંત્રણ મેળવીને તેમને મુશ્કેલીમાં મુક્યા હતા. બંને ટીમો હાફ ટાઈમ સુધી પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી હતી. બેલ્જિયમ બીજા હાફમાં વધુ સારી લય સાથે રમ્યું હતું. ૩૪મી મિનિટે સ્ટોકબ્રોકના ગોલથી ભારત દબાણમાં આવી ગયું. ભારતે અંતિમ ક્વાર્ટરમાં સ્કોર બરાબર કરવાનો સખત પ્રયાસ કર્યો પરંતુ બેલ્જિયમ ડિફેન્સને ભેદવામાં નિષ્ફળ રહ્યું હતું.■

સેન્સેક્સ અને નિફ્ટી જીવનકાળના નવા ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી નજીવા ઘટાડા સાથે બંધ થયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારે સપ્તાહના પહેલા દિવસ, સોમવારે આશાસ્પદ શરૂઆત બાદ રોકાણકારોને નિરાશ કર્યા હતા. બેન્ચમાર્ક સ્ટોક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી તેમના નવા સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગ અને વિદેશી ભંડોળના બાહ્ય પ્રવાહને કારણે નજીવા ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ પ્રારંભિક સત્રનો સુધારો ગુમાવીને અંતે ૬૪.૭૭ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૮૫,૬૪૧.૯૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૪૫૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા ઉછળીને ૮૬,૧૫૯.૦૨ પોઇન્ટના ઇન્ટ્રા-ડે ઓલટાઇમ હાઇ લેવલને સ્પર્શ્યો હતો.

જ્યારે નિફ્ટી ૨૭.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા ઘટીને ૨૬,૧૭૫.૭૫ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૧૨૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૨૬,૩૨૫.૮૦ પોઇન્ટના સર્વકાલિન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યો હતો. એક નિષ્ણાતે જણાવ્યું હતું કે, બીજા ત્રિમાસિક સમયગાળાની અપેક્ષા કરતાં વધુ સારા જીડીપી વૃદ્ધિ પછી આ અઠવાડિયે આરબીઆઇ દ્વારા વ્યાજદરના ઘટાડાની અપેક્ષાઓ ઓછી થઈ ગઈ હોવાથી બજારે ઊંચા સ્તરે કરેકશનનો સામનો કરવો પડ્યો હતો.

આ અગાઉ જુલાઈ-સપ્ટેમ્બરમાં ભારતની અર્થવ્યવસ્થાએ અપેક્ષા કરતાં વધુ ૮.૨ ટકાના દરે વિકાસ હાંસલ કર્યો હોવાના ડેટા જાહેર થયા બાદ રોકાણકારોનું સેન્ટિમેન્ટ હકારાત્મક બન્યા હોવાથી બજારો તેમના રેકોર્ડ ઊંચા સ્તરે ઉછળ્યા હતા. નોંધવું રહ્યું કે, જીડીપીએ છ ક્વાર્ટરમાં સૌથી ઝડપી ગતિએ વૃદ્ધિ નોંધાવી હતી. સેન્સેક્સ કંપનીઓમાં, બજાજ ફાઇનાન્સ, સન ફાર્મા, ટ્રેન્ટ, મહિન્દ્રા અને મહિન્દ્રા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને બજાજ ફિનસર્વ ટોપ લુઝર્સ રહ્યા હતા. જોકે, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, મારુતિ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેંક, અદાણી પોર્ટ્સ અને એચસીએલ ટેકના શેરમાં સુધારો જોવા મળ્યો હતો.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સનું વેચાણ નવેમ્બરમાં ૨૬ ટકા વધ્યું હોવાના અહેવાલ વચ્ચે બીએસઈ પર તેનો શેર ૧.૯૩ ટકા વધીને રૂ. ૩૬૩.૭૫ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૨.૨૮ ટકા વધીને રૂ. ૩૬૫ બોલાયો હતો. જ્યારે એનએસઈ પર આ શેર ૧.૯૬ ટકા વધીને રૂ. ૩૬૩.૮૦ પર બંધ થયો હતો. એફએમસીજી કંપની હિન્દુસ્તાન યુનિલિવરે સોમવારે વંદના સૂરીને તેની મેનેજમેન્ટ કમિટીમાં હોમ કેરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી હતી.

ડાઇવર્સિફાઇડ રિટેલ અને સંકલિત ફૂડ પ્રોસેસિંગ કંપની, પટેલ રિટેલ લિમિટેડે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં તેના વિસ્તરણને આગળ વધારતા, ઉચ્ચ-ઘનતા અને ઝડપથી વિકસતા રહેણાંક ક્લસ્ટરોને ધ્યાનમાં રાખીને કંપની નવા આઉટલેટ સ્થાપી રહી છે, જેના ભાગરૂપે કંપનીએ મુંબઇના ઉપનગર ડોંબીવલીમાં ૪૮મો સ્ટોર શરૂ કર્યો છે. આકાસો એરને આઇએટીએનું ઓપરેશનલ સેફ્ટી રજિસ્ટ્રેશન પ્રાપ્ત થયું છે.

ટાટા મોટર પેસેન્જર ૧.૯૩ ટકા, મારુતિ ૧.૩૭ ટકા, બીઈએલ ૧.૩૬ ટકા, કોટક બેન્ક ૧.૧૨ ટકા, કોટક બેન્ક ૧.૧૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૯૫ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૮૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૯ ટકા, ટેક મહિન્દ્ર ૦.૬૩ ટકા અને ટાટા સ્ટીલ ૦.૪૮ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૧.૬૫ ટકા, સન ફાર્મા ૧.૨૮ ટકા, ટ્રેન્ટ ૦.૭૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૫ ટકા, બજાજ ફિનસર્વ ૦.૫૫ ટકા, ભારતી એરટેલ ૦.૫૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૪૭ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૪૪ ટકા ઘટ્યા હતા. નવી ઊંચી સપાટીએ પહોંચ્યા પછી, બજાર રેન્જ બાઉન્ડ તબક્કામાં સરકી ગયું કારણ કે ડિસેમ્બરમાં રિઝર્વ બેન્ક દ્વારા દર ઘટાડાની અપેક્ષાઓ અપેક્ષા કરતાં બીજા ક્વાર્ટરની વધુ સારા જીડીપી વૃદ્ધિ અને રૂપિયાના તીવ્ર અવમૂલ્યનને કારણે ઓછી થઈ ગઈ છે. નવેમ્બરમાં જીએસટી કલેક્શનમાં નરમાઈને કારણે સેન્ટિમેન્ટમાં સહેજ સાવધ વલણ ઉમેરાયું છે, એમ અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સકારાત્મક સ્તરે સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપના બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩,૭૯૫.૭૨ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪,૧૪૮.૪૮ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૯૬ ટકા વધીને ૬૩.૬૦ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. શુક્રવારે, સેન્સેક્સ ૧૩.૭૧ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૮૫,૭૦૬.૬૭ પોઇન્ટ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૨.૬૦ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા ઘટીને ૨૬,૨૦૨.૯૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

નવેમ્બરમાં વિદેશી રોકાણકારોએ વૈશ્વિક જોખમથી દૂર રહેવાની ભાવના અને ટેક્નિકલ અસ્થિરતા વચ્ચે ભારતીય ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ડિપોઝિટરી ડેટા અનુસાર, ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે. એફઆઇઆઇએ સતત ત્રણ મહિનામાં ભારતીય બજારમાં ધૂમ વેચવાલી કરી હતી, જેમાં વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. નવેમ્બર સુધીનો પ્રવાહ વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના સંયોજન દ્વારા આકાર પામ્યો હતો.

ઓક્ટોબરમાં ટૂંકા ગાળાના વિરામ પછી, વિદેશી રોકાણકારોએ વેચાણ ફરી શરૂ કર્યું, અને નવેમ્બરમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ગ્લોબલ રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ, વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં અસ્થિરતા અને સેકન્ડરી માર્કેટ કરતાં પ્રાથમિક બજારો માટે પસંદગીયુક્ત પસંદગીને કારણે આમ બન્યું છે.

વૈશ્વિક મોરચે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરમાં ઘટાડાના માર્ગની આસપાસની અનિશ્ચિતતા, મજબૂત યુએસ ડોલર અને ઉભરતા બજારોમાં નબળી જોખમની ભૂખને કારણે વિદેશી રોકાણકારો સાવધ રહ્યા હતા. સ્થાનિક સ્તરે આ સાવચેતીપૂર્ણ અભિગમ, ખૂબ જ વધુ પડતા ઊંચા વેલ્યુએશન અને ઔદ્યોગિક સૂચકાંકોમાં ઘટાડાને કારણે વધુ મજબૂત બન્યો હતો, જેના કારણે ભારતના પ્રમાણમાં સ્થિર મેક્રોઇકોનોમિક બેકડ્રોપ હોવા છતાં રોકાણકારોના વિશ્વાસમાં ઓટ આવ્યો હોવાનું બજારના પીઢ નિરીક્ષકોએ જણાવ્યું હતું. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

ડૉલર સામે રૂપિયો આઠ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા સાથે વેપાર કરારમાં થઈ રહેલો વિલંબ, આજે જાહેર થયેલો ગત નવેમ્બર મહિનાનો ઔદ્યોગિંક ઉત્પાદનનો આંક અથવા તો પર્ચેઝિંગ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ નવ મહિનાની નીચી ૫૬.૬ની સપાટીએ પહોંચ્યાના અહેવાલ અને વેપાર ખાધમાં થયેલા વધારા જેવા કારણો ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૩૪ પૈસા તૂટીને ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફરીને સંભવત્ રિઝર્વ બૅન્કનાં હસ્તક્ષેપને ટેકે અંતે આઠ પૈસાના ઘટાડા સાથે ૮૯.૫૩ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૯.૪૫ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૯.૪૫ના મથાળે ખુલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૭૯ અને ઉપરમાં ૮૯.૪૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે આઠ પૈસા ઘટીને ૮૯.૫૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ખાસ કરીને ડૉલરમાં માગ અને પુરવઠા વચ્ચેના અસમતુલનને ધ્યાનમાં લેતા રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં એચડીએફસી સિક્યોરિટીઝનાં સિનિયર રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે નજીકના સમયગાળા માટે ડૉલર સામે હાજર રૂપિયમાં ૮૯.૩૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૮૯.૯૫ની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૭ ટકા વધીને ૯૯.૨૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૮૬ ટકા વધીને બેરલદીઠ ૬૩.૫૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૬૪.૭૭ પૉઈન્ટ અને ૨૭.૨૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૭૯૫.૭૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વૈશ્વિક ચાંદી વિક્રમ સપાટીએ પહોંચતા સ્થાનિકમાં ₹ ૧૦,૮૨૧નો ઝડપી ઉછાળો, ભાવ ૧.૭૫ લાખની પાર, સોનું ₹ ૨૨૦૯ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની નીચે ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભમાં હાજરમાં સોનાના ભાવ ૦.૬ ટકા ઉછળીને છ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૨.૨ ટકા ઉછળીને નવી ટોચે ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧.૭૫ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦૦થી ૨૨૦૯નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦,૮૨૧ની તેજી સાથે રૂ. ૧,૭૫,૧૮૦ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, આજે જોવા મળેલી આગઝરતી તેજીમાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦૦ વધીને રૂ. ૧,૨૮,૨૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૦૯ વધીને રૂ. ૧,૨૮,૮૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઝડપી તેજીનું વલણ રહેતાં આજે જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની લગ્નસરાની માગ પણ છૂટીછવાઈ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે રેટકટના આશાવાદ હેઠળ હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને છ સપ્તાહની ઊંચી ઔંસદીઠ ૪૨૫૫.૦૪ ડૉલરની સપાટી આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૮ ટકા વધીને ૪૨૯૦.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૨ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૫૭.૬૩ ડૉલરની નવી ટોચે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એક તરફ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ અને ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલનાં અનુગામી વ્હાઈટ હાઉસના આર્થિક સલાહકાર કેવિન હૅઝેટ હળવી નાણાનીતિની તરફેણ કરે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોના અને ચાંદીની તેજીને વધુ ટેકો મળ્યો હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલની અપેક્ષિત હળવી નાણાનીતિને ધ્યાનમાં લેતા આગામી વર્ષ સોના અને ચાંદીના ભાવ વધીને અનુક્રમે ઔંસદીઠ ૪૫૦૦ ડૉલર અને ૬૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. તાજેતરમાં ન્યૂયોર્ક ફેડના ગવર્નર ક્રિસ્ટોફર વૉલર સહિતનાં ઘણાં નીતિઘડવૈયાઓએ આગામી ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી હોવાથી આજે સીએમઈ ફેડવૉચ ટૂલ પર ટ્રેડરો રેટ કટની ૮૮ ટકા શક્યતા મૂકી રહ્યા છે.

જોકે, હાલમાં રોકાણકારોની નજર બુધવારે જાહેર થનારા અમેરિકાના રોજગારીના અને શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિરિ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ટીન અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગ પ્રબળ રહેતાં કોપર, ટીન અને નિકલની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૩૪ની આગેકૂચ જળવાઈ રહી હતી. જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં કામકાજો પાંખાં રહ્યા હોવાથી ટકેલું વલણ જોવા મળ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ખાસ કરીને ટીન, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૪ વધીને રૂ. ૩૫૯૬, રૂ. ૧૯ વધીને રૂ. ૯૯૦, રૂ. ૧૮ વધીને રૂ. ૯૭૫, રૂ. ૧૭ વધીને રૂ. ૯૬૧ અને રૂ. ૧૦ વધીને રૂ. ૬૮૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો અને ડીલરોની લેવાલી ઉપરાંત સ્ટોકિસ્ટોની પણ છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૩૧૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૦૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૮૦ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજો રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૬૦ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

ખાંડમાં છૂટાછવાયા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૨થી ૩૯૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદર માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૯૭૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મથકો પાછળ સિંગતેલમાં ₹ 30 તૂટ્યા, આયાતી તેલમાં ધીમો સુધારો

નવેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૯.૭ ટકા ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ અને સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવના ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઘટી આવ્યાના અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવમાં રૂ. ૩૦નો ઘટાડો નોંધાયો હતો.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના ૧૬,૩૯,૦૮૯ ટન સામે ૧૯.૭ ટકા ઘટીને ૧૩,૧૬,૪૫૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ તથા ગોદરેજ એગ્રોવેટ, એવીઆઈ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૧૭, રૂ. ૧૨૫૦ અને રૂ. ૧૨૪૫થી ૧૨૪૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૫,૦૦૦ ગૂણીની અને ગત શુક્રવારની શેષ ૫૦,૦૦૦ ગૂણી મળી કુલ ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોંતી, પરંતુ અગાઉની શેષ ૧.૧૪ લાખ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૫૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



સોમનાથ મંદિરનો ૩૦'મો સંકલ્પ સિદ્ધિ દિવસ ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો હતો, આ પ્રસંગે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ નમાવ્યું હતું. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

કચ્છમાં બર્ફીલા ઠારનો પુનઃ ચમકારોઃ કંડલામાં ૧૦ ડિગ્રી સે.ન્યૂનતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડો પર તાજેતરમાં થયેલી હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ધીમા પગલે આક્રમણ કરવું શરૂ કર્યું છે ત્યારે રણપ્રદેશ કચ્છના બંદરીય કંડલામાં એકાએક લઘુતમ તાપમાનનો આંક સિંગલ ડિજિટની નજીક આવી જતાં જનજીવન પ્રભાવિત થયું હતું.

એક અઠવાડિયાં બાદ છેલ્લા ત્રણ-ચાર દિવસોથી ધૂંધળા માહોલના માર વચ્ચે કચ્છના કંડલા ખાતે ન્યૂનતમ તાપમાન ૧૦ ડિગ્રી સે. જયારે શીતમથક નલિયામાં લઘુતમ ૧૪ ડિગ્રી સે.જયારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ૧૬ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું જેમાં સતત ઉત્તર દિશાએથી વાતા વાયરાઓએ ઠંડીની ધાર વધુ તેજ બનાવતાં બપોરે પણ ઠંડીની ચમક વર્તાઈ રહી છે. ભુજ, નલિયા સહિતના મોટાભાગના સ્થળોએ સમીસાંજથી શેરી રસ્તાઓ પર ગરમ વસ્ત્રોમાં સજજ થયેલા લોકો જોવા મળ્યા હતા.

ખાવડાના અંધૌમાં શ્રમજીવીના મકાનમાંથી ₹૧.૩૫ લાખ, નલિયામાં બંધ ઘરમાંથી ₹૧.૪૧ લાખની મતાની ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છમાં બેખૌફ બનેલા તસ્કરોનો આતંક વધુ વ્યાપક બનતો જતો હોય તેમ સીમાવર્તી ખાવડાના અંધૌમાં રહેતા શ્રમિક પરિવારના બંધ રહેણાક મકાનમાંથી રૂ.૧.૩૫ લાખની જયારે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાની દરજી કોલોનીમાં આવેલાં એક બંધ ઘરમાંથી રૂ.૧.૪૧ લાખની મતાની તસ્કરો ચોરી કરી જતાં નાગરિકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

અંધૌમાં રહેનાર ભોજાભાઇ બુધાભાઈ વિશરીયાએ ખાવડા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત ૨૮-૧૧ના રોજ વહેલી સવારે તેઓ મજૂરીએ ગયા હતા. આ દરમ્યાન રાતના સમયે તિજોરીમાં રાખેલા રોકડા તથા દાગીનાની ચોરી થઈ હોવા અંગે પત્નીએ ફોન પર જાણકારી આપી હતી.

ઘરે આવીને તપાસ કરતાં તિજોરીમાંથી ૨૫,૦૦૦ રોકડા તથા ચાંદીનો હાર, મંગલસૂત્ર, બંગડી, હાથમાં પહેરવાની પોચી તથા સોનાનો ઓમ સહિત કુલ રૂ. ૧.૩૫ લાખની ચોરી કરવામાં આવી હતી. ખાવડા પોલીસે અજ્ઞાત તસ્કરોની ભાળ મેળવવા કવાયત આદરી છે.

બીજી તરફ, દરજી ફળિયામાં રહેતા આશાબેન ચિંતનગિરિ ગૌસ્વામીએ નલિયા પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના પતિ ચિંતનગિરિ ગળાના કેન્સરથી પીડિત હોઈ, તેઓ ઘરે જ રહે છે. ગત તા. ૧૨-૧૧ના સાંજે પાંચ વાગ્યે તેઓ બજાર ગયા હતા અને પતિ દવાખાને ગયા હતા.

છ વાગ્યા દરમિયાન તેઓ ઘરે પરત આવતાં સામાન વેરવિખેર જોવા મળ્યો હતો અને કબાટની તપાસ કરતાં દાગીના તથા રૂ.૧૮૦૦૦ની રોકડ ભરેલું પર્સ ગાયબ જણાયું હતું. આ ઉપરાંત સોનાનું મંગળસૂત્ર ૩૦ ગ્રામ, સોનાની વીંટી પાંચ ૧૫ ગ્રામ, સોનાની બુટી પાંચ ગ્રામ એમ વર્ષ ૨૦૧૦ના સોનાની કિંમતો મુજબ ૧.૨૩ લાખના દાગીના તથા રોકડ મળી કુલ્લ રૂ.૧.૪૧ લાખની મતાની માત્ર એક કલાકના સમયગાળામાં ચોરી થઇ હતી. પોલીસે આ ઘરફોડ અંગે ફરિયાદ નોંધી અજ્ઞાત તસ્કરોનું પગેરું દબાવવા તપાસ હાથ ધરી છે.

કચ્છના આદિપુરની ખસ્તાહાલ વેજિટેબલ માર્કેટનું ૧.૬૫ કરોડના ખર્ચે નવીનીકરણ થશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામની નવી મહાનગરપાલિકાના અસ્તિત્વમાં આવ્યા બાદ તાજેતરમાં કચ્છ આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૭૬ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત કર્યા બાદ નવા વિકાસનાં કાર્યોને ઝડપભેર પૂર્ણ કરવા માટેના આયોજન ઘડાઈ રહ્યાં છે.

ગાંધીધામના પરા સમાન આદિપુર શહેરમાં રૂપિયા ૧.૬૫ કરોડના ખર્ચે નવી અદ્યતન વેજિટેબલ માર્કેટ બનાવવામાં આવશે, તેમ જ મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં માર્ગ સુધારણા ઉપરાંત શૌચાલય તેમજ એનિમલ બર્થ કંટ્રોલ હેઠળ શ્વાનોના ખસીકરણ માટે ત્રણ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. આ તમામ કર્યો માટેની માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર વેજિટેબલ માર્કેટનું રૂ.૧,૬૫,૮૭,૨૬૦ના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે. અહીં વેપારીઓ માટે અંદાજિત ૯૦ પ્લેટફોર્મ્સ બનાવવામાં આવશે. વર્ષોથી આ શાક માર્કેટની સ્થિતિ ખરાબ છે. અહીં ગંદકીનું સામ્રાજ્ય હોતાં ચોમાસા દરમ્યાન સ્થિતિ વધુ ગંભીર બને છે. બીજી તરફ, સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલથી લઈને ગાંધી માર્કેટ સુધીની મુખ્ય બજારનાં દબાણ હટાવવામાં આવ્યાં હતાં. એ દરમિયાન લગભગ તમામ શૌચાલય તોડી પાડવામાં આવ્યા છે, તેના કારણે વેપારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સાઉથમાં પાર્કિંગ પ્લોટની આસપાસ મહાનગરપાલિકા દ્વારા ૬૪ લાખથી વધુના ખર્ચે ત્રણ શૌચાલય બનાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત રખડતાં શ્વાનોની સતત વધી રહેલી વસ્તીને ખાળવા માટે મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા ત્રણ કરોડના ખર્ચે એનિમલ બર્થ કંટ્રોલની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કાર્ય વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટના ધોરણે કરવામાં આવશે, જે એજન્સીને ટેન્ડર મળશે તેમણે સ્કૂલ-કોલેજ પાસેથી શ્વાનને પકડીને તેનું ખસીકરણ કરવાનું રહેશે. ઉપરાંત બીમાર પશુની સારવાર સહિતની એનિમલ બર્થ કંટ્રોલ હેઠળ કામગીરી કરવાની રહેશે તેવું જાણવા મળ્યું હતું.

ધ્રોલ ડેપોની માતાના મઢ-જામનગર રૂટની રાજ્ય પરિવહનની બસના શરાબના નશામાં ધૂત બસચાલકની ગાંધીધામમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ 'સલામત સવારી' તરીકે ઓળખાતી રાજ્ય પરિવહનની માતાના મઢ-જામનગર રૂટની બસના મુસાફરોને અસલામત સવારીનો અનુભવ કરવાનો વારો આવ્યો હતો જેમાં ગાંધીધામ શહેરના ઇફકો (ઉદયનગર)ના ગેટ પાસે ટાગોર રોડ પર શરાબના નશામાં ધૂત થયેલા ચાલકે અકસ્માત સર્જતાં એ-ડિવિઝન પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે ગાંધીધામ એ-ડિવિઝનના પોલીસકર્મી રવજીભાઇ લોંચાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, શહેરના ટ્રાફિકની અવરજવરથી સતત ગાજતા રહેતા ઇફકો સર્કલ પાસે એક એસ.ટી. બસ ચાલકને નશો કરેલી હાલતમાં જાગૃત લોકોએ રોકી લીધો હોવા અંગે જાણકારી પ્રાપ્ત થતાં તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

એક મુસાફરે તેમને જણાવ્યું હતું કે, બસસ્ટોપ પાસેથી આ બસ ઉપડી હતી અને થોડી વાર બાદ તેનો ચાલક વધુ પડતી તેજ ગતિથી જોખમી રીતે ચલાવી રહ્યો હતો. એકાદ વાર તેને બસને શાંતિથી ચલાવવાની વિનંતી પણ કરી હતી તેમ છતાં ભયજનક રીતે બસને ચલાવવાનું ચાલુ રાખ્યું હતું. શરાબની અસરમાં હોવાની શંકાના આધારે તીવ્ર ગતિથી દોડી રહેલી બસને સામાન્ય અકસ્માત બાદ થોભાવાઈ હતી. અહીં લોકોના એકઠા થયેલા ટોળાં વચ્ચે ધ્રોલ ડેપોની એસ.ટી. બસના ચાલક જામનગરના અભયસિંહ મહાવીરસિંહ જાડેજાની તપાસ કરતાં તે શરાબના નશામાં ધૂત જણાયો હતો. માતાના મઢ-જામનગર રૂટની બસ લઇ જનારા આ ચાલકે પોતાનું તથા અન્યોનું જીવન જોખમાય તેવું કૃત્ય કરી બેદરકારી દાખવતાં તેની વિરુદ્ધ ગુનો નોંધી, ધરપકડ કરાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

રાજકોટના જામનગર રોડ પર સાંઢિયા પુલના સમારકામ દરમિયાન પાણીનું ટેન્કર પલટી મારી ગયું હતું, જો કે સદ્‌નસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

ભાવનગર ઈસ્કોન મંદિર ખાતે ગીતા જયંતી મહોત્સવ ઉજવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં લીલા સર્કલ પાસે આવેલ ઇસ્કોન મંદિર હરે કૃષ્ણ ધામમાં ધામધૂમથી ગીતા જયંતી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આજથી સાડા પાંચ હજાર વર્ષ પૂર્વે કુરુક્ષેત્ર મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને શ્રીમદ ભગવત ગીતાનું જ્ઞાન આપ્યું હતું તે દિવસ એટલે મોક્ષદા એકાદશી.ભગવાન શ્રી દ્વારકાધીશના મુખારવિંદથી નીકળેલું ગીત એટલે શ્રીમદ ભગવત ગીતા ભગવદ ગીતામાં ૭૦૦ શ્લોક છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ ૫૭૪ શ્લોક બોલ્યા છે. અર્જુન ૮૪ શ્લોક બોલ્યા છે. સંજય ૪૧ શ્લોક બોલ્યા છે. ધૃતરાષ્ટ્ર ૧ શ્લોક બોલ્યા છે. શ્રીમદ ભગવદ્ ગીતા જયંતીના દિવસે હરે કૃષ્ણ ધામ ઇસ્કોન મંદિરમાં ભગવદ્ ગીતાના ૭૦૦ શ્લોક બોલી યજ્ઞમાં આહુતિ દેવામાં આવી હતી.શ્રીમદ્ ભગવત ગીતા જયંતી નિમિત્તે ઇસ્કોન મંદિરના ભક્તો ભાવનગર શહેરમાં અને તળાજા ગારિયાધાર જેવા શહેરોમાં ભગવદ ગીતા લઈને તેમનું વિતરણ

(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

કરવા માટે નીકળ્યા હતા.અને શ્રીમદ ભગવત ગીતાનું વિતરણ કર્યું હતું.

ઇસ્કોનના અધ્યક્ષ શ્રીમાન વેણુ ગાયકદાસજી જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૫૦૦૦ શ્રીમદ ભગવદગીતાનું વિતરણ કરવામાં આવ્યું છે.ગીતા જયંતી ઉપલક્ષમા કહ્યું હતુ. પ્રત્યેક ભક્તોએ શ્રીમદ ભગવત ગીતાનું અધ્યયન કરવું જોઈએ અને ગીતાના શ્લોકોને પાઠ કરી જીવનમાં વણવા જોઈએ. આગળમાં જણાવ્યું હતું કે જો તમારે જીવનની અંદર કામ ક્રોધ લોભ ઈર્ષા અને જીવનમાં વિજય પ્રાપ્ત કરવો હોય તો શ્રીકૃષ્ણની મુખારવિંદથી નીકળેલી આ ભગવત ગીતાને રોજિંદા જીવનમાં અપનાવો અર્જુનની સામે પિતામહ જેવા અમર યોદ્ધા હતા છતાં અર્જુનનો વિજય થયો તેનું કારણ એક જ હતું શ્રીકૃષ્ણ તેની સાથે હતા અમર યોદ્ધાને કોઈ હરાવી શકે તો કેવલ કૃષ્ણ જ હરાવી શકે બીજા કોઈ નો હરાવી શકે બસ કૃષ્ણ અને તેની વાણીને જીવનમાં લાવો આપણો બધે વિજય થશે.

જામનગરમાં જૂનું મકાન પડી જતા બે ઈજાગ્રસ્ત સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના કાલાવાડ નાકા બહાર મોટા પીર ચોક વિસ્તારમાં એક જૂનવાણી મકાન રાત્રીના પોણા ચાર વાગ્યા આસપાસ ધડાકાભેર તૂટી પડ્યું હતું. જેમાં બે જણ મકાનના તૂટેલા ભાગ નીચે દબાઈ ગયા હતા, જેને બહાર કાઢી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઉપરના માળે રહેતા બે બાળકો અને એક મહિલા સહી સલામત રીતે બચાવવામાં આવ્યા હતા. એસ્ટેટ શાખાએ મકાનનો બાકીનો જોખમી હિસ્સો તોડી પાડ્યો હતો.

આ ઘટનામાં ૫૮ વર્ષીય રઝિયાબેન સાટી અને ૬૧ વર્ષના હુસૈનભાઈ સાટીને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. મકાનનો દરવાજો દબાઈ ગયો હોવાથી બન્નેને બારી કાપી બહાર કાઢવામાં આવ્યા હતા.

ઉપરોક્ત મકાનનો બાકીનો જર્જરિત હિસ્સો, કે જે ધસી પડે તેમ હોવાથી સમગ્ર વિસ્તારને ખાલી કરી દેવામાં આવ્યો હતો.

ભાવનગરની કોર્ટે બળાત્કારના આરોપીને ૧૦ વર્ષની સજા વર્ષ અને ₹ દોઢ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના પાલિતાણા ગામે રહેતા ૨૭ વર્ષીય શખ્સે એક યુવતી સાથે દુષ્કર્મ કરેલ આ અંગેનો કેસ ભાવનગર ની અદાલતમાં ચાલી જતા અદાલતે આરોપી સામે ગુનો સાબિત માની ૧૦ વર્ષની સજા અને રોકડા રૂ. ૧,૫૦,૦૦૦ નો દંડ અને દંડ પૈકીની રકમ ૧,૨૫,૦૦૦ ફરીયાદીને વળતર પેટે ચુકવવા અદાલતે હુકમ કર્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે આ કામના આરોપી દિનેશભાઈ ઓઘાભાઈ વાઘેલા ઉ.વ.૨૭ રહે. ચુનાની ભાઠી આદપર રોડ, પાલિતાણા વાળો આ કામના ફરિયાદી સાતેક માસ પહેલા બપોરના આશરે બે વાગ્યે એક વાડી વિસ્તારમાં પીવાનું પાણી કૂવાએ ભરવા ગયેલ ત્યારે વાડીની બાજુમાં આવેલ નળ (વોકળુ) માં બહાર જવા જતા આ વખતે આરોપી દિનેશભાઈ ઓઘાભાઈ વાઘેલા ત્યા આવી ફરિયાદીને પકડી પછાડી બળજબરથી ફરિયાદીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ કરી ફરીયાદીને સાતેક માસનો ગર્ભ રાખી દઈ ફરિયાદીને આ બાબતે કોઇને વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યો હતો.

આ બનાવની ફરિયાદ ફરિયાદીએ પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશન માં ગત તા. ૨/૭/૨૦૨૦ ના રોજ ગુનો જાહેર થતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો. આ અંગેનો કેસ ભાવનગરના ત્રીજા એડી. સેસન્સ જજ એચ.એસ.દવે ની અદાલતમાં ચાલી જતા અદાલતે આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપી દિનેશભાઈ ઓઘાભાઈ વાઘેલા સામે આઈ.પી.સી. કલમ ૩૭૬ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી આરોપીને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રોકડા રૂ. ૧,૫૦,૦૦૦ નો દંડ તેમજ આઈ.પી.સી. કલમ ૫૦૬(૨) મુજબ તકસીરવાન ઠેરવી ૨ વર્ષની કેદની સજા તેમજ રોકડા રૂ. ૫,૦૦૦ નો દંડ અદાલતે ફટકાર્યો હતો. તેમ જ દંડ ભરે તેમાંથી અપીલ સમય બાદ રૂ. ૧,૨૫,૦૦૦ વળતર તરીકે ભોગ બનનારને ચુકવવા અદાલતે હુકમ કર્યો હતો.

લગ્નગાળામાં રાજકોટ મનપાની પણ કમાણી, તમામ કોમ્યુનિટી હોલ ફેબ્રુઆરી સુધી બૂક

અમદાવાદઃ દેશભરમાં લગ્નગાળો જામ્યો છે ત્યારે લગ્ન સમારંભો માટે યોગ્ય જગ્યાઓ મેળવવી મુશ્કેલ બની જાય છે. લગ્નગાળા દરમિયાન રાજકોટ મનપાના પણ હોલ બૂક થઇ ગયા છે. કમૂર્તાના સમયને બાદ કરતા લગભગ ફેબ્રુઆરી મહિના સુધી તમામ હોલ બૂક થઈ ગયા હોવાની માહિતી મળી હતી. વાજબી ભાડાવાળા મહાપાલિકાના કોમ્યુનિટી હોલમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં જ ૨૮ પૈકી ૨૬ હોલમાં ૩૭૦થી વધુ પ્રસંગના બૂકિંગ થઈ ગયા છે. જેમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય હોલ, યુનિ. રોડના કવિ અમૃત પારડી રોડના આનંદનગર, સંતકબીર રોડના મહારાણા પ્રતાપ, ઘાયલ હોલની ડિમાન્ડ સૌથી વધુ લાગી રહી હોવાનું મનપાના અધિકારીએ જણાવ્યું હતું.

ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ ગુરુવારથી રાજકોટમાં યોજાશેઃ દેશની ૩૨ ટીમ વચ્ચે રોમાંચક ટક્કર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ દેશની સૌથી પ્રતિષ્ઠિત રમતગમત સ્પર્ધાઓમાંની એક એવી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપની ૭૪મી સિઝન ચોથી ડિસેમ્બરના ગુરુવારથી લઈ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન રાજકોટમાં યોજાવાની છે. આ ટૂર્નામેન્ટ માટે તમામ પ્રકારનું આયોજન ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. રાજકોટ ખાતે યોજાઈ રહેલા આ ચેમ્પિયનશિપ માટે તૈયારી કરી દેવામાં આવી છે, જ્યારે સુરક્ષા સહિત અન્ય બાબતોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

મળતી વિગત મુજબ, આ રાષ્ટ્રીય સ્તરની હોકી ચેમ્પિયનશિપમાં ભારતનાં અલગ અલગ રાજ્યોના પોલીસ દળો, કેન્દ્ર સરકારના અર્ધલશ્કરી દળો અને ભારતભરની અન્ય સુરક્ષા એજન્સીઓની ૨૪ પુરુષ અને આઠ મહિલા ટીમો સહિત કુલ ૩૨ ટીમ ભાગ લેશે. આ ટુર્નામેન્ટ ભારતની સુરક્ષા વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતી દળોના ખેલાડીઓ માટે તેમની પ્રતિભા દર્શાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે.

હોકી ચેમ્પિયનશિપ માટે રાજકોટમાં બે મોટી જગ્યાઓ પસંદ કરવામાં આવી છે. જેમાં એક આધુનિક સુવિધાઓ ધરાવતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું મેદાન એટલે કે મેજર ધ્યાનચંદ હોકી સ્ટેડિયમ અને બીજું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડ અહીં અનેક રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપનું આયોજન થયેલું છે. આ બે જગ્યાએ આ આખી ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું છે. આ બંને મેદાનોમાં વિશ્વ કક્ષાની સુવિધાઓ અને તાલીમ માટે તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરી દેવામાં આવી છે. ખેલાડીઓ માટે ખાસ આરામ ગૃહો, તાલીમ ઝોન અને તબીબી સુવિધાઓ પણ સ્થાપિત કરવામાં આવી છે. જેથી ખેલાડીઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો સામનો ના કરવો પડે.

રાજકોટ શહેરના પોલીસ હેડક્વાર્ટર ગ્રાઉન્ડ ખાતે હોકી ચેમ્પિયનશિપનો ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના ડીજીપી વિકાસ સહાય મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ સાથે ભારતના અનેક સિનિયર અધિકારીઓ અને ખેલાડીઓ પણ ઉપસ્થિત રહેશે. આ હોકી ચેમ્પિયનશિપ માટે ત્રણ ડિસેમ્બરે રિહર્સલ યોજાશે. તારીખ ૧૪મી ડિસેમ્બરે સમાપન સમારોહ રાખવામાં આવશે. આ દરમિયાન વિજેતા ટીમ અને રનર અપ ટીમોને ટ્રોફી અને એવોર્ડ આપવામાં આવશે. સમાપન સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન સીએમ ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેવાના છે.

આ ચેમ્પિયનશિપમાં રાજકોટમાં યોજાઈ રહી છે તે રાજકોટ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. રાજકોટ શહેરમાં આ પહેલા પણ નેશનલ અને આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું છે. રાજકોટ શહેર આવી મોટી સ્પોર્ટ ઇવેન્ટ માટે સક્ષમ હોવાનું સાબિત થયેલું છે. આ હોકી ચેમ્પિયનશીપ માટે રાજકોટ શહેર પોલીસે ખાસ સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થાપન, સ્ટેડિયમ સુરક્ષા, તબીબી સહાય અને ખેલાડીઓના ભોજન અને રહેવાની તમામ વ્યવસ્થા કરી છે.

આ ચેમ્પિયનશિપમાં ટૂર્નામેન્ટમાં પંજાબ પોલીસ, પશ્ચિમ બંગાળ પોલીસ, SSB (પુરુષો), SSB (મહિલા), ઝારખંડ પોલીસ, મહારાષ્ટ્ર પોલીસ, મહારાષ્ટ્ર મહિલા પોલીસ, ત્રિપુરા પોલીસ, મધ્યપ્રદેશ પોલીસ, ITBP, કર્ણાટક પોલીસ, છત્તીસગઢ પોલીસ, CRPF (પુરુષો), CRPF (મહિલા), CISF, જમ્મુ અને કાશ્મીર પોલીસ, ચંદીગઢ પોલીસ, મણિપુર પોલીસ, રાજસ્થાન પોલીસ, ગુજરાત પોલીસ અને ગુજરાત મહિલા પોલીસની ટીમો ભાગ લેવાની છે.

આ ચેમ્પિયનશિપમાં આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ હાજરી આપવાના છે. જેમાં ઉત્તર પ્રદેશ પોલીસ દળ ટીમના ખેલાડી લલિત કુમાર ઉપાધ્યાય, ભારતીય ફિલ્ડ હોકી ખેલાડી આકાશદીપ સિંહ અને પંજાબ પોલીસમાં સેવા આપતા શમશેર સિંહ ખાસ હાજરી આપવાના છે.